بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-સપ્ટેમ્બર-૨૦૧૯**

ઝિલ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૪૦/૧૪૪૧

વર્ષ : ૧૬, અંક : ૦૯, સળંગ અંક : ૧૮૯

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧

Mo. 9427464411 (PhonePe/Paytm)

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |



: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ગુનાહોથી દૂરી અને તૌબા તથા ઈસ્તિગફાર | 04 |
| 02 | **મુસલમાનોની પડતીના સબબો અને તેનો સચોટ ઉપાય** | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 12 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 16 |
| 05 | સીરતે હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا | 18 |
| 06 | તઝકેરતુલ અવલિયા : હઝરત ઈબ્રાહીમ અદહમ | 21 |
| 07 | કાનૂને શરીઅત | 23 |
| 08 | ખુદાથી ડરવાના ફાયદાઓ | 25 |
| 09 | કર્બલામાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની કરામતો | 29 |
| 10 | વઅઝના જલસાઓની સુધારણા માટેની ચળવળ | 31 |
| 11 | સમુદ્રમાં મીઠા તથા ખારા પાણી વિશે : કુર્આન તથા સાયન્સ | 35 |
| 12 | ત્રણ તલાકના કાયદાના આઘાત પ્રત્યાઘાત | 39 |
| 13 | આ નિર્દોષોની જિંદગીની તબાહીનો જિમ્મેદાર કોણ ?! | 44 |
| 14 | દેવબંદી અકીદે કી ભીતર મેં | 45 |
| 15 | તમારું જાહેર તથા બાતિન એક બનાવો ! | 46 |
| 16 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


કલામ : હઝરત આલે રસૂલ સૈયદ શાહ હસ્નૈનમિયાં નઝમી મારહરવી رحمۃ اللہ علیہ

હુસૈન કે નામે પાક પર આજ નૂરી મેલા જો સજ ગયા હૈ
યહ નૂરે અહમદ કા હૈ તસદ્દુક હર એક નૂરી બના હૂવા હૈ
દરે નબી પર હુસૈન આએ હૈં, અર્ઝ કરને સલામે રૂખસત
લિપટ લિપટ કર મઝાર સે અબ, નવાસા નાના કા રો રહા હૈ
નબી કા યે લાડલા નવાસા, ખળા હૈ મૈદાં મેં ભૂકા પ્યાસા
વો જિસ્કા કૌષર પે હૈ ઈજારા, ઉસીકા સુખા હુઆ ગલા હૈ
ભતીજે બેટે હૈં ગિરતે જાતે, જિગર કે ટુકળે હૈં કટતે જાતે
હુસૈન આગે હૈં બળ્હતે હૈં જાતે, રવાં જિનાં કો યે કાફિલા હૈ
યઝીદિયોં કો પરે હટાએ, ફુરાત પર વો ઈમામ આએ
મગર યે પાની પિયે તો કૈસે, ખયાલ ઝૈનબ કા આ ગયા હૈ
હમારી સારી નમાઝે કુર્બાં, ઉસ એક સજદે કી અઝમતોં પર
વો સજદા જો ફાતિમા કે બેટેને કર્બલા મેં અદા કિયા હૈ
ખુદા કે રસ્તે મેં ઘર લૂટાના, હમેશા હક્ક કા હી સાથ દેના
યે વો સબક હૈ હુસૈનને જો, ગલા કટાકર હમેં દિયા હૈ
હુસૈન કા નામ ઔર માતમ ! નહીં યે એહલે સુનન કા શેવા
શહીદ મરતે નહીં હૈ **'નઝમી'** કુર્આન એલાન કર રહા હૈ

# ગુનાહોથી દૂરી અને તૌબા તથા ઈસ્તિગફાર

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*
**અનુવાદક : હાફેઝ મુહમ્મદસજ્જાદ પટેલ**
*(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

હાલમાં મુસ્લિમ ઉમ્મત પર ડર અનાં ભયનાં વાદળો છવાયેલાં છે અને ચારેવ બાજુએથી આવનાર દિવસો વિશે ખતરાઓ અને માનસિક તણાવ મહેસૂસ થઈ રહ્યો છે. આપણા દેશમાં કેટલાક દિવસોથી જે કાંઈ થઈ રહ્યું છે તે કોઈનાથી છુપુ નથી. ઈસ્લામી ઓળખ સાથે એકલા સફર કરવામાં પુરૂષ તથા સ્ત્રીઓ ડર મહેસૂસ કરતાં જોવાઈ રહ્યાં છે. દરેક વ્યક્તિ અજંપાનો શિકાર છે, દરેક બાજુ બેચેની તથા લાચારીનો આલમ જોવામાં આવી રહ્યો છે.

મુસ્લિમ ઉમ્મતની હાલત એ છે કે જ્યારે પણ આ પ્રકારનો કોઈ બનાવ બને છે તો તેમને દીનથી માર્ગદર્શન જરૂરી હોય છે. બીચારા લોકો ચાહે છે કે મુસીબત અને તકલીફમાં તેમને દીની રહનુમા જ કોઈ નુસ્ખો બતાવે, કોઈ હલ સૂચવે જેથી તે આ તકલીફમાંથી નીકળી શકે. આજે જ્યારે દીનની બેઝારીનો માહોલ વધતો જઈ રહ્યો છે છતાં આવા સમયમાં પણ મુસિલમ ઉમ્મત જો કોઈની શોધમાં હોય તો તે ઉલ્મા તથા મશાઈખ જ છે. જેના પર તે ભરોસો કરી શકે છે. તેમના થકી બતાવેલ સુઝાવના તરીકા પર ચાલી શકે છે અને તેમના માર્ગદર્શન હેઠળ પોતાની દિશા નક્કી કરી શકે છે.

એટલા માટે ડર તથા ખોફના વાતાવરણથી નીકળ વાનો રસ્તો શું છે ? કુર્આને મુક઼દસની રોશનીમાં અમે શોધવાની કોશિશ કરી તો અલ્હમ્દુલિલ્લાહ ! એક આયતે મુબારકાએ મને બેખોફ થવાનો રસ્તો બતાવ્યો. આ આયતની રોશનીમાં આપણા બુઝુર્ગોના બેખોફ રહેવાનું કારણ પણ જાહેર થયું. તેમની બેબાકી તથા સરફરોશીના જઝબાનું કારણ પણ સમજવામાં આવ્યું. અલ્લાહ તઆલા કુર્આનમાં ઈર્શાદ ફર્માવે છે :–

قُلْنَا اهْبِطُوْا مِنْهَا جَمِيْعًا ۚ فَاِمَّا يَاْتِيَنَّكُمْ مِّنِّيْ هُدًى فَمَنْ تَبِعَ
هُدَايَ فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿۳۸﴾

''અમે ફર્માવ્યું, તમે બધા જન્નતથી ઉતરી જાવ પછી જો તમારી પાસે મારા તરફથી કોઈ હિદાયત આવે તો જે કોઈ હિદાયત મુજબ કરશે તો તેને ન કોઈ ડર છે ન કોઈ રંજ.''

*–(સૂરએ બક઼રહ, આ. ૩૮, કન્ઝુલ ઈમાન)*

આ એ નુસ્ખો છે જે મુસ્લિમ ઉમ્મતની તકલીફો દૂર કરી શકે છે. અને તેમની ડૂબતી નાવડીને કિનારા પર લાવી શકે છે. ઉપરોક્ત આયતે કરીમામાં ફર્માવવામાં આવ્યું કે અલ્લાહ તઆલાએ બધાને હુકમ આપ્યો કે જમીન પર ઉતરી જાવ અને જ્યારે મારા તરફથી તમારા માટે કોઈ હિદાયત આવે તો જે કોઈ પણ હિદાયત પર અમલ કરશે તો તેને ન કોઈ ડર હશે ન કોઈ ગમ. જાણવા મળ્યું કે ઈસ્લામ પર અમલ કરીને અને દીન મુજબ ચાલવાથી અલ્લાહ તઆલા તાકાત આપે છે અને ખુદાની મખ્લૂક઼ના ડરથી બેપરવા કરી દે છે. ૩૧૩ જણ બદ્રના મેદાનમાં આગળ રહ્યા અને ૨૨ હજારના મુકાબલામાં ઈમામે આલી મક઼ામને કોઈ ડર ન હતો. સૌથી મોટુ તેનું કારણ એ હતું કે તેઓ અલ્લાહના ક઼ાનૂન તથા રસૂલુલ્લાહ ﷺના ક઼ાનૂન પર અમલ કરવાવાળા હતા. અને આજે આપણો હાલ એ છે કે ખબર વાંચીને ડરી જઈએ છીએ, તેનું એક જ કારણ છે ગુનાહ ! ગુનાહ ! અને ગુનાહ !

વધુ પેજ 34 પર..

# મુસલમાનોની પડતીના સબબો અને તેનો સચોટ ઉપાય

**તંત્રી લેખ...**

**શોર હૈ હો ગએ દુન્યાસે મુસલમાં નાબૂદ**
**હમ યહ કહતે હૈં કે થે ભી કહીં મુસલમાં મૌજૂદ ?!**
**વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુન હુનૂદ**
**યહ મુસલમાં હૈ કે જિસે દેખ કે શરમાએ યહૂદ**
**યૂં તો સૈયદ ભી હો, મિર્ઝા ભી હો, અફઘાન ભી હો**
**તુમ સભી કુછ હો બતાઓ તો મુસલમાન ભી હો ?!**

*–(ડો. ઈકબાલ)*

**જિસમેં પાસે શરીઅત ન ખૌફે ખુદા**
**વો રહા કયા રહા, વો ગયા કયા ગયા**
**એક તસ્વીર થી જો મિટા દી ગઈ**
**યહ ગલત હૈ મુસલમાન મારા ગયા**

*–(શૈખુલ ઈસ્લામ)*

**આ**જકાલ દેશમાં આ પ્રશ્ન ખૂબ જ ચર્ચા હેઠળ છે કે મુસલમાનોને ઠેરઠેર દબાવવામાં આવી રહ્યા છે, સતાવવામાં આવી રહ્યા છે, એકલ દોકલ વ્યક્તિને પકડીને ટોળા (મોબ લીચિંગ) થકી અસહ્ય મારપીટ કરી કુફ્રી કલામ બોલવા મજબૂર કરીને મારી નાખવામાં આવે છે, દેશમાં જાણે ગુંડારાજ સ્થાપિત થયું હોય તેમ આતંકનો માહોલ ખડો કરવામાં આવી રહ્યો છે, વળી કેટલાય પ્રસંગોમાં રક્ષકો જ ભક્ષક બની ગયેલા જોવા મળે છે વગેરે. સૌ જાણે જ છે કે ગુજરાતમાં વિશેષતઃ છેલ્લા વીસેક વરસોમાં તથા કેટલાક સમયથી દેશભરમાં શું શું થયું અને શું શું થઈ રહ્યું છે. આવા સંજોગોમાં કહેવાતા મુસલમાનોના ચિંતકો જાત જાતના નુસ્ખા સૂચવી રહ્યા છે. ખાસ કરીને "મુસ્લિમ એકતા"ના નામ પર શીઆ, ખારજી, રાફઝી, અહલે હદીષ, વહાબી, દેવબંદી (ખુદા વ રસૂલ તથા સહાબાની ગુસ્તાખીના સબબે જેઓ અહલે સુન્નતથી બહાર થયા) વગેરે સૌ મતભેદો ભૂલીને એક થઈ જાવ એવી વાતો ભોળીભાળી પ્રજાને સમજાવવામાં આવી રહી છે. તો શું ખરેખર એ મતભેદો ભૂલીને સૌને મુસલમાન ભાઈ સમજી લેવામાં આવે ? શું આ મતભેદો મામૂલી છે કે કુર્આન હદીષની રૂએ કુફ્ર ઈસ્લામનો એમાં સવાલ છે ? બેશક ! બાતિલ ફિર્કાઓના એ મતભેદો ખુદા વ રસૂલ વિશે કુર્આની માન્યતાથી વિમુખ લઈ જનારા છે, એમાં સમાધાન કરવું એટલે દુનિયવી જીવનની સલામતી માટે આપણા ઈમાનનો સોદો કરવું છે. જેથી સર્વ ફિર્કાવાળાને મુસલમાન ભાઈ ભાઈ સમજવું અશક્ય બાબત છે. હા ! એવો પ્રસંગ હોય જેમાં ગવર્નમેન્ટ સામે મુસલમાનો સંબંધી કાંઈક રજૂઆત કરવાની હોય તો એટલો સમય સાથ આપવા પૂરતી એકતા શક્ય છે, કેમ કે એઓ તો સૌને મુસલમાન જ સમજે છે, જેથી એમાં આમ મુસલમાનોની ભલાઈ હોવાનું વિચારી જે તે પ્રસંગ પૂરતુ જોડે રહી શકાય, પણ તેમને ભાઈ ભાઈ સમજી ગળે લગાડવું એ કદાપિ શક્ય થશે નહીં, અને જેઓ એવું કરશે તેઓ જાનના બદલે ઈમાનનો સોદો કરી બેસશે એ નિશ્ચિત છે. વળી "કોમી એકતા"ના નામે કેટલાક રાજકારણીઓ કૌમને અવળા માર્ગે દોરે છે, પોતે મંદિરોની આરતીમાં, રથયાત્રાઓમાં, પૂજામાં વગેરે એ પ્રકારના પ્રોગ્રામોમાં ભાગ લે છે.... વગેરે, તો એવી એકતા જહન્નમમાં જવાનો સબબ છે. વતનીભાઈ તરીકે મેળ મહોબ્બતથી સામાજિક વહેવાર

રાખવો, એકબીજાને કામ લાગવું તથા સહકારની ભાવના સાથે રહેવું અલગ ચીજ છે પણ ધર્મોમાં ભેળસેળ શક્ય નથી. જુઓ ! જાન તો એક દિવસ જવાની જ છે અને તે કેવી રીતે અને કયારે જશે તે આપણી પેદાઈશ પહેલાં જ રબે નિશ્ચિત કરી આપેલ છે, વહેલી કે મોડી, જે રીતે પણ જશે પણ જશે જ ! હમેશાં અહીં રહેવાનુ નથી, પણ ઈમાન જશે તો હમેશાંની જિંદગી આખેરત બર્બાદ થઈ જશે એ ભૂલવું ન જોઈએ. આવો ! કુર્આન હદીષ તથા સહાબા તેમજ તાબઈનની જિંદગી પરથી એનો હલ શોધીએ.

કુર્આનમાં રબ તઆલાનું ફર્માન છે : وَمَآ اَصَابَكَ مِنْ سَيِّئَةٍ فَمِنْ نَّفْسِكَ ''તમને જે બુરાઈ પહોંચે તે તમારા પોતાના તરફથી જ છે.'' *(સૂ. નિસાઅ, ૪/૭૯)*

બીજી જગાએ બતાવવામાં આવ્યું છે કે : وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ ''અને તમને જે મુસીબત પહોંચી તે એના સબબે છે જે તમારા હાથોએ કમાણી કરી, અને ઘણુ બધુ માફ કરી આપે છે.'' *(સૂ. શૂરા, ૪૨/૩૦)*

આ પરથી જાણવા મળ્યું કે દુનિયાનું બંધારણ ખુદાએ એ પ્રમાણે બનાવ્યું છે કે અહીં કોઈને કોઈ બીજા ઉપર ઈખ્તિયાર નથી, અહીં દરેક માણસ તથા દરેક ગૃપ પોતાનાં જ કરતૂતોનો અંજામ ભોગવે છે. **માણસ પર જ્યારે પણ કોઈ મુસીબત પડે તો તેણે જોઈએ કે તેનો સબબ તે બહાર ન શોધે, બલ્કે ખુદ પોતાની અંદર જ શોધી કાઢે, કેમ કે એનો સબબ યક઼ીની તૌર પર ખુદ તેની અંદર મૌજૂદ હશે.**

## સહાબાના સમયનાં અમુક દષ્ટાંતો જે આપણી નસીહત માટે છે

રસૂલુલ્લાહ ﷺના જમાનામાં એનાં બે દષ્ટાંતો મૌજૂદ છે. એક ગઝવએ ઓહદ (હિ.સ. ૩)ની તકલીફો તથા ગઝવએ હુનૈન (હિ.સ. ૮)માં ઉપસ્થિત થનારુ જબરદસ્ત નુકસાન. કુર્આનમાં આ બંનેવ ગઝવાતનું વર્ણન છે અને બંનેવમાં એ અંદાઝ છે કે ઈસ્લામના દુશ્મનો વિરૂધ્ધ વિરોધ પ્રદર્શિત કરવાને બદલે ખુદ મુસલમાનો પર એની જિમ્મેદારી નાખવામાં આવી.

**ઓહદના** જંગમાં હુઝૂર ﷺએ ૪૦ મુજાહિદોની એક ટુકડીને હુકમ આપેલો કે જ્યાં સુધી હું ન કહું આ સ્થળેથી હટશો નહીં, જ્યાં પહાડ પાછળથી આવીને દુશ્મનોના હુમ્લાની શક્યતા હતી. જંગ શરૂ થતાં મુસલમાનોની શરૂમાં જીત થઈ અને કાફિરો કેટલાક કતલ થયા અને બાકીના નાસી છૂટયા તો માલે ગનીમત ભેગો કરવામાં કેટલાક મુજાહિદો લાગી ગયા. એ જોઈને પેલી ટુકડી એવું સમજી કે આપણી જીત થઈ ગઈ, કાફિરો ભાગી ગયા તો હવે અહીં રહેવાની જરૂરત નથી. (આ ખતાએ ઈજતેહાદી હતી જેને હુઝૂર ﷺની નાફર્માનીના કારણે કુર્આનમાં ગુનાહ શબ્દથી સંબોધેલ છે) અમુકે ત્યાંથી હટવાની ના પાડી અને ત્યાં જામેલા રહ્યા અને ત્યાંથી એ ટુકડીના મોટાભાગના હટી જવાથી પાછળથી કાફિરો હુમ્લો કરે છે અને મુસલમાનોનું મોટુ નુકસાન થાય છે, જેમાં હુઝૂર ﷺ પણ ઝખ્મી થાય છે અને અફવા ફેલાય છે કે હુઝૂર ﷺ શહીદ થઈ ગયા જેથી મુસલમાનોના લશ્કરમાંના ઘણા નિરાશ થઈ ભાગી પડે છે. આ બાબતનો નિર્દેશ કુર્આનમાં છે, જો કે તેમને રબ તરફથી માફીનું એલાન પણ સંભળાવવામાં આવે છે. *(વધુ માટે જુઓ સૂ. આલે ઈમરાન, ૩/૧૫૨)*

**જંગે હુનૈન**માં ૧૨ હજારનું જંગી લશ્કર હતું તો કેટલાક મુજાહિદોની જીભેથી બડાઈમાં શબ્દો સરી પડયા કે, "આજે આપણા પર કોણ જીત મેળવી શકે છે !" તો પરિણામે એમાં પણ શરૂમાં જીત થઈ, દુશ્મનો ભાગી ગયા પણ પાછા વળીને હુમ્લો કર્યો તેમાં મુસલમાનોનું ખૂબ નુકસાન થયું. તેના વિશે કુર્આનમાં છે :–

"બેશક઼ ! ખરેખર ચોક્કસ અલ્લાહે તમોને મદદ કરી ઘણા મેદાનોમાં અને હુનૈનના દિવસે જ્યારે તમે તમારા સંખ્યાબળ પર ગર્વ કરતા હતા પરંતુ તે તમારા કંઈ જ કામ ન આવ્યું, અને જમીન વિશાળ હોવા છતાં તમારા માટે સંકોચાઈ ગઈ. પછી તમે પીઠ ફેરવી ભાગવા લાગ્યા. પછી અલ્લાહે પોતાના રસૂલ ﷺ પર અને મો'મિનો પર પોતાના તરફથી તસ્કીન (ઈત્મિનાન) ઉતારી. અને તે લશ્કર ઉતાર્યુ જે તમોને દેખાયું અને કાફિરોને અઝાબ આપ્યો અને આ જ સજા છે કાફિરો માટે અને અલ્લાહ તઆલા તૌબા ક઼બૂલ કરશે જેની ઈચ્છશે, અને અલ્લાહ عزوجل બખ્શનાર ઘણો જ મહેરબાન છે. *(સૂ. તૌબા, ૯/૨૫)* અહીં પણ મુસીબત તથા નુકસાનના સબબ ખુદને જ ઠરાવવામાં આવ્યા.

આ બંને પ્રસંગોમાં પૂર્ણપણે એ શક્ય હતું કે તેની સર્વ જિમ્મેદારી કુરૈશ (દુશ્મન) પર રાખી દેવામાં આવે અને તેમને એકપક્ષી રીતે ભલુ બુરૂ કહેવામાં આવે. પણ અલ્લાહ તઆલાએ જ્યારે આ બનાવો પર રિવ્યુ આપ્યું તો તેની સઘળી જિમ્મેદારી ફક્ત મુસલમાનો ઉપર નાખી. આ દૃષ્ટાંતો હમેશાં માટે દર્શાવી રહેલ છે કે આ પ્રકારના મામલાઓમાં મુસલમાનોની સોચ શું હોવી જોઈએ, એ કે તેઓ **વિરોધીઓની સાઝિશ (ષડયંત્રો)ની ચર્ચા કરવાને બદલે ખુદ પોતાનું નિરીક્ષણ કરે, તે પોતાની કમજોરીઓને દૂર કરીને પોતાના હરીફ પર જીત મેળવવાની કોશિશ કરે.**

જેમ કે કુર્આનમાં છે : وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ "અને ન સુસ્તી કરો અને ન ગમ કરો. તમો જ કામયાબ થશો, જો ઈમાનવાળા છો." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૩૯)* સાચા અર્થમાં મો'મિન જો અલ્લાહ વ રસૂલના કોઈ હુકમની અવગણના ન કરે, તો કામયાબી તેમના ક઼દમો ચૂમશે. ઈન્શા અલ્લાહ ! ભૌતિક રીતે ભલે તમને ન દેખાય, પણ આ અલ્લાહનો વાયદો છે.

## દુશ્મનથી જીત માટે સૌથી મહાન હથિયાર : અલ્લાહનો ડર !

આ વિષયની અધિક સ્પષ્ટતા માટે અહીં અમો ખલીફા ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہનો એક પત્ર રજૂ કરીએ છીએ જે તેમણે પોતાના અંડરમાં કામ કરતા એક ઓફિસરને લખ્યો હતો. રિવાયત છે કે ખલીફા ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہએ મન્સૂર બિન ગાલિબના નામે એક પત્ર રવાના કર્યો. જ્યારે તેમને અહલે હર્બના મુક઼ાબલાના માટે મોકલ્યા હતા. તેમાં લખ્યું છે કે, "તમે દરેક હાલતમાં તક઼વા (ખુદાના ડર) પર જામેલા રહો, કેમ કે **અલ્લાહનો ડર સૌથી શ્રેષ્ઠ તૈયારી** અને **સૌથી કામયાબ તદબીર** (યુક્તિ) અને **સૌથી મહાન શક્તિ** છે. **દુશ્મનથી બચવા માટે સૌથી અધિક મહત્વની ચીજ પોતે ગુનાહથી બચવું છે, કેમ કે ગુનાહ મારી દૃષ્ટિએ દુશ્મનની ચાલો કરતાંય અધિક ખતરનાક હોય છે.** આપણે દુશ્મનો પર તેમની ગુનેહગારીના સબબે કામયાબ થઈએ છીએ. જો એવું ન હોય તો આપણને કોઈ શક્તિ એમના ઉપર ન રહે, કેમ કે તેમની સંખ્યા તથા તેમની શક્તિ આપણા કરતાં વધારે છે. પછી જો આપણે અને તેઓ

બંનેવ ગુનેહગારીમાં બરાબર થઈ જઈએ તો તેઓ આપણા કરતાં શક્તિ તથા સંખ્યામાં અધિકતર થઈ જશે, આવી સ્થિતિમાં આપણે આપણી વર્તમાન શક્તિની સાથે તેમના પર કામયાબ નથી થઈ શક્તા. અને **તમે કોઈની અદાવતથી જેટલા ડરો છો એના કરતાં પણ ખુદ પોતાના ગુનાહોથી ડરો."**

## નિષ્ફળતા તથા પડતીનો સબબ પોતાનામાં જ શોધો ! બીજે નહીં !

ખલીફા રાશિદા હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝની આ નસીહતોનો ખુલાસો એ છે કે માણસની નિષ્ફળતાનો પડતીનો સબબ હમેશાં તેના પોતાનામાં હોય છે ન કે તેની બહાર.

પાયાની વાત એ છે કે આ દુનિયા ખુદાની દુનિયા છે ન કે કોઈ માનવીની. જેથી અહીં માણસને કેવળ પોતાની જાત પર ઈખ્તિયાર છે, કોઈ વ્યક્તિ કે કૌમને કોઈ અન્ય વ્યક્તિ તથા કૌમ પર કોઈ ઈખ્તિયાર હાંસલ નથી. એનો મતલબ એ છે કે અહીં જ્યારે પણ કોઈને કાંઈ મળે છે તો તે તેને ખુદા તરફથી મળે છે, ચાહે જાહેરી રીતે તે અન્યના ઝરીયાથી પહોંચ્યું હોય. એ જ પ્રમાણે અહીં જ્યારે પણ કોઈનાથી કાંઈ છીનવાય છે તો તે ખુદા તરફથી છીનવાય જાય છે, ભલે જાહેરમાં એને છીનવી લેનારો કોઈ અન્ય જોવામાં આવતો હોય. એટલા માટે બુદ્ધિશાળી તે છે જે બંનેવ હાલતોમાં ખુદાની તરફ રુજૂઅ કરે (પલ્ટે).

મુસલમાનોને બીજી કૌમોથી જે રીતે જુલ્મનો અનુભવ થઈ રહ્યો છે એના બારામાં સામાન્યતઃ તે **એક જ કામ** કરવામાં મશગૂલ છે અને તે છે જાલિમ કૌમો વિરૂધ્ધ વિરોધ પ્રદર્શન, પણ જુલ્મના નિવારણનો આ કોઈ સચોટ ઉપાય નથી. જ્યારે દરેક બનવાવાળો બનાવ ખુદાના તરફથી થાય છે તો યકીનન ! આ બનાવ પણ ખુદાની તરફથી ઉપસ્થિત થઈ રહ્યો છે. એટલા માટે એના પ્રતિભાવ કેવળ એ હોવા જોઈએ કે મુસલમાન અલ્લાહની તરફ વળે, **તે એ જાણવાની કોશિશ કરે કે ખુદાના મામલામાં તેનાથી કઈ ઉણપ થઈ છે જેની તેને આ સજા મળી રહી છે,** જેથી પોતાની ઉણપની સુધારણા કરીને તે ફરીથી પોતે પોતાને ખુદાની ઈનાયતો (ઈનામો)ને પાત્ર બનાવી શકે. જો આપના પર પથ્થર ઉપરની તરફથી આવી રહ્યા હોય અને તમો તેનો સબબ નીચેની તરફ તલાશ કરવા લાગો તો તમો કદાપિ પોતાની જાતને પથ્થરની વર્ષાથી બચાવવામાં સફળ થઈ શકશો નહીં.

## હઝરત ઉમર رضی اللہ عنہની દષ્ટ્રિએ જંગમાં નિષ્ફળતાનો સબબ

સહાબાએ કિરામની જિંદગી વિશે અભ્યાસ કરીશું તો આપણને આશ્ચર્યજનક બનાવો જોવા મળશે. દીન પર એમનું કેટલુ મજબૂત યકીન હતું તે જુઓ. ઈસ્લામના બીજા મહાન ખલીફા હઝરત ઉમર رضی اللہ عنہએ એક ફોજને દુશ્મનોના મુકાબલામાં રવાના કરી. કેટલાય દિવસો સુધી મુકાબલો ચાલતો રહ્યો પણ પરિણામ આવતુ ન હતું. જેથી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ એક પત્ર સેનાપતિના નામે લખ્યો કે, "હજુ સુધી જંગનુ કોઈ કામયાબી સાથે પરિણામ સામે નથી આવી રહ્યું, હજી સુધી કામયાબી નથી મળી રહી, તો વાત સમજમાં નથી આવતી ?! શક્ય છે એનું પરિણામ ન આવવાનો સબબ આ ત્રણ વાતોમાંથી એક વાત હોવી જોઈએ :–

**(૧)** ક્યાં તો શક્ય છે કે હે ફોજીઓ ! તમો મુકાબલા માટે તૈયાર તો થયા છો, પરંતું કદાચ તમારા

દિલમાં એ લોકોનો ભય ઘર કરી ગયો છે. અથવા **(૨)** તમારા દિલમાં દુનિયાની મહોબ્બત આવી ગઈ છે, અથવા તો પછી **(૩)** તમો કામયાબી નથી પામી રહ્યા તેનો સબબ એ હોય શકે છે કે તમો નબી કરીમ ﷺની કોઈ સુન્નત છોડી રહ્યા છો." આટલુ વાંચ્યા બાદ સેનાપતિએ સર્વ સૈનિકોને બોલાવ્યા અને જણાવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہનો પત્ર આવ્યો છે તેમાં તેમણે લખ્યું છે કે આ ત્રણ સબબોમાંથી કોઈ સબબ છે જેના કારણે આપણને જંગમાં કામયાબી નથી મળી રહી. તો અલ્લાહ ﷻનો શુક્ર છે કે અલ્હમ્દુલિલ્લાહ ! દુશ્મનોનો ડર આપણામાં નથી, અને સરકાર ﷺની સોહબતનું એ પરિણામ છે કે દુનિયાની મહોબ્બત પણ આપણા દિલમાં નથી, જેથી હવે આપણે તલાશ કરીએ કે હુઝૂર ﷺની કોઈ સુન્નત તો આપણાથી નથી છૂટી રહી ? સૌ વિચારવા લાગ્યા છેવટે એક સૈનિકે ઉભા થઈને અર્ઝ કરી કે, હે સેનાપતિ ! સરદાર ! મામલો એ છે કે કેટલાક દિવસોથી સરકારે મદીના ﷺની એક સુન્નત જે મિસ્વાક છે તેના પર અમારો અમલ નથી થઈ રહ્યો, તો શક્ય છે એના સબબે આપણે કામયાબ નથી થઈ રહ્યા. જેવું સૈનિકોએ મિસ્વાક વડે દાંતો માજવાનું શરૂ કર્યું તો દુશ્મનોની નજર એમના પર પડી અને તેમનામાં કુદરતી તૌર પર એક ડર છવાય ગયો કે મુસલમાનો દાંતને માંજી રહ્યા છે, સજાવી રહ્યા છે, તૈયાર કરી રહ્યા છે ! હવે થોડીવારમાં એઓ આપણને કાચા ચાવી જશે, જેથી જલ્દી મેદાન છોડીને ભાગી જાવ ! આ રીતે એક સુન્નત પર અમલ કરવાથી જંગ લડયા વિના જીત મેળવી લીધી. અલ્લાહે તેમને કામયાબી અતા કરી દીધી.

આ જ હઝરત ઉમર رضی اللہ عنہ સુન્નતોથી કેવી મહોબ્બત કરતા હતા તેનું એક દષ્ટાંત જોઈ લો. એકવાર હઝરત ઉમર رضی اللہ عنہ ઊંટને પકડીને આ ગલીથી પેલી ગલી અને પેલી ગલીથી આ ગલી, આ રીતે ઘુમાવી રહ્યા હતા. લોકોએ કારણ પૂછયું તો ફર્માવ્યું કે ખબર નહીં ! પરંતું એટલુ યાદ છે કે મેં એકવાર હુઝૂર ﷺને આવું કરતા જોયા હતા, જેથી હું તે સુન્નત અદા કરી રહ્યો છું, ક્યાંક એવું ન બને કે કોઈ સુન્નત અમારાથી રહી જાય.

તેમજ ખુદાના ડરનો આલમ હઝરત ઉમર رضی اللہ عنہના દિલમાં એ હતો કે કુર્આન શરીફમાં ખુદાના ડર સંબંધી આયત સાંભળતા તો બેહોશ થઈ જતા અને દિવસો સુધી બીમાર થઈ જતા ! આવી ખૂબીઓના માલિક હઝરત ઉમર رضی اللہ عنہને ત્યારે જ તો અલ્લાહે એવી કામયાબીઓ અતા કરી કે એમની ખિલાફતના દૌરમાં ઈસ્લામ દુનિયાના વિવિધ ખૂણાઓ તથા ખંડોમાં પહોંચી ગયો હતો. (વધુ માટે વાંચો કિતાબ "ઈસ્લામના બીજા ખલીફા હઝરત ઉમર رضی اللہ عنہ" **http://www.barkatekhwaja.net**)

સારાંશ કે અલ્લાહનો ડર રાખીને મુસલમાન જો જીવન જીવે તો તેની દરેક મુસીબતનો હલ રબ તઆલા તરફથી તેના મહબૂબ ﷺના સદકામાં થતો જોવા મળશે. અલ્લાહનો ડર હશે તો દરેક ગુનાહથી દૂર રહેશે. હવે ગુનાહો કયા કયા તે વિચારી લો ! હાથથી થતા, પગથી થતા, આંખોથી થતા, દિમાગથી થતા, દિલથી થતા, શરીરના અંગે અંગથી થતા ગુનાહોથી પાક રહેવાની કોશિશ કરવી તેનું નામ ખુદાનો ડર ! ભૂલથી ગુનાહો થઈ જાય તો તરત જ તૌબા ઈસ્તિગફાર કરી લેવું તેનું નામ ખુદાનો ડર, તક્વો !

## દરેક મુસીબતનો ઈલાજ : ખુદાનો ડર !

કુર્આને પાકમાં દરેક ચીજનું વર્ણન છે, દરેક મુસીબતનો ઈલાજ સમાયેલો છે, પણ અફસોસ કે આપણી

નજરો તથા દિલો દિમાગ જ્યારે કોઈ મુસીબત આવે છે તો કુર્આનને છોડીને દુનિયાભરમાં ભટકવા લાગે છે અને તેથી જ આપણે દુઃખી છીએ. કદી આપણે કુર્આનમાં ઈલાજ તલાશ કરવાની કલ્પના પણ નથી કરતા ! ઈલ્લા માશાઅલ્લાહ ! હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما આ જ કુર્આનના વિશાળ ઈલ્મ વિશે ફર્માવે છે કે, "જો મારા ઊંટના પગોની રસ્સી ગુમ થઈ જાય તો હું તેને કુર્આનમાં તલાશ કરી લઉં છું." સારાંશ કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین દરેક ચીજનો હલ કુર્આનમાં તલાશ કરતા હતા.

*ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએં ક્યૂં ?!*

ખઝાઈનુલ ઈર્ફાનમાં છે : હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ કહ્યું કે, એક માણસ આપની પાસે આવ્યો અને તેણે વરસાદ ઓછો પડવાની ફરિયાદ કરી. આપે તેને ઈસ્તિગફાર (ગુનાહોથી તૌબા) કરવાનું કહ્યું. બીજો માણસ આવ્યો તેણે નાદારી (મુફલિસી)ની ફરિયાદ કરી તેને પણ એ જ કહ્યું. પછી ત્રીજો માણસ આવ્યો તેણે વંશવૃદ્ધિ (ઔલાદ) ન થવાની ફરિયાદ કરી તેને પણ એ જ (ગુનાહોથી તૌબાનું) કહ્યું. પછી ચોથો માણસ આવ્યો તેણે જમીનના ઉપજ (ખેતી) બરાબર થતી ન હોવા શિકાયત કરી તેને પણ એ જ જવાબ આપ્યો. ત્યાં રબીઅ બિન સબીહ હાજર હતા તેમણે કહ્યું કે વિવિધ માણસો વિવિધ હાજતો લઈને આવ્યા તે બધાયને આપે એક જ જવાબ આપ્યો કે ઈસ્તિગફાર (ગુનાહોથી માફી ચાહો) ! ત્યારે આપે આ આયત પઢી સંભળાવી :

فَقُلْتُ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ؕ اِنَّهٗ كَانَ غَفَّارًا ۙ﴿۱۰﴾ يُّرْسِلِ السَّمَآءَ عَلَيْكُمْ مِّدْرَارًا ۙ﴿۱۱﴾ وَّ يُمْدِدْكُمْ بِاَمْوَالٍ وَّ بَنِيْنَ وَ يَجْعَلْ لَّكُمْ جَنّٰتٍ
وَّ يَجْعَلْ لَّكُمْ اَنْهٰرًا ؕ﴿۱۲﴾

"તમારા રબથી માફી માગો તે મહાન માફ કરનાર છે. તમારા પર મૂશળધાર **વરસાદ** મોકલશે, અને **દોલત** તથા **દીકરાઓ** વડે તમારી મદદ કરશે અને તમારા માટે **બગીચાઓ** બનાવી દેશે અને તમારા માટે નહેરો બનાવશે." *(સૂ. નૂહ, ૭૧/૧૦,૧૧,૧૨)*

દરેક મુસીબતનો હલ આપનાર કુર્આનને તો આપણા લોકો વરસમાં પણ અમુક જ હાથ લગાડે છે, તે પણ રમઝાનમાં અને મોટાભાગના તે પણ નહીં ! અને સમજીને પઢવાવાળા તો એકડ બેકડ કોઈ હશે ! જ્યારે કે આપણી નજાતનો સામાન તો એમાં જ છે, તેની સાથે આપણે આટલી નાઈન્સાફી કરી રહ્યા છીએ ! વિચારો ! આપણે કઈ રીતે રબથી ભલાઈની આશા રાખીએ છીએ ?!

## સાચા દિલથી અલ્લાહથી ડરવાનો ચમત્કાર !

હઝરત મૂસા علیہ السلامના જમાનામાં એકવાર બની ઈસ્રાઈલમાં દુકાળ પડયો. લોકોએ ભેગા મળીને હઝરત મૂસા علیہ السلامને અર્ઝ કરી કે, હે અલ્લાહના નબી ! તમારા પરવરદિગારથી દુઆ કરો કે અમારા પર વરસાદ વરસાવે. આપ તેમની સાથે જંગલની તરફ ચાલ્યા. તેઓ સિત્તેર હજાર બલ્કે કાંઈક અધિક હતા. આપે દુઆ ફર્માવી કે ઈલાહી ! અમારા પર વરસાદ નાઝિલ ફર્માવ અને તારી રહમત નાઝિલ ફર્માવી દે, અને દૂધ પીનારા બાળકો અને ચરનારાં જાનવરો અને ઘરડા નમાઝીઓના તુફૈલ અમારા પર રહમ ફર્માવ. પણ આસમાન પહેલાં કરતા પણ સાફ અને સૂર્ય પહેલાં કરતાં પણ વધુ ગરમ થઈ ગયો ! આપે એ જ વખતે અર્ઝ કરી કે ઈલાહી ! મારુ સ્થાન તારી સામે ઘટી ગયું છે તો હઝરત નબીયે ઉમ્મી મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلمના

વસીલાથી અરજ કરું છું કે જે નબીયે આખિરુઝ્ઝમાં થશે, અમારા પર વરસાદ વરસાવી દે ! વહી આવી કે હે મૂસા (علیہ السلام) તમારો મર્તબો મારી નજીક નથી ઘટયો અને ન તમારું સ્થાન ઘટયું છે, પરંતુ તમારામાં એક બંદો છે જે **૪૦ વરસથી ગુનાહો વડે મારો મુક઼ાબલો કરી રહ્યો છે !** તમે લોકોમાં એલાન કરી દો કે જેથી તે શખ્સ તમારામાંથી નીકળી જાય, તેના સબબે જ વરસાદ મેં રોકી લીધો છે.... આપે ઉભા થઈને એલાન કર્યુ કે તે ગુનેહગાર જે ૪૦ વરસોથી ગુનાહો થકી અલ્લાહનો મુક઼ાબલો કરી રહ્યો છે તે અમારામાંથી નીકળી જાય કે તેના કારણે અમારાથી વરસાદ રોકાયેલો છે. આ સાંભળીને તે ગુનેહગાર બંદો ઉભો થયો અને ચો તરફ જોયું પણ કોઈ અન્ય નીકળતુ ન દેખાયું જેથી તે બંદો સમજી ગયો કે મારા કારણે જ વરસાદ રોકાયો છે. તેણે વિચાર્યુ કે જો સૌની સામે નીકળીશ તો મારી બેઈજ્જતી થશે અને નહીં નીકળુ તો લોકો વરસાદથી મારા કારણે વંચિત રહેશે. છેવટે તેણે રડી રડીને ખુદાની બારગાહમાં સાચા દિલથી તૌબા કરી અને ફરી ગુનાહો ન કરવાનો પાકો અહદ કર્યો તો વરસાદ પડવો શરૂ થઈ ગયો. હઝરત મૂસા علیہ السلامએ અર્ઝ કરી, ઈલાહી ! હજી તો કોઈ મેહફિલથી નીકળ્યું નથી પછી આ વરસાદ શાથી ?! ફર્માવ્યું, હે મૂસા ! જેના કારણે વરસાદ રોકાયો હતો હવે તેના સબબે જ વરસાદ પડયો છે ! (કે તેણે મારા ડરથી સાચી તૌબા કરી છે.)

## આજે આપણો શું હાલ છે ? કયો ગુનોહ છે જે આપણે છોડયો છે ?!

બસ, અંતમાં દર્દભરી અપીલ છે કે મુસલમાનો જો તમો અલ્લાહ વ રસૂલ પર ઈમાન ધરાવો છો તો કોઈને નહીં, જાતે પોતે દરેક વ્યક્તિ પોતાની જાતને પૂછે, પોતાની જાતનું નિરીક્ષણ કરે કે સવારથી લઈને સૂતા સુધી અલ્લાહની કેટલી નાફર્માનીઓ પોતે કરે છે. પોતાના દીદારને જુએ, પોતાનાં કરતૂતોને જુએ, પોતાની રોજી વિશે વિચારે તથા પોતાનું નિરીક્ષણ કરે કે પોતે શું શું નેકીઓ કરી અને શું શું ગુનાહો કર્યા ?! જેથી જો કુર્આન પર ઈમાન છે અને દુનિયા તથા આખેરતની મુસીબતોથી છૂટવા ચાહો છો તો તાત્કાલિક ધોરણે ગુનાહોથી સાચી પાકી તૌબા કરી લો ! રબ તઆલા عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ "દરેક ચીજ પર શક્તિમાન છે." *(સૂ. બક઼રહ, ૨/૨૮૪)* તે દરેક સમસ્યાનો હલ કરી આપશે. જો સાચા અર્થમાં સર્વ મુસ્લિમ ખુદા તથા રસૂલે પાક ﷺના ચાહક બની જાય, સર્વ પુરૂષો સ્ત્રીઓ નમાઝી બની જાય, ચોરીથી, જૂઠથી, ઝિનાથી, બદ્નઝરીથી, બંદાઓના હક્કો મારવાથી, સર્વ હરામ ચીજોથી દૂર થઈ જાય, સર્વ સ્ત્રીઓ બાપર્દા બની જાય, સારાંશ તક઼્વો અપનાવે, ખુદાનો ડર દિલમાં જમાવી દે તો દુનિયાની કોઈ તાક઼ાત તમારું કાંઈ બગાડી શકશે નહીં. ખુદાનો વાયદો છે : وَاللّٰهُ وَلِیُّ الْمُتَّقِیْنَ "ડરનારાઓનો દોસ્ત અલ્લાહ છે." *(સૂ. જાષિઅહ્, ૪૫/૧૯)* તો અલ્લાહ પોતાના દોસ્તને કદાપિ બેઈજ્જત તથા ઝલીલ થવા દેશે નહીં. અલ્લાહ દરેક મો'મિનને તૌબાની તૌફીક઼ આપે. (આમીન) જો આ નથી થઈ શકતુ તો ભયાનક ભવિષ્યના માટે તૈયારી રાખજો ! અલ્લાહ હિફાઝત કરે.

*ગભરા ન શબે ગમસે અય દિલે નાદાં–વોહ કૌનસી શબ હય કે સવેરા નહી હોતા*

અલ્લાહ તબારક વ તઆલા આપણને ઈશ્કે મુસ્તફા ﷺ સાથે કુર્આનની તિલાવત તથા તેને સમજીને તેના સૂચવ્યા મુજબના માર્ગે ચાલવાની તથા રસૂલે પાક ﷺના ફર્માનોને જીવ જાનથી ચાહીને તેના પર અમલ કરવાની અને સરકાર علیہ الصلوٰۃ والسلامની સુન્નતો પર અડગતાથી અમલ કરવાની તૌફીક઼ અતા કરે. (આમીન)



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન


:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી,
એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

وَ اٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحْلَةً ؕ فَاِنْ طِبْنَ لَكُمْ
عَنْ شَیْءٍ مِّنْهُ نَفْسًا فَكُلُوْهُ هَنِیْٓــًٔا مَّرِیْٓــًٔا ۝٤ وَ لَا
تُؤْتُوا السُّفَهَآءَ اَمْوَالَكُمُ الَّتِیْ جَعَلَ اللّٰهُ لَكُمْ
قِیٰمًا وَّ ارْزُقُوْهُمْ فِیْهَا وَ اكْسُوْهُمْ وَ قُوْلُوْا لَهُمْ
قَوْلًا مَّعْرُوْفًا ۝٥ وَ ابْتَلُوا الْیَتٰمٰى حَتّٰۤى اِذَا بَلَغُوا
النِّكَاحَ ۚ فَاِنْ اٰنَسْتُمْ مِّنْهُمْ رُشْدًا فَادْفَعُوْۤا
اِلَیْهِمْ اَمْوَالَهُمْ ۚ وَ لَا تَاْكُلُوْهَاۤ اِسْرَافًا وَّ بِدَارًا اَنْ
یَّكْبَرُوْا ؕ وَ مَنْ كَانَ غَنِیًّا فَلْیَسْتَعْفِفْ ۚ وَ مَنْ كَانَ
فَقِیْرًا فَلْیَاْكُلْ بِالْمَعْرُوْفِ ؕ فَاِذَا دَفَعْتُمْ اِلَیْهِمْ
اَمْوَالَهُمْ فَاَشْهِدُوْا عَلَیْهِمْ ؕ وَ كَفٰى بِاللّٰهِ
حَسِیْبًا ۝٦ لِلرِّجَالِ نَصِیْبٌ مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ وَ

## સૂરએ નિસાઅ્ની તફસીર

અને સ્ત્રીઓને તેમની મહેર ખુશીથી આપો[૨૨૯] પછી તેણીઓ પોતાની દિલખુશીથી પોતાની મહેરમાંથી કાંઈક તમને (પાછુ) આપે, તો તે (તમને) ખપતું (છે, માટે) ખાવ[૨૩૦] (૪) અને મૂર્ખાઓને[૨૩૧] તેમનો માલ ન આપો જે તમારી પાસે છે, જેમને અલ્લાહે તમારું ગુજરાન (નું સાધન) બનાવ્યું છે. અને તેમને એમાંથી ખવડાવો અને પહેરાવો. અને તેમને સારી વાતો કહો[૨૩૨] (૫) અને યતીમોને અજમાવતા રહો[૨૩૩] ત્યાં સુધી કે તેઓ નિકાહ લાયક થાય તો જો તમે તેમની સમજશક્તિ સારી જુઓ. તો તેમના માલ તેમને સોંપી દો અને તે (માલ)ને હદ ઓળંગીને ન ખાવ. અને એવી ઉતાવળથી કે ક્યાંક ઉમર લાયક ન થઈ જાય, અને જેને જરૂરત (તેમના માલની) ન હોય તેઓ બચતા રહે (૨૩૪) અને જેઓ હાજતમંદ હોય તેઓ ખપ પૂરતું ખાય, પછી જ્યારે તમે તેમના માલ તેઓને સુપરત કરો ત્યારે તેમના પર સાક્ષી બનાવી લો, અને હિસાબ લેવા માટે અલ્લાહ પૂરતો છે (૬) પુરૂષો માટે હિસ્સો છે તેમાંથી જે મા બાપ અને સગાંઓ મૂકી ગયા, અને સ્ત્રીઓ માટે (પણ) હિસ્સો છે તેમાંથી

الْاَقْرَبُوْنَ ۪ وَ لِلنِّسَآءِ نَصِيْبٌ مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ وَ
الْاَقْرَبُوْنَ مِمَّا قَلَّ مِنْهُ اَوْ كَثُرَ ؕ نَصِيْبًا
مَّفْرُوْضًا ⑦ وَ اِذَا حَضَرَ الْقِسْمَةَ اُولُوا الْقُرْبٰى وَ
الْيَتٰمٰى وَ الْمَسٰكِيْنُ فَارْزُقُوْهُمْ مِّنْهُ وَ قُوْلُوْا لَهُمْ
قَوْلًا مَّعْرُوْفًا ⑧ وَ لْيَخْشَ الَّذِيْنَ لَوْ تَرَكُوْا مِنْ
خَلْفِهِمْ ذُرِّيَّةً ضِعٰفًا خَافُوْا عَلَيْهِمْ ۪ فَلْيَتَّقُوا اللّٰهَ
وَ لْيَقُوْلُوْا قَوْلًا سَدِيْدًا ⑨ اِنَّ الَّذِيْنَ يَاْكُلُوْنَ
اَمْوَالَ الْيَتٰمٰى ظُلْمًا اِنَّمَا يَاْكُلُوْنَ فِيْ بُطُوْنِهِمْ نَارًا ؕ
وَ سَيَصْلَوْنَ سَعِيْرًا ⑩ . يُوْصِيْكُمُ اللّٰهُ فِيْۤ
اَوْلَادِكُمْ ۗ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ ۚ فَاِنْ كُنَّ
نِسَآءً فَوْقَ اثْنَتَيْنِ فَلَهُنَّ ثُلُثَا مَا تَرَكَ ۚ وَ اِنْ
كَانَتْ وَاحِدَةً فَلَهَا النِّصْفُ ؕ وَ لِاَبَوَيْهِ لِكُلِّ وَاحِدٍ
مِّنْهُمَا السُّدُسُ مِمَّا تَرَكَ اِنْ كَانَ لَهٗ وَلَدٌ ۚ فَاِنْ لَّمْ
يَكُنْ لَّهٗ وَلَدٌ وَّ وَرِثَهٗۤ اَبَوٰهُ فَلِاُمِّهِ الثُّلُثُ ۚ فَاِنْ كَانَ
لَهٗۤ اِخْوَةٌ فَلِاُمِّهِ السُّدُسُ مِنْۢ بَعْدِ وَصِيَّةٍ يُّوْصِيْ
بِهَاۤ اَوْ دَيْنٍ ؕ اٰبَآؤُكُمْ وَ اَبْنَآؤُكُمْ لَا تَدْرُوْنَ اَيُّهُمْ
اَقْرَبُ لَكُمْ نَفْعًا ؕ فَرِيْضَةً مِّنَ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ كَانَ
عَلِيْمًا حَكِيْمًا ⑪

જે મા, બાપ અને સગાંઓ મૂકી ગયાં, વારસો થોડો હોય કે વધુ, હિસ્સો જે અંદાજ કાઢેલો[૨૩૫] (૭) પછી વહેંચતી વેળા (જો) સગા સંબંધી અને યતીમ અને મિસ્કીન[૨૩૬] આવી ચઢે. તો તેમાંથી તેમને કાંઈક પણ આપો[૨૩૭] ને તેમને સારી વાત કહો[૨૩૮] (૮) અને ડરે[૨૩૯] તે લોકો જે પોતાની પાછળ અશક્ત ઔલાદ છોડત તો તેમને કેવી ચિંતા તેમની રહેત, તો જોઈએ કે અલ્લાહથી ડરે[૨૪૦] અને સીધી વાત કરે[૨૪૧] (૯) તેઓ જે યતીમોનો માલ નાહક્ક ખાય છે. તેઓ તો પોતાના પેટોમાં નરી આગ ભરે છે[૨૪૨] અને કોઈ પળ વીતે છે કે (તેઓ) ધીખતા ખાડામાં જશે (૧૦) અલ્લાહ તમને હુકમ આપે છે[૨૪૩] તમારી ઔલાદ વિશે[૨૪૪] પુત્રનો ભાગ બે પુત્રીઓ જેટલો છે[૨૪૫] પછી જો માત્ર દીકરીઓ જ હોય. ભલે બેથી વધુ[૨૪૬] તો તેણીઓને વારસાનો બે તૃતિયાંશ ભાગ. અને જો એક છોકરી હોય તો તેણીનો અડધો ભાગ[૨૪૭] અને મરનારના મા બાપને દરેકને તેના વારસામાંથી છઠ્ઠો ભાગ જો મરનારને ઔલાદ હોય તો[૨૪૮] અને જો તેને ઔલાદ ન હોય અને (તેણે વારસદારોમાં) મા, બાપ છોડયાં[૨૪૯] તો માનો એક તૃતિયાંશ ભાગ, પછી જો તે (મરનાર)નાં બીજાં ભાઈ બહેનો હોય[૨૫૦] તો માનો છઠ્ઠો ભાગ[૨૫૧] કરેલી વસિયત અને કર્ઝ (ચૂકવ્યા) પછી[૨૫૨] તમારા બાપ અને તમારા દીકરા તમે શું જાણો કે તેમનામાં કોણ તમને વધુ ખપ લાગશે[૨૫૩] આ ભાગ નક્કી થયેલા છે અલ્લાહ તરફથી, બેશક ! અલ્લાહ ઈલ્મવાળો હિક્મતવાળો છે (૧૧)

## :: સમજૂતી ::

**૨૨૯** : આનાથી જાણવા મળ્યું કે **મહેરની હક્કદાર સ્ત્રીઓ છે, નહીં કે તેમના વાલી વારસો, જો વાલી વારસોએ મહેર લઈ લીધી તો તેમના માટે જરૂરી છે કે તેની હક્કદાર સ્ત્રીને આપી દે.**

**૨૩૦** : સ્ત્રીઓને અધિકાર છે કે તેણીઓ પોતાની મહેરમાંથી અમુક ભાગ પોતાના પતિઓ માટે માફ કરી દે અથવા પૂરી મહેર પણ માફ કરી દે, પણ મહેર માફ કરાવવા તેમને લાચાર કરવી અથવા તેણીઓ સાથે બુરી રીતે વર્તવું ન જોઈએ, કારણ કે અલ્લાહ તઆલાએ "طِبْنَ لَكُمْ" ફર્માવ્યું છે, જેનો અર્થ દિલી ખુશીથી માફ કરવાનો છે.

**૨૩૧** : જેઓ એટલી સમજદારી ધરાવતા નથી કે સમજી શકે કે માલ કયાં ખર્ચવો જોઈએ, તેને અસ્થાને ખર્ચે છે અથવા જો તેમની મરજી પર છોડી દેવામાં આવે તો જલ્દી વેડફી નાખે.

**૨૩૨** : જેનાથી તેમને સાંત્વન મળે. અને તેઓ પરેશાન ન થાય. દા.ત. કહેવામાં આવે કે આ માલ તમારો જ છે, તમો હોશિયાર થશો કે તરત જ તમને સોંપી દેવામાં આવશે.

**૨૩૩** : યતીમનો માલ ખાવાથી.

**૨૩૫** : જહાલતના સમયમાં સ્ત્રીઓ અને બાળકોને વારસામાં હિસ્સો આપતા ન હતા, આ આયતમાં તે રસમને નાબૂદ કરવામાં આવી.

**૨૩૬** : અજાણ્યા, જેમનામાંથી કોઈ મૈયતનો વારસદાર ન હોય.

**૨૩૭** : વહેંચણી પહેલાં, અને એ આપવું મુસ્તહબ છે.

**૨૩૮** : એમાં (સારી વાત કહેવામાં) સરસ કારણ (ન આપવું અથવા વધારે ન આપી શકવાનું, સારો વાયદો કે તમને પાછળથી આપીશું) અને દુઆએ ખૈર વિગેરે તમામ દાખલ છે. આ આયતમાં વારસામાંથી વારસદાર ન હોય એવા સગાંઓ, યતીમો અને મિસ્કીનોને કાંઈક અદા સદકા તરીકે આપવાનો અને સારી વાત કહેવાનો હુકમ આપ્યો છે. સહાબાના સમયમાં એના પર અમલ થતો હતો. મુહમ્મદ બિન સીરીન رضی اللہ عنہ કહે છે કે તેમના પિતાએ વારસા વહેંચણી વખતે એક બકરી ઝુબહ કરીને જમણ તૈયાર કર્યું, અને સગાંઓ, યતીમો, મિસ્કીનોને જમાડયું, પછી આ આયત પઢયા. ઈબ્ને સીરીને આ જ મતલબની એક રિવાયત ઉબેદા સલમાનીના હવાલાથી પણ બયાન કરી છે. તેમાં એવું પણ છે કે જો આ આયત ન આવી હોત તો એ સદકો હું મારા માલમાંથી કરત.

**પરિણામ** : જેને ત્રીજયું કહે છે અને જેનો રિવાજ મુસલમાનોમાં પ્રચલિત છે, તે પણ આ જ આયતનું અનુસરણ છે. એમાં સગાંઓ, યતીમો, મિસ્કીનો પર સદકો વપરાય છે, તેમજ કલેમા શરીફનું ખતમ, કુર્આને પાકની તિલાવત અને દુઆ (ફાતિહા) "કૌલે મઅરૂફ" છે, આમાં લોકોએ અયોગ્ય હઠ પકડી લીધી છે, અને કુર્આન શરીફમાં આટલુ સ્પષ્ટ બયાન હોવા છતાં તેઓ બુઝુર્ગોના આ વિશેના અમલનો આધાર શોધી શકયા નહીં. અને તેમણે પોતાના મંતવ્યને દીનમાં દાખલ કર્યું ને આ રીતે એક સારા કાર્યને રોકવા આગ્રહ સેવવા લાગ્યા. અલ્લાહ હિદાયત આપે.

**૨૩૯** : જેને વસિયત કરવામાં આવી હોય અને યતીમોના પાલકો અને તે લોકો જે મૃત્યુ સમયે મરનાર પાસે હાજર હોય.

**૨૪૦** : અને મરનારના સંબંધીઓ સાથે પ્રેમ સિવાય અન્ય વર્તણૂંક ન કરે જેનાથી તેની ઔલાદ પરેશાન થાય.

**૨૪૧ :** બીમાર પાસે તેના મૃત્યુ સમયે હાજર રહેનારાઓની સીધી વાત તો એ છે કે તેને સદક઼ા અને વસિય્યત વિશે એવો અભિપ્રાય આપે કે તે એટલા માલમાંથી કરે જેનાથી તેની "ઔલાદ" ગરીબ અને નાદાર ન બની જાય, અને જેને વસિય્યત કરવામાં આવી હોય તેની અને વલીની સીધી વાત એ છે કે તેઓ મરનારની ઔલાદ સાથે સદ્‌વર્તન રાખે જેમ કે પોતાની ઔલાદ સાથે રાખે છે.

**૨૪૨ :** અર્થાત **નાહક યતીમોનો માલ ખાવો આગ ખાવા સમાન છે કારણ કે તે અઝાબના કારણરૂપ છે.** હદીષ શરીફમાં છે કે **ક઼યામતના દિવસે યતીમોનો માલ ખાનારાઓને એવી રીતે ઉઠાડવામાં આવશે કે તેમની ક઼બ્રો તથા તેમનાં મોઢાં અને તેમના કાનોમાંથી ધુમાડા નીકળતા હશે જેનાથી લોકો ઓળખી જશે કે આ યતીમોનો માલ ખાનાર છે.**

**૨૪૩ :** વારસદારો બાબત.

**૨૪૪ :** જો મરનારે દીકરા દીકરીઓ બંને છોડયાં હોય તો.

**૨૪૫ :** એટલે કે દીકરીનો ભાગ દીકરા કરતાં અડધો છે, અને મરનારે બધા દીકરા જ છોડયા હોય તો બધો માલ તેમનો.

**૨૪૬ :** અથવા બે.

**૨૪૭ :** આનાથી માલૂમ પડયું કે જો એકલો છોકરો જ વારસદાર હોય તો બધો માલ તેનો થશે, કારણ કે ઉપર છોકરાનો ભાગ છોકરીઓથી બમણો બતાવવામાં આવ્યો છે, તો જ્યારે એકલી વારસદાર છોકરીનો અડધો ભાગ થયો તો એકલા વારસદાર છોકરાનો એનાથી બમણો એટલે કે બધો માલ થયો.

**૨૪૮ :** ભલે પછી છોકરો હોય કે છોકરી, કારણ કે એમાંથી દરેકને ઔલાદ કહેવામાં આવે છે.

**૨૪૯ :** અર્થાત માત્ર મા બાપ જ છોડયાં હોય તો, અને જો મા બાપ સાથે (પતિએ) પત્નીને અથવા (પત્નીએ) પતિને (પણ) છોડયો. તો તેનો હિસ્સો કાઢયા પછી જે વધે તેનો ત્રીજો ભાગ મળશે, નહીં કે બધા માલનો ત્રીજો ભાગ.

**૨૫૦ :** સગા હોય કે મત્રાઈ.

**૨૫૧ :** અને એક જ ભાઈ હોય તો તે માનો હિસ્સો ઘટાડશે નહીં.

**૨૫૨ :** કારણ કે વસિય્યત અને ક઼ર્ઝ વારસાની વહેંચણી કરતાં અગ્રસ્થાને છે, અને ક઼ર્ઝ તો વસિય્યત કરતાં પણ અગ્રસ્થાને છે. હદીષ શરીફમાં છે : اِنَّ الدَّيْنَ قَبْلَ الْوَصِيَّةِ (ક઼ર્ઝ વસિયત કરતાં પહેલું ચૂકવાશે.)

**૨૫૩ :** માટે હિસ્સા પાડવાનું તમારી મરજી પર છોડયું નથી.


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ**નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી** رحمۃ اللہ علیہ**ની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૪૨૫/-** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

# દર્સે હદીષે પાક એટલે

## મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

*હઝરત અલ્કમા ઈબ્ને વક્કાસ رضی اللہ عنہ થી રિવાયત છે[1] ફર્માવે છે કે હું હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ની પાસે હતો ત્યારે તેમના મોઅઝ્ઝિને અઝાન આપી. હઝરત મુઆવિયહ رضی اللہ عنہ એ પણ તે જ કહ્યું જે મોઅઝ્ઝિને કહ્યું ત્યાં સુધી કે જ્યારે તેણે હય્ય અલસ્સલાહ કહ્યું તો આપે ફર્માવ્યું લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ. પછી ફરી જ્યારે હય્ય અલલ ફલાહ કહ્યું તો આપ رضی اللہ عنہ એ લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ અલીય્યિલ અઝીમ કહ્યું[2] ત્યારબાદ તે જ કહ્યું જે મોઅઝ્ઝિને કહ્યું. પછી ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને આ જ ફર્માવતાં સાંભળ્યા. (અહમદ)*

**૧.** આપ લૈષી છે. હુઝૂર صلی اللہ علیہ وسلم ના જમાનામાં પૈદા થયા, શયખે ફર્માવ્યું કે તાબઈ છે, પણ મિર્કાતમાં છે કે સહાબી છે, જંગે ખંદકમાં હાજર થયા. અબ્દુલ મલિક ઈબ્ને મરવાનના જમાનામાં મદીના પાકમાં વફાત પામ્યા.

**૨.** એટલે કે હય્ય અલસ્સલાહ તથા ફલાહ પર કેવળ લાહૌલ શરીફ પઢી. એ કલમા નથી દોહરાવ્યા. અમુક ઉલમાનો એ જ અમલ છે, પણ અધિક કવી (મજબૂત) એ છે કે એ કલમા પણ દોહરાવે અને લાહૌલ શરીફ પણ પઢી લે, જેમ કે અગાઉ વર્ણવવામાં આવી ચૂક્યું. જાહેર છે કે આપે હય્ય અલસ્સલાહ પર પણ પૂરી લાહૌલ જ પઢી હશે પણ રાવીએ ટૂંકાવી કાઢેલ છે.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી કરીમ صلی اللہ علیہ وسلم ની સાથે હતા એવામાં હઝરત બિલાલ અઝાન દેવા ઉભા થયા. જ્યારે ખામોશ થયા તો હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે યકીનની સાથે આ પ્રમાણે કહ્યા કરે જે એણે કહ્યું તે જન્નતમાં દાખલ થશે[1]. (નિસાઈ)*

**૧.** જાહેર એ છે કે એનાથી અઝાનનો જવાબ મુરાદ છે, એટલે કે ઈમાન લાવીને આ કલમા દોહરાવ્યા તો જન્નતી છે. જો કાફિર મજાકના રૂપે અઝાનની નકલ કરે તો તેના કુફ્રમાં ઔર વધારો થશે. એમાં નિર્દેશ છે કે જ્યારે અઝાન દોહરાવવાનો આ સવાબ છે તો અઝાન આપવા પર શો સવાબ થશે ?!

*હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم જ્યારે મોઅઝ્ઝિનને શહાદતો કહેતાં સાંભળતા તો ફર્માવતા, અને હું પણ ! અને હું પણ ! [1]. (અબૂ દાઊદ)*

**૧.** હું પણ અલ્લાહની તૌહીદ અને મારી રિસાલત પર ગવાહી આપુ છું. યાદ રાખશો કે આપણે તૌહીદ તથા રિસાલતની ગવાહી સાંભળીને આપી રહ્યા છીએ અને હુઝૂર જોઈને. કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلم એ રબની ઝાત તથા સિફતો અને સર્વ આલમે ગૈબનો આંખો વડે મુશાહિદો કર્યો છે. તેમજ હુઝૂર صلی اللہ علیہ وسلم ની નબુવ્વતનો ઈલ્મ આપણા માટે ઈલ્મે હુઝૂરી, કેમ કે રિસાલત આપનો પોતાનો વસ્ફ (ગુણ) છે. તેમજ હુઝૂરનો કલમો આ પણ હતો : અશહદુ અન્ન મુહમ્મદુર્રસૂલુલ્લાહ

તથા આ પણ કે અશહદુ અન્ન રસૂલુલ્લાહ "હું" અલ્લાહનો રસૂલ છું." ક્યારેક આ પ્રમાણે કલમો પઢતા હતા ક્યારેક તે રીતે. જો આપણે કહી દઈએ કે હું રસૂલુલ્લાહ છું તો કાફિર થઈ જઈએ. એક કલમો હુઝૂર ﷺના માટે કલ્મએ ઈમાન છે અને આપણા માટે કુફ્ર. અત્તહિય્યાતમાં આપણે પઢીએ છીએ : અસ્સલામુ અલૈક ઐયુહન્નબી હુઝૂર ﷺ ક્યારેક આ પ્રમાણે પણ પઢતા હતા અને ક્યારેક અસ્સલામુ અલૈક. *(અઝ મિર્કાત)*

*હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે બાર વરસ અઝાન આપે તેના માટે જન્નત વાજિબ થશે[1]. અને દરરોજ તેની અઝાનના બદલામાં સાઈઠ નેકીઓ અને તકબીરના બદલામાં ત્રીસ નેકીઓ લખવામાં આવે છે[2]. (ઈબ્ને માજહ)*

**૧.** પ્રથમ સાત વરસ અઝાન આપવા પર આગથી નજાતનો વાયદો કરવામાં આવ્યો હતો, અહીં ૧૨ વરસ પર જન્નતનો વાયદો છે. કેમ કે જેવો અઝાનમાં ઈખ્લાસ તેવો જ એના પર બદલો. **હઝરત બિલાલને એક અઝાન પર તે સવાબ મળશે જે દુનિયાભરના મોઅઝ્ઝિનોને જીવનભરની અઝાનો પર મળશે નહીં.** અને બની શકે છે કે પ્રથમ બાર વરસની અઝાન પર જન્નતનો વાયદો કરવામાં આવ્યો હોય, પછી રહમતને વિશાળ કરતાં સાત સાલની અઝાન પર વાયદો કરવામાં આવ્યો. આ સ્થિતિમાં આ હદીષ પહેલીથી મન્સૂખ છે.

**૨.** એટલે કે તકબીરનો સવાબ અઝાનથી અડધો છે, કેમ કે તકબીર કેવળ મસ્જિદવાળાઓ માટે છે અને અઝાન સર્વ લોકો માટે હોય છે. તેમજ તકબીરમાં આસાની છે અને અઝાનમાં મહેનત છે, અને સવાબ મહેનતના પ્રમાણમાં મળે છે. મિર્કાતે ફર્માવ્યું કે આ સવાબ ૧૨ વરસનો મોઅઝ્ઝિન માટે ખાસ નથી, બલ્કે જે પણ ઈખ્લાસ સાથે અઝાન કહે તે ઈન્શાઅલ્લાહ ! આ સવાબ પામશે. બલ્કે અઝાન તથા ઈકામતનો જવાબ આપનાર પણ ઈન્શાઅલ્લાહ ! આ અરજ્નો મુસ્તહિક્ થશે. જેવું વર્ણન થઈ ગયેલી હદીષોથી જાણવા મળ્યું.

*તેમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે અમને મગરિબની અઝાનના સમયે દુઆનો હુકમ આપવામાં આવતો હતો[1]. (બયહક્રી દઅવાતે કબીર)*

**૧.** લગભગ એનાથી એ જ દુઆ મુરાદ છે જે હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاની રિવાયતમાં વર્ણન થઈ ચૂકી. યાદ રાખશો અમુક લોકો અઝાનની દુઆમાં હાથ ઉઠાવવાને મના કરે છે, પણ એ દુરુસ્ત નથી, જ્યાં મનાઈ કુર્આન હદીષથી સાબિત ન હોય ત્યાં સુધી કોઈને મના કરવાનો હક્ક શું છે ? દરેક દુઆમાં હાથ ઉઠાવવા સુન્નતથી સાબિત છે. જેવું કે દુઆઓના પ્રમાણમાં ઈન્શાઅલ્લાહ ! આવશે, સિવાય નમાઝની દુઆઓના, કે ત્યાં નમાઝમાં મશગૂલિયતના કારણે હાથ નથી ઉઠાવી શકતા. મુલ્લા અલી કારીએ મિર્કાતમાં ખાવાના પછીની દુઆમાં હાથ ઉઠાવવાને મના કર્યું છે, પણ એનું કારણ એ બતાવ્યું કે કદાચ અમુક લોકો હજી ખાવા ખાય રહ્યા છે. આ પણ એમની પોતાની રાય છે, અને એનું કારણ એ છે કે આ શરીઅતે મના કરેલ નથી. *(ક્રમશઃ)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

વિસાલ શરીફ : ૩ રમઝાનુલ મુબારક

## સીરતે હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا

હપ્તો ૦૪

**સંપાદક : હાફેઝ મુહમ્મદસજ્જાદ રઝવી**
*(ઈંગ્લિશ/કોમ્પયુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

### આસ્માન પર નિકાહ અને ફરિશ્તાઓની બારાત

હઝરત સૈયદુના ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ફર્માવે છે, "મેં જોયું કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام નો ચહેરો ખુશીથી ખીલી ઉઠયો. પછી આપ રહ્‌મતુલ્ લિલ્ આલમીન ﷺ હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ને જોઈને મુસ્કુરાયા અને ફર્માવ્યું, "હે અલી ! (کرم اللہ وجہہ الکریم) શું તમારી પાસે એવી કોઈ વસ્તુ છે કે જેનાથી તમે હઝરત ફાતિમા (رضی اللہ عنہا)નો મહેરનો હક્ક્ અદા કરી શકો." હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તમારાથી મારી હાલત છુપાયેલી નથી. મારી પાસે મારું બખ્તર, તલવાર અને પાણી ભરવા માટે એક ઊંટના સિવાય બીજું કાંઈ નથી. તો હુઝૂર રહ્‌મતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "પોતાની તલવારથી તો અલ્લાહની રાહમાં જેહાદ કરશો તો એના વગર તો ગુજારો નથી, અને ઊંટથી પોતાના ઘરવાળાંઓ માટે પાણી લાવશો અને સફરમાં પણ એના ઉપર તમારો સામાન રાખશો. પરંતુ બખ્તરના બદલામાં હું મારી બેટીનો નિકાહ તમારાથી કરું છું અને હું તમારાથી ખુશ છું. અને હે અલી ! તમોને મુબારક કે અલ્લાહે જમીન પર તમારા હઝરત ફાતિમાથી નિકાહ થતા પહેલાં આસ્માન પર તમારા બંનેના નિકાહ કરી દીધા છે અને તમારા આવતા પહેલાં આસ્માની ફરિશ્તો મારી પાસે હાજર થયો જેને મેં આ પહેલાં જોયો ન હતો. એને કેટલાય ચહેરા અને પાંખો હતી, તેણે આવીને કહ્યું, અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! (ﷺ) આપ ﷺને મુબારક મિલન અને પાકીઝા નસલની બશારત મુબારક થાય.

પછી હઝરત જિબ્રઈલ علیہ السلام એ આવીને સલામ કરી અને અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહે દુનિયા પર રહ્‌મતની નજર ફર્માવી અને આપ ﷺના માટે એક હબીબ, ભાઈ અને દોસ્ત નક્કી કરી તેની સાથે આપની બેટી હઝરત ફાતિમા (رضی اللہ عنہا)નો નિકાહ ફર્માવી દીધો છે. અને અલ્લાહ બધી જન્નતો અને હૂરોને સજવાનો, તૂબા ઝાડને ઝવેરાતથી શણગારવાનો અને ફરિશ્તાઓને ચોથા આસ્માન પર બૈતુલ મા'મૂર પાસે ભેગા થવાનો હુકમ આપ્યો છે. અને જન્નતના રિઝ્‌વાને અલ્લાહના હુકમથી બૈતુલ મા'મૂરના દરવાજા પર મિમ્બરે કરામત રાખી દીધો છે. આ એ જ મિમ્બર છે જ્યારે અલ્લાહ ﷻ હઝરત આદમ علیہ السلام ને દરેક ચીજ વસ્તુના નામ શિખવ્યાં હતાં ત્યારે તેમણે આ મિમ્બર પર ખુત્બો આપ્યો હતો.

પછી અલ્લાહના હુકમથી એ મિમ્બર પર રાહિલ નામના ફરિશ્તાએ અલ્લાહની શાન (હમ્દો ષના) બયાન કરી તો આસ્માન ખુશીથી ઝુમી ઉઠયુ. હઝરત જિબ્રઈલ علیہ السلام એ એ પણ બતાવ્યું કે અલ્લાહ ﷻએ મારા પર વહી ફર્માવી કે, "મેં મારા મહબૂબ બંદા અલીના નિકાહ મારી મહબૂબ બંદી અને મારા રસૂલ ﷺની બેટી ફાતિમા (رضی اللہ عنہا)થી કરી દીધા છે. તમે તેમનો નિકાહ કરી દો." બસ, મેં પણ અક્દે નિકાહ કરી દીધો. અને તેના પર ફરિશ્તાઓને ગવાહ બનાવ્યા અને અલ્લાહ ﷻએ તૂબાના વૃક્ષને હુકમ આપ્યો કે તેમના ઝવેરાતને ફેલાવે. જયારે તેણે પોતાના ઝવેરાતની બૌછાર કરી તો ફરિશ્તા અને હૂરોએ બધા

ઝવેરાતને વીણી લીધાં અને કયામત સુધી આ ઝવેરાતને એકબીજાને તોહફામાં આપતાં રહેશે. અને અલ્લાહે મને હુકમ આપ્યો કે બારગાહે રિસાલતમાં આ પૈગામ પહોંચાડી દો કે જમીન પર હઝરત ફાતિમા رضی اللہ عنہاની શાદી હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم થી કરી દો, અને હઝરત ફાતિમા رضی اللہ عنہا ને બે એવા શહઝાદાઓની બશારત આપી દો જે ખૂબ જ સારી સારી આદતો અને ફઝીલતના માલિક, પાકીઝા આદતો અને બંને જહાનમાં ભલાઈવાળા હશે.

પ્યારી બહેનો ! આસ્માન પર નિકાહ અને બૈતુલ મા'મૂર (ફરિશ્તાઓના કિ઼બ્લા)માં ફરિશ્તાઓની બારાત ફાતિમા બતૂલ અને મહબૂબે રસૂલ હઝરત અલી رضی اللہ عنہ નો ખાસ વસ્ફ (ખૂબી) છે.

પછી રહ્મતુલ્ લિલ્ આલમીન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "હે અલી ! હું તારા વિશે અલ્લાહનો હુકમ કાયમ કરી રહ્યો છું. તમે મસ્જિદમાં પહોંચી જાવ, હું પણ આવી રહ્યો છું. હું લોકોની હાજરીમાં તમારો નિકાહ કરાવીશ અને તમારા એ ફઝાઈલ બયાન કરીશ જેનાથી તમારી આંખોને ઠંડક પહોંચશે."

હઝરત સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે, "હું બારગાહે રિસાલતમાંથી જલ્દીથી નીકળ્યો. હું ખુશીના આવેશના કારણે બેકાબૂ થઈ ગયો હતો. જ્યારે રસૂલલ્લાહ ﷺ મસ્જિદમાં તશરીફ લાવ્યા તો તેમનો ચહેરો ખુશીથી ચમકી રહ્યો હતો. આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે તે મુહાજિર અને અન્સારને બોલાવવામાં આવે. જ્યારે બધા લોકો જમા (ભેગા) થઈ ગયા તો આપ علیہ الصلوٰۃ والسلام મિમ્બરે અક઼દસ પર તશરીફ લાવ્યા અને અલ્લાહની હમ્દો ષના બયાન કરી ઈર્શાદ ફર્માવ્યો, "હે મુસલમાનો ! થોડીકવાર પહેલાં હઝરત જિબ્રઈલ علیہ السلام મારી પાસે આવ્યા અને એ ખબર આપી કે અલ્લાહ ﷻ એ બૈતુલ મા'મૂરની પાસે ફરિશ્તાઓને ગવાહ બનાવીને મારી બેટી ફાતિમાના નિકાહ હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી કરી દીધા છે." અને મને પણ હુકમ ફર્માવ્યો કે જમીન પર એમનો નિકાહ કરી દો. હું તમને બધાને ગવાહ બનાવું છું કે મેં મારી બેટી ફાતિમા رضی اللہ عنہاના નિકાહ હઝરત અલી رضی اللہ عنہથી કરી દીધા છે. પછી હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ હઝરત સૈયદના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ને નિકાહનો ખુત્બો પઢવાનો હુકમ આપ્યો.

## નિકાહનો ખુત્બો

હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم એ ઉભા થઈ આ ખુત્બો પઢયો :

**તર્જુમો** : બધી જ તારીફ અલ્લાહના માટે છે અને તેના ઈનામો અને એહસાનો પર તેનો શુક્ર છે, હું ગવાહી આપુ છું કે અલ્લાહના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, એ એક છે, એનો કોઈ શરીક કે એના સમાન નથી. અને ગવાહી આપું છું કે મુહમ્મદ ﷺ તેના ખાસ બંદા અને રસૂલ છે અને ઈજ્જતવાળા અને અઝમતવાળી શાનવાળા રસૂલ છે. તેમના પર અને તેમની આલ ઔલાદ પર, એમના સહાબીઓ પર, એમની બીવીઓ અને ઔલાદ પર અલ્લાહ ﷻની રહ્મત થાય જે હુઝૂર ﷺને ખુશ કરી દે. (આમીન)

ત્યાર પછી ફર્માવ્યું, "નિકાહ અલ્લાહના હુકમ પર અમલ છે અને તેણે એની ઈજાઝત આપી છે. રસૂલુલ્લાહ ﷺએ મારા નિકાહ તેમની શહેઝાદી હઝરત ફાતિમા رضی اللہ عنہاના સાથે કરી દીધા છે અને મારી આ બખ્તરને મહરના તૌર પર નક્કી કરવામાં આવેલ છે. મજલિસમાં હાજર લોકોએ મુબારકબાદ આપતાં કહ્યું, "અલ્લાહ આપના જોડાને બરકત, ઈત્તેફાક઼ (મહોબ્બત) અતા ફર્માવે."

## દહેજ કેટલુ અને કેવું હોવું જોઈએ ?!

મખ્દૂમે કાઈનાત ﷺનું દહેજ કેટલુ સાદુ અને

ઓછુ હતું અને જે આપવામાં આવ્યું, મૌલાએ કાયનાત તરફથી એની પણ માગણી ન હતી. આમાં ઉમ્મત માટે દર્સ છે કે ઘણુ મોટુ અને તકલીફ વેઠીને વ્યવસ્થા કરવી જરૂરી નથી અને ન છોકરાવાળા એની માગણી કરે. આ સુન્નત જેટલી સાદગીથી અદા કરવામાં આવે એ સારુ છે.

"મા બાપ કેટલાક કપડાં, ઝવેરાત, સામાન, વાસણ, પલંગ, બિસ્તર, મેજ, ખુરશી, મુસલ્લો, કુર્આન મજીદ, ધાર્મિક કિતાબો એ છોકરીને આપીને સાસરીમાં મોકલે છે તેને દહેજ કહેવાય છે. હા ! આ જાઈઝ અને સુન્નત છે. કેમ કે હુઝૂર ﷺએ પણ પોતાની દીકરીને કેટલોક સામાન આપી રૂખસત કર્યા હતાં, પરંતુ યાદ રાખો કે દહેજનો સામાન આપવો એ મા બાપની મહોબ્બતની નિશાની છે અને એમની ખુશીની વાત છે. **મા બાપ પર છોકરીને દહેજ આપવું ફર્ઝ કે વાજિબ નથી.** છોકરી અને જમાઈના માટે કદી પણ એ જાઈઝ નથી કે એ જબરદસ્તી મા બાપથી પોતાની પસંદનો સામાન દહેજમાં વસૂલ કરે. મા, બાપની તાકાત હોય કે ન હોય પરંતુ દહેજમાં પોતાની પસંદની ચીજો માગવી અને તેમને કર્ઝ લેવા મજબૂર કરવાં કે એ કર્ઝ લઈને દીકરી જમાઈની ઈચ્છા પૂર્ણ કરે એ શરીઅતની વિરુદ્ધ છે. આજકાલ મુસલમાનોમાં એ રસમ પણ ચાલી નીકળી છે કે શાદી નક્કી કરતી વખતે એ શર્ત રાખવામાં આવે છે કે દહેજમાં ફલાણો ફલાણો સામાન તથા આટલા આટલી રકમ આપવી પડશે, જેથી ઘણા બધા ગરીબોની છોકરીઓના નિકાહ નથી થઈ રહ્યા કે તેમનાં મા, બાપ છોકરીઓના દહેજની માગણી પૂર્ણ કરવાની તાકાત નથી ધરાવતાં. આ રસમ ખરેખર શરીઅતની વિરુદ્ધ છે. અને જબરદસ્તી મા, બાપને મજબૂર કરીને દહેજ લેવું એ નાજાઈઝ છે, માટે મુસલમાનો પર જરૂરી છે કે આ બુરી રસમને ખતમ કરી દે."

*—(જન્નતી ઝેવર, પેજ : ૧૫૩)*

વધુ પેજ 24 પર..

(ખાધેલું હતું) તો એનું ખાવું પૂરતુ ગણાશે નહીં. બેહતર એ છે કે ઘઉંની રોટી અને શાક ખવડાવે અને જો એનાથી સારી જાતનું ખાવું હોય તો વધારે સારું કહેવાશે. જવની રોટી હોય તો એની સાથે શાક જરૂરી છે. *—(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : એક ફકીરને ૬૦ દિવસ સુધી બન્ને ટંક ખવડાવ્યું અથવા દરરોજ સદકૃએ ફિત્ર બરાબરની કિંમત અદા કરી તો પણ કફ્ફારો અદા થઈ ગયો ગણાશે અને જો એક જ દિવસે એક ફકીરને બધુ આપી દેવું (એક વખતમાં અથવા ૬૦ વખત કરીને) અથવા એને માટે સઘળું ઈબાહતના તોર પર આપી દીધું તો ફક્ત એક દિવસનું અદા થયેલું ગણાશે. એ રીતે જો ૩૦ ફકીરોને એક એક સાઅ ઘઉં કે બે બે સાઅ જવ આપવામાં આવે તો ફકત ૩૦ને આપેલું ગણાશે. એટલે ૩૦ ફકીરોને ફરીથી આપવું પડશે. આ હુકમ એક જ દિવસમાં અદા કરવા માટે છે, બાકી જો બે દિવસમાં આ રીતે આપવામાં આવે તો **જાઈઝ** છે. *(હિંદયા, બહાર વગેરે)*

**મસ્અલા** : ઝિહારમાં એ જરૂરી છે કે સંભોગથી પહેલાં ૬૦ ફકીરોને ખવડાવે. જો ૬૦ ફકીરોને ખવડાવી ચૂકે તે દરમિયાન સંભોગ કરી લીધો જો કે એ હરામ છે. તો જેટલા ફકીરોને ખવડાવ્યું તે બેકાર જશે નહીં, બાકી રહેલાને ખવડાવી દે. નવેસરથી ૬૦ને ખવડાવવું જરૂરી નથી. *(જોહરા, બહાર)*

**મસ્અલા** : જેના જિમ્મે કફ્ફારો અદા કરવાનો હતો તે મરી ગયો અને વારસોએ એના તરફથી ખાણુ ખવડાવ્યું અથવા કૃસમના કફ્ફારામાં કપડાં પહેરાવ્યાં તો કફ્ફારો અદા થઈ જશે અને જો ગુલામને આઝાદ કર્યો તો અદા થશે નહીં.

*—(રદ્દુલ્ મુહ્તાર)*

تذکرتل અવલિયા — હપ્તો ૨૬

# હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**અઝ** : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

આપ મોટાભાગે એવું ફર્માવતા હતા કે મને મોટાભાગે એ તલાશ રહેતી હતી કે રાતમાં કોઈ વખતે ખાનએ કા'બા ખાલી મળી જાય પણ એવો મોકો નસીબ થતો ન હતો. સંજોગોવસાત એક રાત્રે વરસાદ પડી રહ્યો હતો. અને હું એકલો તવાફમાં મશગૂલ હતો અને હું સંજોગોને ગનીમત સમજીને કા'બાના વર્તુળમાં હાથ નાખીને મારા ગુનાહોની માફી માગવા લાગ્યો પણ નિદા આવી કે પૂરી મખ્લૂક઼ મારાથી મગફેરતની તલબ કરે છે અને જો હું સૌને માફ કરી દઉં તો પછી મારી ગફ્ફારિયત તથા રહમાનિયતની શું ક઼દર રહી જશે. આ સાંભળીને આપે અર્ઝ કર્યું, હે અલ્લાહ ! મારી મગફિરત ફર્માવી દે ! નિદા આવી કે બીજાઓને સંબંધે અમને સવાલ કર ! તારા વિશે અમને કાંઈ ન કહે, કેમ કે બીજાઓના માટે તારી સિફારિશ યોગ્ય છે. આપ ફર્માવે છે કે હું મોટાભાગે આ દુઆ કર્યા કરતો, હે અલ્લાહ ! તું અલીમો ખબીર છે, તારી ઈનાયત તથા કરમ જે મારા પર છે તેની સરખામણીમાં આઠેવ જન્નતોની પણ કોઈ હૈષિયત નથી. અને એ જ રીતે તારી મહોબ્બતની સરખામણીમાં આઠેવ જન્નતો તુચ્છ છે. એટલા માટે હે ખુદા ! ગુનાહોની બેઈજ્જતીથી બચાવતાં મને આજ્ઞાપાલનનો શરફ અતા ફર્માવી દે અને જે તારી જાતથી વાકેફ છે તેને શું ખબર કે તે શખ્સની શું કૈફિયત થશે જે તારાથી તદ્દન નાવાકેફ છે.

આપ મોટાભાગે એવું ફર્માવ્યા કરતા કે પંદર વરસની સંપૂર્ણ તકલીફો બાદ મને આ નિદા (ગયબી પોકાર) થયો કે એશ તથા આરામને ત્યજીને તેની બંદગી તથા અહકામની પાબંદીના માટે તૈયાર થઈ જા. એકવાર લોકોએ સવાલ કર્યો કે આપે સલ્તનત કેમ ત્યજી દીધી ? ફર્માવ્યું કે એક દિવસે આઈનો લઈને હું શાહી તખ્ત પર બિરાજેલ હતો. તો એ વખતે મને ખયાલ આવ્યો કે ન તો મારી પાસે લાંબા સફર માટે સફરખર્ચ છે ન કોઈ હુજ્જત તથા દલીલ છે. જ્યારે કે મારી આખરી મંઝિલ કબર છે અને હાકિમ પણ આદિલ તથા ન્યાયી છે, બસ, આ ખયાલ આવતાં જ મારું દિલ જાણે બુઝાઈ ગયું અને મને સલ્તનતથી નફરત થઈ ગઈ. પછી લોકોએ સવાલ કર્યો કે ખુરાસાનને કેમ છોડી દીધુ ? ફર્માવ્યું, દરરોજ લોકો ખબર પૂછવા માટે આવવા લાગ્યા હતા. પછી સવાલ કર્યો કે આપ નિકાહ શા માટે નથી કરી લેતા ? ફર્માવ્યું કે શું કોઈ સ્ત્રી પોતાના પતિને ઘેર નાગી ભૂખી રહેવા નિકાહ માટે તૈયાર થઈ શકે છે ? અને જો મારો વશ ચાલે તો હું ખુદ પોતાને જ તલાક઼ આપી દઉં, તો પછી આવા સંજોગોમાં હું કોઈ સ્ત્રીને કેવી રીતે મારી સાથે સંબંધિત કરી ધોકો આપી શકુ છું ? કોઈએ એક દુરવેશથી સવાલ કર્યો કે શું આપની પત્ની છે ? તો દુરવેશે નકારમાં જવાબ આપ્યો. ત્યાર બાદ સવાલ કરનારે કહ્યું કે આપ ખૂબ જ સારા રહ્યા, કેમ કે જેણે નિકાહ કર્યો તે જાણે નાવડી પર સવાર થઈ ગયો અને જ્યારે ઔલાદનો ક્રમ શરૂ થયો તો સમજી લો કે નાવ ડૂબી ગઈ !

કોઈ દુરવેશે આપની સમક્ષ બીજા દુરવેશની

ફરિયાદ કરી, તો ફર્માવ્યું કે તેં મફતમાં ખરીદેલી દુરવેશી નિરર્થક અપનાવી. અને જ્યારે તેણે પૂછયું કે શું દુરવેશી પણ ખરીદી શકાય છે ? ફર્માવ્યું કે યક઼ીનન ! કેમ કે મેં બલ્ખની સલ્તનતના બદલામાં દુરવેશી ખરીદી અને ખૂબ જ સસ્તામાં ખરીદી કેમ કે દુરવેશી એ સલ્તનતની સરખામણીમાં ખૂબ જ અણમોલ ચીજ છે.

**આપના ઈર્શાદો** : કોઈએ નઝરાણારૂપે એક હજાર દિરહમ આપને પેશ કરતાં ક઼બૂલ કરી લેવાની વિનવણી કરી, પરંતુ આપે ફર્માવ્યું કે હું ફક઼ીરોથી કાંઈ નથી લેતો. તેણે અર્ઝ કરી કે હું તો ઘણો જ અમીર છું. ફર્માવ્યું કે તને શું આનાથી અધિક દોલતની તમન્ના નથી ? અને જ્યારે તેણે હકારમાં જવાબ આપ્યો તો ફર્માવ્યું કે તારી રકમ પરત લઈ જા કેમ કે તું ફક઼ીરોનો સરદાર છે ! રિવાયત છે કે આપના ઉપર જ્યારે કેવો હાલ છે ! અને પોતાની શૌકત તથા સલ્તનતથી શરમાય. પછી ફર્માવ્યું કે ખ્વાહિશો (મનેચ્છાઓ)નો બંદો કદી સાચો નથી હોય શકતો, કેમ કે ખુદાની સાથે ઈખ્લાસનો સંબંધ સચ્ચાઈ તથા નિખાલસ (બિનસ્વાર્થ) નિયમતથી છે.

પછી ફર્માવ્યું કે જેને ત્રણ હાલતોમાં એકાગ્રતા હાંસલ ન થાય તો સમજી લો એના ઉપર રહ્‌મતનો દરવાજો બંધ થઈ ચૂક્યો છે. પ્રથમ : કુર્આનની તિલાવતના સમયે. બીજુ : નમાઝની હાલતમાં. ત્રીજુ : ઝિક્ર તથા શુગ્લના સમયે. અને આરિફની ઓળખ એ જ છે કે તે દરેક ચીજમાં ઈબ્રત પામવા માટે ચિંતન મનન કરતાં પોતાને હમ્દો ષનામાં મશગૂલ રાખે અને અલ્લાહની ઈતાઅત (ફર્માંબરદારી)માં વધુને વધુ સમય પસાર કરે. પછી ફર્માવ્યું કે એકવાર રસ્તામાં મને એક એવો પથ્થર મળ્યો જેના પર એવું લખેલું હતું કે એને ઉલ્ટાવીને વાંચો. અને જ્યારે મેં વાંચ્યું તો એના પર લખેલું હતું કે તમારા ઈલ્મના પ્રમાણે એના પર અમલ કેમ નથી કરતા ? અને જેનો તમને ઈલ્મ નથી એના તાલિબ કેમ બનો છો ? પછી ફર્માવ્યું કે **હશ્રમાં તે જ અમલ વજની થશે જે દુનિયામાં અઘરો લાગે છે.** પછી ફર્માવ્યું કે ત્રણ પર્દા ઉઠી ગયા બાદ ક઼લ્બે સાદિક઼ (સાચા દિલ) પર સર્વ ખજાના ખોલી દેવામાં આવે છે. પ્રથમ એ કે કદી દુનિયાની સલ્તનત ન સ્વીકારે, બીજુ એ કે જો કોઈ ચીજ લઈ લેવામાં આવે તો ગમગીન ન થાય, કેમ કે કોઈ ચીજની પ્રાપ્તિ પર ખુશી પ્રદર્શિત કરવી એ લાલચુ હોવાની નિશાની છે અને ગમ કરવો ગુસ્સાની નિશાની છે. ત્રીજુ એ કે કોઈ પ્રકારની તારીફ તથા બખ્શિશ પર કદી ખુશી પ્રદર્શિત ન કરે, કેમ કે ખુશીનું પ્રદર્શન કરવું લઘુતાગ્રંથિની નિશાની છે અને લઘુતાગ્રંથિવાળો હમેશાં શર્મિંદગીનો શિકાર બને છે. *(ક્રમશઃ)*


**અણમોલ કિતાબ મંગાવો**

**ક઼ાનૂને શરીઅત**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

:: **લેખક** ::

**અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

:: **અનુવાદક** ::

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદીયો : એક સેટના રૂા. ૨૫૦/–**

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

બેંક ઓફ બરોડા (દયાદરા બ્રાન્ચ)
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

પ્રકાશક : **સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**
મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## ઝિહારનું બયાન
### (તલાક઼નો એક પ્રકાર)

ઝિહારનો અર્થ એ છે કે પોતાની ઓરત કે એના કોઈ ખુલ્લા શારીરિક અવયવ અથવા એવો કોઈ અવયવ કે જે તે માણસ માટે હમેશાં હરામ હોય અથવા એવી કોઈ ઓરતના કોઈ એવા અવયવની મુશાબેહત (દષ્ટાંત આપવું) કરવી કે જે અવયવને જોવો હરામ હોય, જેમ કે એમ કહે કે, તું મારી મા જેવી છે અથવા તારું માથુ, અથવા તારી ગરદન, યા તારું અર્ધું અંગ મારી માની પીઠ જેવું છે. (આને ઝિહાર કહે છે.)

**મસ્અલા** : જે ઓરતની મુશાબેહત (સરખામણી) કરવામાં આવી તે એને માટે હરામ હોવી ટેમ્પરરી હોય, હમેશાં માટે હરામ ન હોય તો ઝિહાર થશે નહીં. જેમ કે પત્નીની બહેન અથવા જેને ત્રણ તલાક઼ આપવામાં આવી હોય, અથવા મજૂસી કે બુતપરસ્ત ઓરત કે જે મુસલમાન અથવા કિતાબિયા બની શકે છે અને એ કાયમ માટે હરામ ન હોવાનું જાહેરી છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : કોઈ અજનબી (પરાઈ) ઓરતને એમ કહ્યું કે જો તું મારી ઓરત હોય અથવા જો હું તારાથી નિકાહ કરું તો તું આવી છે તો ઝિહાર થઈ જશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરતે મરદને ઝિહારના શબ્દો કહ્યા તો કંઈ નહીં. (ઝિહાર થશે નહીં)

*–(જોહરા, બહાર)*

**મસ્અલા** : જે હરામ છે તેમની પીઠ, પેટ યા જાંગની મુશાબેહત (દષ્ટાંત) આપી અથવા મેં તારાથી ઝિહાર કર્યો એવું કહ્યું તો એવું બોલવું ઝિહાર માટે પૂરતું છે, એમાં નિય્યતની કોઈ જરૂર નથી. કોઈ પણ જાતની નિય્યત ન હોય અથવા તો તલાક઼ કે તાઝીમની નિય્યત હોય તો પણ એ તમામ હાલતમાં ઝિહાર જ છે. જો એમ કહેતો હોય કે મારો મક઼સદ જૂઠી ખબર દેવાનો હતો અથવા ભૂતકાળની ખબર આપવાનો હતો તો **ક઼ઝાઅન** સાચું માનવામાં નહીં આવે અને ઓરત પણ સાચુ માની શકશે નહીં.

*–(દુર્રે મુખ્તાર, હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઓરતને મા, બેટી, કે બહેન કહી તો ઝિહાર થશે નહીં પરંતુ એવું કહેવું મકરૂહ છે. *(હિંદયા, બહાર)*

**મસ્અલા** : ઝિહારને અધ્ધર રાખી શકાય છે જેમ કે એમ કહ્યું કે "જો તું ફલાણાના ઘેર જશે તો આવી છે" તો ઝિહાર થઈ જશે. *(હિંદયા, બહાર)*

### ઝિહારનો હુકમ

ઝિહાર માટે હુકમ એ છે કે જ્યાં સુધી કફ્ફારો ન આપી દે ત્યાં સુધી તે ઓરતથી સંભોગ કરવો, કે કામેચ્છાની નિય્યતથી બોસો આપવો, કે એને સ્પર્શવું કે એની શરમગાહ તરફ જોવું હરામ છે. કામેચ્છા વગર સ્પર્શ કે બોસો આપવામાં કોઈ વાંધો નથી. પરંતુ હોઠોનું ચુંબન કામેચ્છા ન હોય તો પણ જાઈઝ નથી. જો કફ્ફારો આપતા પહેલાં સંભોગ કરી લીધો હોય તો તૌબા કરી લે એને માટે બીજો કફ્ફારો આપવો વાજિબ નથી. પરંતુ ખબરદાર ! એવું કરવું નહીં અને ઓરત માટે પણ જાઈઝ નથી કે પતિને પોતાની પાસે આવવા દે. *(જૌહરા, દુર્રે મુખ્તાર, બહાર)*

## ★ ઝિહારનો કફ્ફારો ★

ઝિહાર કરવાવાળો જો સંભોગનો ઈરાદો કરે તો કફ્ફારો વાજિબ છે. જો એ સંભોગનો ઈરાદો ન રાખતો હોય અને ઓરત એના પર હરામ જ રહે એવું ઈચ્છતો હોય તો કફ્ફારો વાજિબ નથી અને સંભોગનો ઈરાદો હતો પરંતુ ઓરત મૃત્યુ પામી તો કફ્ફારો વાજિબ ન રહ્યો. *(હિંદિયા, બહાર)* ઝિહારનો કફ્ફારો ગુલામ અથવા કનીઝને આઝાદ કરવાનો છે અને જો એ ન બની શકે તો સંભોગ કરતા પહેલાં લગાતાર બે મહિનાના રોઝા રાખે અને રોઝા રાખવાની તાકાત ન હોય તો ૬૦ (સાઈઠ) ફકીરોને ખાવા ખવડાવી દે. *(હિંદિયા વગેરે)* રોઝા રાખવામાં શર્ત એ છે કે એ દરમિયાન રમઝાન માસ ન હોય, ન ઈદુલફિત્ર કે ઈદુદ્દોહાના દિવસો હોય કે અય્યામે તશરીક ન હોય. હા ! જો મુસાફર હોય તો રમઝાન માસમાં કફ્ફારાની નિય્યતથી રોઝા રાખી શકે છે. પરંતુ ઈદુલફિત્ર કે ઈદુદ્દોહા તથા અય્યામે તશરીકમાં મુસાફરને ઈજાઝત નથી.

*–(દુર્રે મુખ્તાર, જોહરા)*

**મસ્અલા** : કફ્ફારાનો રોઝો તોડી નાખ્યો ભલે કોઈ કારણથી તોડયો અથવા કારણ વગર તોડયો અથવા ઝિહાર કરવાવાળાએ જે ઓરતથી ઝિહાર કર્યો તે ઓરત સાથે આ બે મહિના દરમિયાન જાણી જોઈને કે ભૂલથી રાત્રે કે દિવસે સંભોગ કર્યો તો ફરીથી (નવેસરથી) બે મહિનાના રોઝા રાખવા. પહેલે રાખેલા રોઝા બેકાર ગયા. એટલા માટે સોહબત કરતા પહેલાં બે મહિનાના રોઝા રાખવા શર્ત છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : જો રોઝા રાખવાની શક્તિ ન હોય કેમ કે બીમાર હોય સારું થવાની આશા ન હોય અથવા વધારે ઘડપણ છે તો સાઈઠ (૬૦) ફકીરોને બે ટંક પેટ ભરીને ખવડાવે. એક સાથે કે અલગ અલગ રીતે ખવડાવવાની છૂટ છે પરંતુ શર્ત એ છે કે એ દરમિયાન રોઝા રાખી શકવાની તાકાત ન મળી હોય (રોઝા રાખવાની શક્તિ પ્રાપ્ત ન થઈ હોય) નહીં તો (ફકીરોને) ખવડાવેલું સદકએ નફ્લ ગણાશે અને કફ્ફારામાં રોઝા રાખવા પડશે અને જો એક સાથે ૬૦ને એક ટંક ખવડાવ્યું અને બીજી વખતવાળા ફકીરોને ફરીથી એક ટંક ખવડાવે. (મતલબ કે જે સાઈઠ ફકીરોને એક વખત ખવડાવ્યું તેમને જ બીજી વખત ખવડાવે).

*–(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, હિંદિયા)*

**મસ્અલા** : શર્ત એ છે કે જે ફકીરોને ખાવા ખવડાવ્યું તેમાં કોઈ નાબાલિગ ન હોવા જોઈએ. હા ! એક જવાનના પૂરા ખોરાકનો એને માલિક બનાવી દીધો તો પૂરતુ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : એવું પણ થઈ શકે છે કે દરેક ફકીરને સદક્એ ફિત્રની બરાબર અર્થાત અડધો સાઅ ઘઉં (૨.૪૫ કિલો) કે એક સાઅ જવ કે એની કિંમત અદા કરી દે (માલિક બનાવી દે) પરંતુ એબાહત કાફી નથી અને તેવા લોકોને જ આપી શકાશે જેઓને સદક્એ ફિત્ર આપી શકાય છે. અને એ પણ થઈ શકે છે કે સવારમાં ખવડાવી દે અને સાંજના ટંકના પૈસા આપી દે કે સાંજે ખવડાવી દે અને સવારના ટંકની કિંમત ચૂકવી દે અથવા બે દિવસ સાંજે કે સવારે ખવડાવી દે, અથવા ત્રીસને ખવડાવે અને ત્રીસને આપી દે. મતલબ એ કે જે રીતે ઈચ્છે તે રીતે ૬૦ની ગણતરી પૂરી કરે અથવા ચોથાઈ સાઅ ઘઉં અથવા અડધો સાઅ જવ આપી દે અથવા કેટલાક ભાગના ઘઉં કે જવ આપી દે અને બાકીની કિંમત અદા કરી દે, દરેક રીતે થઈ શકે છે.

*–(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : ખવડાવવામાં પેટ ભરીને ખવડાવવું શર્ત છે ભલે થોડુ ખાવાથી પેટ ભરાઈ જાય. જો પહેલેથી જ કોઈનું પેટ ભરેલું હતું વધુ પેજ 20 પર..

# ખુદાથી ડરવાના ફાયદાઓ

કાર્યાલય

જનાબ અલ્લામા અબુલ લયષ رحمۃ اللہ علیہ કહે છે કે સાતમા આસમાન પર અલ્લાહના એવા ફરિશ્તાઓ છે કે તેઓને અલ્લાહ તઆલાએ જ્યારથી પેદા કર્યા છે ત્યારથી સતત સિજદામાં છે અને અલ્લાહ તઆલાના અઝાબથી પુષ્કળ ડરી ગયેલા છે. કયામતના દિવસે જ્યારે તેઓ સિજદામાંથી માથુ ઉંચકશે તો તેઓ કહેશે :–

سُبۡحٰنَکَ مَا عَبَدۡ نَاکَ حَقَّ عِبَادَتِکَ

''હે અલ્લાહ ! ﷻ તું પાક છે, અમે તારી, જેવા કે હક છે તેવી ઈબાદત નથી કરી શકતા.''

*–(પારા : ૪, સૂરએ નહલ, આ. ૫૦)*

ફર્માને ઈલાહી છે :–

یَخَافُوۡنَ رَبَّھُمۡ مِنۡ فَوۡقِھِمۡ وَیَفۡعَلُوۡنَ مَا یُؤۡمَرُوۡنَ

''તે ફરિશ્તાઓ પોતાના રબથી ડરે છે અને જે ચીજનો તેઓને હુકમ આપવામાં આવ્યો છે તે જ કરે છે અને એક ક્ષણ પણ મારી નાફર્માનીમાં નથી પસાર કરતા.'' *(અત્તરગીબ વત્તરહીબ, ૪/૧૧૭, અહયાઉલ ઉલૂમ, ૪/૧૪૨, અસદુલગાબા, ૭/૪૨૩)*

વિચારો ! ગંભીરતાથી વિચારો ! અને બોધ લો કે જ્યારે અલ્લાહના માસૂમ ફરિશ્તા જેમનાથી ગુનોહ થઈ શકતો જ નથી અને પેદા થયા ત્યારથી રબની ઈબાદતમાં છે, છતાં તેમના ખૌફે ખુદાનો આ આલમ છે તો પછી આપણે ગુનેહગારોએ તો કેટલા અંશે ડરવું જોઈએ !

## ખૌફે ખુદાની ફઝીલત

રસૂલે અકરમ ﷺ ઈર્શાદ ફર્માવ્યો :–

(અર્થ) : ''જ્યારે કોઈ બંદો ખુદાના ખૌફથી કાંપે છે તો તેના ગુનાહો તેના શરીરથી એવી રીતે ખરી પડે છે જેવી રીતે ઝાડને હલાવવાથી તેનાં પાંદડાંઓ ખરી જાય છે.''

**હિકાયત :** એક નવયુવાન એક સ્ત્રીની મહોબ્બતમાં પડી ગયો. તે સ્ત્રી કોઈ કાફલાની સાથે બહારની સફરે રવાના થઈ ગઈ. યુવાનને જ્યારે ખબર પડી તો તે પણ કાફલાની સાથે ચાલી નીકળ્યો. જ્યારે કાફલો જંગલમાં પહોંચ્યો તો રાત થઈ ગઈ જેથી રાતે તેઓએ ત્યાં જ પડાવ નાખ્યો. જ્યારે સૌ લોકો સૂઈ ગયા, તે નવયુવાન ચૂપકીદી સાથે તે સ્ત્રી પાસે પહોંચ્યો અને કહેવા લાગ્યો કે હું તને અતિશય મહોબ્બત કરૂ છું અને એ કારણે જ આ કાફલામાં જોડાયો છું. સ્ત્રી બોલી, જઈને જોઈ લે કે કોઈ જાગી તો નથી રહ્યું ને ? યુવાને ખુશીના આવેશમાં આખા કાફલાનો ચકકર લગાવ્યો અને પાછો આવીને કહેવા લાગ્યો કે તમામ લોકો ઊંઘમાં સૂઈ રહ્યા છે. સ્ત્રીએ પૂછયું. અલ્લાહ તઅલાના વિશે તારો શો ખયાલ છે ? શું તે પણ સૂઈ રહેલ છે ? યુવાન બોલ્યો, અલ્લાહ તો ન કદી સૂએ છે ન કદી તેને ઊંઘ આવે છે. ત્યારે સ્ત્રી બોલી, લોકો સૂઈ ગયા તો શું થયું ? અલ્લાહ તો જાગી રહેલ છે, આપણને જોઈ રહેલ છે અને તેનાથી ડરવું આપણા માટે ફર્ઝ છે. નવયુવાને જેવી આ વાત સાંભળી તો ખૌફે ખુદાથી કાંપી ઉઠયો અને ખરાબ ઈરાદાથી તૌબા કરીને ઘરે પાછો ચાલ્યો ગયો.

કહે છે કે જયારે તે યુવાન મૃત્યુ પામ્યો તો કોઈકે ખ્વાબમાં જોઈને પૂછયું કે બતાવો તમારી શી હાલત થઈ ? યુવાને જવાબ આપ્યો કે, મેં અલ્લાહ તઆલાના ખૌફથી એક ગુનાહને છોડયો હતો તો

અલ્લાહ તઆલાએ તેના કારણે મારા સર્વ ગુનાહોને માફ કરી દીધા.

**હિકાયત** : મજમઉલ લતાઈફમાં છે કે બની ઈસ્રાઈલમાં એક બચરવાળ આબિદ હતો. તે તંગદસ્તીમાં સપડાયો. જ્યારે ખૂબ જ પરેશાન થયો તો પોતાની પત્નીને કહ્યું, જા અને કોઈની પાસેથી કાંઈક માંગી લાવ. સ્ત્રીએ એક વેપારીને ત્યાં જઈને ખાણા માટે માંગણી કરી તો વેપારીએ કહ્યું કે જો તું મારી ઈચ્છા પૂરી કરી દે તો જે ઈચ્છે તે મળશે. સ્ત્રી બિચારી ચૂપચાપ ઘરે પાછી વળી ગઈ. બાળકોએ જ્યારે માતાને ખાલી હાથે આવતી જોઈ તો ભૂખથી ચીસો પાડવા લાગ્યાં અને કહેવા લાગ્યાં કે, મા ! અમે ભૂખથી મરી રહ્યાં છીએ કાંઈક ખાવાનું આપો ! તો તે સ્ત્રી ફરીથી તે વેપારીની પાસે પહોંચી અને ખાણા માટે સવાલ કર્યો તો વેપારીએ ફરીથી તે જ વાત કરી જે અગાઉ કહી હતી.

સ્ત્રી રાજી થઈ ગઈ પણ જ્યારે તે બંને શયનખંડમાં પહોંચ્યાં તો સ્ત્રી ડરથી ધ્રુજવા લાગી. વેપારીએ પૂછયું કે કોનાથી ડરે છે ? તેણે કહ્યું, હું તે ખુદાના ડરથી કાંપુ છુ જેણે આપણને પેદા કર્યા. ત્યારે વેપારી બોલ્યો કે જ્યારે તું કંગાળતા અને મુફલિસીની હાલતમાં પણ ખૌફે ખુદા રાખે છે તો મારે પણ અલ્લાહના અઝાબથી ડરવું જોઈએ. આમ કહીને સ્ત્રીને ખૂબ જ માલ સામાન આપીને ઈજ્જતની સાથે વિદાય કરી.

અલ્લાહ તઆલાએ તે સમયના પયગમ્બર મૂસા علیہ السلام પર વહી મોકલી કે ફલાણાના પુત્ર ફલાણાની પાસે જાવ અને તેને મારા સલામ કહી દો અને કહેશો કે મેં તેના તમામ ગુનાહોને માફ કરી દીધા છે. મૂસા علیہ السلام ખુદાના હુકમ મુજબ તે વેપારીની પાસે આવ્યા અને પૂછયું કે શું તેં કોઈ મહાન નેકી કરી છે જેના કારણે અલ્લાહ તઆલાએ તારા તમામ ગુનાહોને માફ કરી દીધા છે ? તો તેના જવાબમાં વેપારીએ ઉપરોકત સઘળો પ્રસંગ કહી સંભળાવ્યો.

હુઝૂર ﷺ ફર્માવે છે કે, ફર્માને ઈલાહી છે, ''હું મારા કોઈ બંદામાં બે (૨) ખૌફ અને બે અમ્ન ભેગા નથી કરતો. જે શખ્સ દુનિયામાં મારા અઝાબથી ડરે છે. તેને હું આખેરતમાં ડર વગરનો કરીશ પરંતુ જે દુનિયામાં મારા અઝાબથી નીડર રહે છે તેને હું આખેરતમાં ભયાવહ કરીશ (તેના પર અઝાબ ઉતારીશ).''

*(સહીહ ઈબ્ને હબ્બાન, ૨/૨૧, અત્તરગીબ વ ત્તરહીબ, ૪/૧૩૧, અહયાઉલ ઉલૂમ, ૪/૧૪૧)*

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : فَلَا تَخْشَوُا النَّاسَ وَاخْشَوْنِ ''તમે લોકોથી નહીં મારાથી ડરો.'' *(પારા : ૬, સૂરએ માઈદા, આ. ૪૪)*

એક અન્ય આયતમાં છે :–

فَلَا تَخَافُوهُمْ وَخَافُوْنِ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ''જો તમે મોમિન છો તો લોકોથી નહીં મારાથી ડરો.''

*–(પારા :૪, સૂરએ આલે ઈમરાન, આ. ૧૭૫)*

## હઝરત ઉમર رضی اللہ عنہ અને ખુદાનો ડર

હઝરત ઉમર رضی اللہ عنہ જયારે કુરઆન મજીદની કોઈ આયત સાંભળતા તો ડરના માર્યા બેભાન થઈ જતા. એક દિવસે એક તણખલુ હાથમાં લઈને કહ્યું કે, કાશ ! હું એક તણખલુ હોત અને કોઈ ઉલ્લેખનીય ચીજ ન હોત, કાશ ! મને મારી મા જન્મ ન આપત અને ખુદાના ડરથી આપ એટલુ રડ્યા કરતા હતા કે આપના ચહેરા પર આંસૂઓના વહેવાના કારણે બે કાળાં નિશાનો પડી ગયાં હતાં.

*–(અહયાઉલ ઉલૂમ, ૪/૧૬૧)*

હુઝૂરે ﷺએ ફર્માવ્યું, **(અર્થ)** : જે શખ્સ ખૌફે ખુદાથી રડે છે તે જહન્નમાં કદાપિ દાખલ થશે નહીં. એ રીતે કે જેવી રીતે દૂધ ફરીથી તેના થાનો (આંચળો)માં જતું નથી. *(સુનને તિર્મિઝી, ૧/૨૯૨, સુનને નિસાઈ, ૨/૫૪, મુસ્નદે અહમદ બિન હંબલ, ૩/૧, કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૪૩)*

દકાઈકુલ અખ્બારમાં છે કે કયામતના દિવસે એક શખ્સને લાવવામાં આવશે. જ્યારે તેના આમાલ જોખવામાં આવશે તો બુરાઈઓનું પલ્લુ ભારે થઈ જશે તેને જહન્નમમાં નાખવાનો હુકમ મળશે. તે વખતે તેની પાંપણોનો એક વાળ અલ્લાહ તઆલાની બારગાહમાં અર્ઝ કરશે કે, હે રબ્બે ઝુલજલાલ ! તારા રસૂલે ﷺ ફર્માવ્યું હતું કે જે અલ્લાહ તઆલા ખૌફથી રડે છે તેના માટે અલ્લાહ તઆલા જહન્નમની આગ હરામ કરી દે છે અને હું તારા ખૌફથી રડયો હતો. અલ્લાહ તઆલાની રહમતનો દરિયો જોશમાં આવશે અને તે શખ્સને આંસૂથી ભીના થયેલા એક વાળના બદલામાં જહન્નમથી બચાવી લેવામાં આવશે. તે સમયે હઝરત જિબ્રઈલ عليه السلام પુકારશે કે ફલાણાનો પુત્ર ફલાણો એક વાળના બદલામાં નજાત પામ્યો.

હિદાયતુલ હિદાયહમાં છે કે કયામતના દિવસે જ્યારે જહન્નમને લાવવામાં આવશે તો તેમાંથી ભયંકર અવાજો નીકળશે જેના કારણે લોકો તેના ઉપરથી પસાર થવામાં ગભરાશે.

ફર્માને ઈલાહી છે :–

**وَتَرٰى كُلَّ اُمَّةٍ جَاثِيَةٍ كُلُّ اُمَّةٍ تُدْعٰۤى اِلٰى كِتٰبِهَا**

"અને તમે પ્રત્યેક જુથને ગુઠણભેર નમેલા જોશો. પ્રત્યેક જુથ પોતાના આમાલનામા તરફ બોલાવવામાં આવશે."

*–(પારા–૨૫, સૂરએ જાષિયહ, આ. ૨૮)*

**ખૌફે ખુદામાં વહેતાં આંસૂ જહન્નમની આગને બુઝવી દેશે**

જ્યારે લોકો જહન્નમની નજીક આવશે તો તેમાંથી સખ્ત ગરમી અને ભયંકર અવાજો સાંભળશે જે પાંચસો વરસની સફરના અંતરેથી સંભળાતી હશે. જ્યારે દરેક નબી નફસી નફસી અને હુઝૂર ﷺ ઉમ્મતી ઉમ્મતી કહી રહ્યા હશે તે સમયે જહન્નમમાંથી એક ખૂબ જ પ્રંચડ આગ બહાર તરફ પ્રયાણ કરશે. આપની ઉમ્મત તેને દૂર કરવા માટે કહેશે કે, હે આગ! તને નમાઝીઓ, સદકો દેવાવાળાઓ, રોઝાદારો અને ખુદાનો ડર રાખનારાઓનો વાસ્તો આપીએ છીએ, તું પાછી ચાલી જા. પણ આગ સતત આગળ વધતી જ જશે. ત્યારે હઝરત જિબ્રઈલ عليه السلام એવું કહેતા કહેતા હુઝૂર ﷺની ખિદમતમાં પાણીનો એક પ્યાલો રજૂ કરશે કે, ઉમ્મતે મુહમ્મદ ﷺની તરફ આગ વધી રહી છે અને અર્ઝ કરશે કે હે અલ્લાહ તઆલાના નબી ! એના વડે આગ પર છાંટાઓ મારો. આપ ﷺ આગ પર તે પાણી વડે છાંટા મારશે તો તે આગળ તુરંત બુઝાઈ જશે. તે વખતે આપ ﷺ જિબ્રઈલને તે પાણી વિશે પૂછશે તો જિબ્રઈલ કહેશે, હુઝૂર ﷺ આ ખુદાના ડરથી ડરનારા તમારા ગુનેગાર ઉમ્મતીઓનાં આંસૂ હતાં. મને હુકમ આપવામાં આવ્યો છે કે આ પાણી આપ ﷺની ખિદમતમાં પેશ કરૂં અને આપ તેના વડે જહન્નમની આગને બુઝાવી દો.

હુઝૂર ﷺ દુઆ માગ્યા કરતા હતા કે, હે અલ્લાહ તઆલા ! મને એવી આંખો અતા ફર્માવ જે તારા ખૌફથી રડવાવાળી હોય.

*–(કન્ઝુલ ઉમ્માલ, ૨/૧૮૪)*

હદીષ શરીફમાં છે, "કોઈ એવો મોમિન બંદો નથી જેની આંખોમાંથી ખુદાના ડરના કારણે

માખીના પાંખના બરાબર આંસૂ વહે અને તેની ગરમી તેના ચહેરા પર પહોંચે અને તેને કદી જહન્નમની આગ સ્પર્શે.''

*(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૪૨, અલ મોઅજમુલ કબીર લિત્તિબરાની, ૧૦/૧૭, સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, ૨/૩૦૯)*

દરેક મુસલમાનના માટે જરૂરી છે કે તે ખુદાના અઝાબથી ડરતો રહે અને પોતે પોતાને નફસની ઈચ્છાઓથી રોકતો રહે. ફર્માને ઈલાહી છે :

**فَاَمَّا مَنْ طَغٰی وَاٰثَرَ الْحَیٰوۃَ الدُّنْیَا فَاِنَّ الْجَحِیْمَ هِیَ الْمَاْوٰی وَ اَمَّا مَنْ خَافَ مَقَامَ رَبِّهٖ وَنَهَی النَّفْسَ عَنِ الْهَوٰی فَاِنَّ الْجَنَّةَ هِیَ الْمَاْوٰی**

''પછી જે કોઈએ નાફર્માની કરી અને દુનિયાની જિંદગીને સર્વસ્વ સમજી તેનું ઠેકાણું જહન્નમ છે. નફસને ઈચ્છાઓથી રોકી દીધું તો તેની પનાહની જગા જન્નત છે.''

*–(પારા : ૩૦, સૂરએ નાઝિઆત, આ. ૩૭)*

જે માણસ અઝાબે ઈલાહીથી બચવા ઈચ્છે છે અને સવાબ તથા રહમતનો ઉમ્મીદવાર હોય તેણે જોઈએ કે દુનિયવી મુસીબતો પર સબ્ર કરે, અલ્લાહ તઆલાની ઈબાદત કરતો રહે અને ગુનાહોથી બચતો રહે.

## અલ્લાહ તેમનાથી રાજી તેઓ અલ્લાહથી રાજી

ઝહરૂર્રિયાઝમાં એક હદીષ છે કે જયારે જન્નતીઓ જન્નતમાં દાખલ થશે તો ફરિશ્તાઓ તેઓની સમક્ષ જાત જાતની નેઅમતો રજૂ કરશે. તેઓ માટે ફર્શ બિછાવશે, મિમ્બરો મૂકવામાં આવશે અને તેઓને વિવિધ પ્રકારનાં ભોજનો અને ફળો આપવામાં આવશે. તે વખતે જન્નતીઓ આશ્ચર્યમાં ડૂબેલા હશે તો અલ્લાહ તઆલા ફર્માવશે, હે મારા બંદાઓ ! આશ્ચર્યમાં કેમ પડયા છો ? આ જન્નત આશ્ચર્યમાં પડવાની જગા નથી. તે વખતે મોમિનો અર્ઝ કરશે, યા અલ્લાહ ! તેં એક વાયદો કર્યો હતો જેનો સમય આવી પહોંચ્યો છે. ત્યારે ફરિશ્તાઓ કહેશે કે તેઓ તારો દીદાર કેવી રીતે કરશે જ્યારે કે તેઓ ગુનેહગાર હતા ? તે જ ક્ષણે ફર્માને ઈલાહી થશે કે તમે પડદા ઉઠાવી લો કેમ કે આ ઝિક્ર કરવાવાળા, સિજદા કરવાવાળા અને મારા ડરથી રડવાવાળા હતા અને મારા દીદારના ઉમ્મીદવાર હતા. તે વખતે પડદા ઉઠાવી દેવામાં આવશે અને જન્નતીઓ અલ્લાહનો દીદાર થતાં જ સિજદામાં પડી જશે, તો ફર્માને ઈલાહી થશે કે માથુ ઉઠાવો, આ જન્નત અમલનું ઘર નથી પણ બદલાની જગા છે અને તેઓ પોતાના રબને કયફિયત વગર જોશે. રબ તઆલા ફર્માવશે :–

**سَلَامٌ عَلَیْکُمْ عِبَادِیْ فَقَدْ رَضِیْتُ عَنْکُمْ فَهَلْ رَضِیْتُمْ عَنِّیْ**

''મારા બંદાઓ ! તમારા પર સલામતી હજો હું તમારાથી રાજી છું, શું તમો મારાથી રાજી છો ?''

*–(પારા : ૩૦, સૂરએ બૈયિનહ, આ. ૮)*

જન્નતીઓ અર્ઝ કરશે કે હે અમારા રબ ! અમો કેમ રાજી નહીં થઈએ, જ્યારે કે તેં અમોને એવી નેઅમતો આપી જેને ન કોઈ આંખે જોયી છે ન કોઈ કાને સાંભળી અને ન કોઈના દિલમાં તેનો ખયાલ પણ પસાર થયો અને આ જ તે ફર્માને ઈલાહી **رَضِیَ اللّٰهُ عَنْهُمْ وَ رَضُوْا عَنْهُ**નો મકસદ છે કે અલ્લાહ તેઓથી રાજી થયો અને તેઓ અલ્લાહથી રાજી થયા અને **سَلَامٌ قَوْلًا مِّنْ رَّبٍّ رَّحِیْمٍ**.

*(પારા : ૨૩, સૂરએ યાસીન, આ. ૫૮)*
*(મુકાશફતુલ કુલૂબના હવાલાથી)*

# કર્બલામાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની કરામતો

કાર્યાલય

આપણે ઈમામ હુસૈન رضی اللہ عنہની મહોબ્બતનો દાવો કરીએ છીએ, નારાબાજી કરીએ છીએ પણ ઈમામ હુસૈન رضی اللہ عنہની શહાદતના પાયાના મક્સદને ધ્યાનનમાં લેતા નથી ! ઈમામ હુસૈન رضی اللہ عنہએ કોઈ રાજપાટ માટે કે માલો દૌલત માટે પોતાના પૂરા ખાનદાનના નવ જવાનો સગીરોને શહીદ નથી થવા દીધા બલ્કે દીને ઈસ્લામની સલામતી માટે, નાનાજાનની શરીઅતને ક઼ાયમ રાખવા માટે આટલી અજોડ કુર્બાની આપી જેનું દષ્ટાંત જગત ઈતિહાસમાં મળતુ નથી. હવે જેઓ ઈમામે હુસૈન رضی اللہ عنہની મહોબ્બતના નારા મારે છે તેઓ પોતાના ગરેવાનમાં ઝાંકીને જૂએ કે શું ઈમામે હુસૈન رضی اللہ عنہએ જે બાબતોને કારણે, જે ગુનાહોની નાબૂદીના માટે પોતે પૂરા ખાનદાનની સાથે શહાદત વહોરી તે ગુનાહો તે કામો તેઓ પોતે કરે છે કે નથીકરતા?! જો કરે છે તો તેમનું દુનિયા તથા આખેરતમાં ભલુ ક્યાંથી થશે કે એ કરતૂતો ગુનાહો યઝીદ પલીદ કરતો હતો ! **નાચગાન, બદનઝરી, શરાબનોશી, વ્યભિચાર, જૂઠ દગાબાજી, નમાઝોનો ત્યાગ, દાઢી મૂંડન વગેરે ગુનાહો જો તમે કરો છો તો તમે યઝીદના ભાઈ જ છો** ! ક્યાં તો તાત્કાલિક તૌબા કરી લો, ક્યાં તો ઈમામ હુસૈન رضی اللہ عنہની અહલે બયતની મહોબ્બતનો દાવો ત્યજી દો, તમારાં કરતૂતોથી ઈમામ હુસૈન તથા અહલે બયતની રૂહોને જરૂર તકલીફ થતી હશે ! જૂઠા દાવેદારો ! તૌબા કરીને શરીઅતના સુન્નતોના પાબંદ બની જાવ, એમાં જ બંને જહાનમાં ભલાઈ છે.

વળી કેટલાક વહાબી, દેવબંદી, મૌદૂદી બદ અક઼ીદાઓ ઈમામ હુસૈન رضی اللہ عنہની શહાદતને લઈને પોતાના દિલની કાળાશને બહાર ઠાલવે છે કે ઈમામ હુસૈન رضی اللہ عنہ જો બાકરામત બુઝર્ગ હતા તો યઝીદી લશ્કરના હાથે શહીદ શાથી થઈ ગયા ?!

**આંખવાલે તેરી જોબનકા તમાશા દેખે**
**દીદએ કોર કો ક્યા નઝર આએ ક્યા દેખે**

યાદ રાખશો ! ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા અહલે બયતે પાકના સબ્રની કર્બલાના મેદાનમાં આજમાઈશ હતી જેમાં તેઓ ૧૦૦% પાર ઉતરી ગયા. દીનની રક્ષામાં ગમે તેવી મુસીબતો આવે, ચાહે જાનની બાજી લગાડવી પડે પણ દીન પર શરીઅત પર અડગતાથી રહેવાનું શીખવું હોય તો કર્બલાના મંઝરને જોઈ લો. આજે સહેજ તકલીફ આવતાં કે સહેજ ડરાવવામાં આવતાં કહેવાતા મુસલમાનોના પગો ડગમગવા માંડે છે, તેઓ જો દીન ઈમાનનું મહત્વ સમજવા ચાહતા હોય તો ઈમામ હુસૈન رضی اللہ عنہની કુર્બાનીઓનો અભ્યાસ કરે. અત્રે કર્બલાના મેદાનમાં ઉદ્‌ભવેલી ઈમામ હુસૈન رضی اللہ عنہની કેટલીક કરામતો પેશ કરીએ છીએ જેનાથી સમજાશે કે ઈમામ હુસૈન رضی اللہ عنہ લાચાર બંદા ન હતા બલ્કે અલ્લાહે તેમને ઈખ્તિયારવાળા બનાવ્યા હતા, પણ નાનાજાનની ઉમ્મતની તાલીમ માટે તેમણે સબ્રનું પાસુ અપનાવ્યું હતું.



## ગુસ્તાખે હુસૈન આગની ખંદકમાં પડયો

યઝીદી દુશ્મનોના ટોળામાંથી એક શખ્સ ઘોડો કૂદાવતો સામે આવ્યો, જેનુ નામ અમ્રહ હતું. જ્યારે તેણે જોયું કે ઈમામના માણસોની આજુબાજુ ખંદકમાં આગ સળગી રહી છે અને ભડકા ઉઠી રહ્યા છે અને આ તદબીરથી તંબૂવાળાઓથી રક્ષા કરવામાં આવી રહી છે, તો એ ગુસ્તાખ બદબાતિને હઝરત ઈમામ સાહબને કહ્યું, હે હુસૈન ! તમે ત્યાંની આગથી પહેલાં અહીં આગ લગાડી છે ?! ઈમામ આલી મક઼ામ અલા જદ્દેહી વ અલૈહિસ્સલામએ ફર્માવ્યું, "હે ખુદાના દુશ્મન ! તું જૂઠો છે ! તને ગુમાન છે કે હું દોઝખમાં જઈશ ?!" હઝરત મુસ્લિમ બિન અવીજહને એ બદબખ્તના આ શબ્દો ખૂબ બુરા લાગ્યા અને તેમણે આ બદબખ્તના મોં પર તીર મારવાની ઈજાઝત ચાહી, આપે તેમને ઈજાઝત ન આપી પણ ખુદા તઆલાની બારગાહમાં હાથ ઉઠાવીને દુઆ કરી, યા ઈલાહલ આલમીન ! જહન્નમના અઝાબથી પહેલાં આ ગુસ્તાખને દુનિયામાં જ આગના અઝાબમાં સપડવી દે ! ઈમામે હાથ ઉઠાવતાં જ તેના ઘોડાનો પગ એક કાણામાં પડયો અને તે ઘોડા પરથી ગબડી પડયો, તેનો પગ પેંગડામાં ફસાયો. ઘોડો તેને લઈને નાઠો અને તેને આગની ખંડકમાં ફેંકી દીધો.

## બીજા ગુસ્તાખને કાળા વીંછીએ ડંખ્યો

હઝરત ઈમામે શુક્રનો સજદો કર્યો, પોતાના પરવરદિગારની હમ્દો ષના કરી અને અર્ઝ કરી, હે પરવરદિગાર ! તારો શુક્ર છે કે તેં અહલે બયતે રિસાલતનુ બુરુ તાકનારને સજા આપી.

ઈમામની ઝબાન મુબારકથી આ શબ્દો સાંભળીને દુશ્મનોની સફમાંથી એક બેબાકે કહ્યું, તમારે પયગંબરે ખુદા ﷺથી શું નિસ્બત ! આ શબ્દો તો હઝરતના માટે અતિશય તકલીફ આપનાર હતા ! આપે બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરી, હે અલ્લાહ ! આ બદઝબાનને જલ્દીથી ઝિલ્લતમાં ગિરફતાર કર ! ઈમામે આ દુઆ ફર્માવી અને તેને ક઼ઝાએ હાજત (જાજરૂ)ની જરૂરત ઉભી થઈ. તે ઘોડા પરથી ઉતરીને એક તરફ નાઠો અને કોઈ જગાએ ક઼ઝાએ હાજતના માટે નગ્ન થઈને બેઠો. એક કાળા વીંછીએ ડંખ માર્યો તો ગંદકીથી ખરડાયેલ તડપતો ફરતો હતો. આ બેઈજ્જતીની સાથે પૂરા લશ્કરની સામે તે નાપાકની જાન નીકળી, છતાં કઠણહૃદયી બેગૈરતોને શરમ ન આવી.

## પાણી પીવડાવવા છતાં તરસે મર્યો !

એક અન્ય મુઝનીએ ઈમામની સામે આવીને કહ્યું, હે ઈમામ ! જુઓ તો ફુરાતનો દરિયો કેવો મોજાં મારી રહ્યો છે ! ખુદાની ક઼સમ ખાયને કહું છું કે તમને તેનું એક ટીપુ મળશે નહીં ! અને તમે તરસે મરી જશો ! હઝરત ઈમામે તેના માટે ફર્માવ્યું, યા રબ ! એને તરસે માર ! ઈમામનું આ કહેવું હતું કે મુઝનીનો ઘોડો ચમકયો, મુઝની પડયો અને ઘોડો નાઠો અને મુઝની [redacted] માટે તેની પાછળ દોડયો અને તેને એટલે સખત તરસ લાગી કે તરસ ! તરસ ! પોકારતો હતો. અને જ્યારે પાણી તેના મોઢે લગાડતા હતા તો એક ટીપુ પણ પી શકતો ન હતો, ત્યાં સુધી કે એ જ તરસની તકલીફમાં તે મરી ગયો.

ફરઝંદે રસૂલે એ વાત પણ દેખાડી આપવી હતી કે જેવી રીતે તેમની મક઼બૂલિયત તથા મર્તબો બારગાહે રબમાં અનેક કુર્આની દલીલો તથા મશહૂર હદીષોથી છે એવી જ રીતે આપની કરામતો પણ એના માટે સાક્ષી છે. પોતાની આ ફઝીલતની ઈતમામે હુજ્જત (દલીલોની પૂર્ણતા)ની એક કડી હતી કે જો તમે આંખવાળા છો તો જોઈ લો કે જે આવો મુસ્તજાબુદઅવાત છે તેના મુક઼ાબલામાં આવવું એ ખુદાથી જંગ કરવું છે, તેનો અંજામ વિચારી લો અને ગુસ્તાખી કરવાથી બચો. પણ શરારતનાં પૂતળાંઓ એનાથી પણ સબક ન શીખી શક્યાં. *(ખુત્બાતે મુહર્રમ)*

# વઅઝના જલસાઓની સુધારણા માટેની ચળવળ

અઝ : મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી
દારુલ કલમ–દિલ્હી

અનુવાદક : પટેલ શબ્બીર અલી
રઝવી દયાદરવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

આજના ધાર્મિક જલસાઓના ફાયદાઓ સંબંધે ઘણે ખરે અંશે વિચારણાની જરૂરત છે. દિલ્હીમાં એકવાર હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ (વફાત : ૧૫ સફર, હિ.સ. ૧૪૩૨, અ.તા. ૨૧–૪–૨૦૦૨) સાથે હાલના જલસાઓ અને તેમાં થનારી તકરીરોના વિશે ચર્ચા ચાલી રહી હતી. ચર્ચા દરમિયાન આપે ખૂબ જ સમૃદ્ધ તથા મજબૂત રિવ્યુ આપ્યું જેનાથી જલસાઓ તથા તેમાંની તકરીરોના લાભાલાભ ખૂબ સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે. ફર્માવ્યું, "આ જલસાઓએ આપણને જીવાડયા પણ છે અને માર્યા પણ છે."

હવે આ જલસાઓનો શો હાલ થતો જઈ રહ્યો છે એ સૌના પર જાહેર છે. એટલા માટે જરૂરી છે કે, "જલસાઓની સુધારણા"ની કાયદેસરની ચળવળ શરૂ કરવામાં આવે અને ખાસ તથા આમ લોકોને બતાવવામાં આવે કે નફાકારક તથા લાભદાયી ચીજોને અપનાવવામાં અને નુકસાનકર્તા ચીજોને ત્યજી દેવામાં આવે.

ઈ.સ. ૨૦૧૨માં ગૌહાટી રાજ્ય આસામના સુન્ની ભાઈઓએ કેવળ કાંઈક મશ્વરા તથા વિચારવિમર્શ માટે મને (મૂળ લેખકને) નિમંત્ર્યો હતો. ગૌહાટી પહોંચ્યા પછી મેં પ્રથમથી આયોજીત પ્રોગ્રામ પ્રમાણે એક ચુનંદા તબકા સાથે એક હોલમાં ચર્ચા કરી. અન્ય વાતો ઉપરાંત જલસાઓની સુધારણા બાબતે પણ મેં ધ્યાન દોર્યું. મને અવું મહેસૂસ થયું કે આ બધી એમના દિલની વાતો છે, હાજર રહેલાઓની ચહેરાની ખુશી પ્રદર્શિત કરતી રેખાઓ આ હકીકતનો સ્પષ્ટ નિર્દેશ કરી રહી હતી.

મેં ગૌહાટી રાજ્ય આસામના અહલે સુન્નતના માટે એક લેખિત માર્ગદર્શક પત્રિકા પણ તૈયાર કરી. આ માર્ગદર્શનની સૂચનાના બે ત્રણ મુદ્દાઓ જે જલસાઓની સુધારણાના સંબંધે છે તેને નીચેના લખાણમાં જુઓ :

## જલસા કેવી રીતે કરવામાં આવે ?

૦૧. સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅતના જલસાઓમાં તે જ ખતીબો તથા મુકર્રિરોને બોલાવવામાં આવે જેઓ ઈલ્મવાળા હોવાની સાથોસાથ અમલવાળા પણ હોય, અને સ્થાનિક મુસલમાનોની દીની જરૂરત તથા હાજતના પ્રમાણે તકરીરો કરે. પોતાની તકરીર દરમ્યાન ન તે કોઈ ગૈર મુસ્તનદ (સનદ વિનાની) વાત કહે અને ન કોઈ અયોગ્ય તથા વાહવાહી પામવાનો તરીકો અપનાવે.

૦૨. ઈશાની નમાઝ બાદ જલસા શરૂ કરી દેવામાં આવે અને સલાતો સલામ દુઆની સાથે બાર વાગતા પહેલાં એ જલસા ખત્મ કરી દેવામાં આવે.

૦૩. તક્રીર તથા ખિતાબના માટે અકીદાઓ, ઈબાદતો તથા અમલી બાબતોમાંથી કોઈ ખાસ પાસાની પસંદગી કરવામાં આવે.

૦૪. ફઝાઈલ તથા મસાઈલની સાથે મુસલમાનોની સામાજિક બાબતો તથા મામલાઓની તરફ ખાસ ધ્યાન આપવામાં આવે.

૦૫. મુસલમાનોને એજ્યુકેશન તથા વ્યાપારની તરફ આકર્ષવાની ભરપુર કોશિશ કરવામાં આવે.

અને આ બાબતની જરૂરથી કાળજી લેવામાં આવે કે :–

"સ્થાનિક મુસલમાનો સાથે ચર્ચા વિચારણા બાદ જે વાતોમાં તેમને દીની માર્ગદર્શનની જરૂરત હોય એ બાબતને તક્રીરનો વિષય બનાવવામાં આવે." *(લેખિત સૂચનો : તા. ૧૩–૫–૨૦૧૨)*

મૌલાના મન્ઝૂર અહમદ મિસ્બાહી આસામીના એક લેખની સાથે ઉપરોક્ત મુદ્દાઓ કેટલાયે સુન્ની માસિકોમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે.

ખતીબો તથા શાઈરો તથા જલસાઓ કરાવનારાઓ "જલસાઓની સુધારણા" પ્રતિ વહેલી તકે ધ્યાન આપે તો મઝહબ તથા મિલ્લત તથા કૌમ પર તેમની ખાસ મહેરબાની ગણાશે.

## આ રીતે જલસા કરવાનું બંધ કરો !

ખુદા ન ખ્વાસ્તા આપણા જલસાઓની પોઝિશન અને તેમની રોજનીશી એ જ પ્રમાણે રહી જેવું કે નીચે વર્ણન છે તો એ આપણા માટે સારી વાત ગણાશે નહીં.

અત્યારે ચાલતા જલસાઓ અને એમાં થનારી તક્રીરોનો હાલ સૌના પર જાહેર છે. મુંબઈમાં વ્યવસ્થા તંત્ર તરફથી રાતે દસ વાગ્યા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ પર પાબંદી લાગુ થઈ જવાથી ધંધાદારી તક્રીરોની ગર્મબાઝારી ઘણે ખરે અંશે ઓછી થઈ ચૂકી છે. પણ ઉત્તર પ્રદેશ, ઝારખંડ, બંગાળ, બિહાર વગેરેના જલસા અને તેમાં થનારી ધંધાદારી તક્રીરોનો હાલ પહેલાં જેવો જ છે.

હિંદુસ્તાનની અંદર ધંધાદારી તક્રીરોના રિવાજની મુદ્દત લગભગ ૧૦૦ વરસની અને ધંધાદારી નઅતખ્વાનીના રિવાજની મુદ્દત ૬૦–૭૦ વરસની છે. એનાથી પહેલાં એવો કોઈ રિવાજ ન હતો.

દરેક મઝહબ, દરેક ભાષા, દરેક કૌમ અને દરેક દેશની અંદર તક્રીર તથા ખિતાબતનો ક્રમ હજારો વરસ પૂરાણો છે. એ જ પ્રમાણે મુસલમાનોમાં નઅતખ્વાની હઝરત હસ્સાન બિન ષાબિત, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા તથા હઝરત કઅબ બિન ઝુહૈરથી શરૂ થઈ. પણ અહીં આપણી ચર્ચાનું વર્તુળ ધાર્મિક જલસાઓમાં ધંધાદારી તક્રીરો તથા ધંધાદારી નઅતખ્વાની સુધી સીમિત છે અને એ જ ચર્ચાનું કેન્દ્ર છે. અને આ સર્વ ચર્ચા તે ધંધાદારી મુકર્રિરો અને તેમની તક્રીરો તથા ધંધાદારી નઅતખ્વાનો તેમની નઅતખ્વાનીના સંબંધે છે જેમને હાલના રિવાજ પામેલા જલસાઓમાં દૂર દૂરથી આમંત્રિત કરવામાં આવે છે.

યુ.પી., બિહાર વગેરેમાં આ ધાર્મિક જલસા ઈશાની નમાઝ બાદ સામાન્યતઃ મોડેથી શરૂ થઈને

બે ત્રણ વાગ્યે રાતે પૂર્ણ થાય છે. મોટાભાગના મુક઼ર્રિરો પોતાના શ્રોતાઓ તથા હાજરજનોની દીની જરૂરતથી બેપરવા બનીને પોતાની ખાસ કરેલી તક઼રીરો કરતા રહે છે. અમુક મુક઼ર્રિરો અતિશય જઝબાતી તક઼રીરો કરે છે, એ જ પ્રમાણે ગલત સલત રિવાયતો અને હવાલા વિનાની ચીજો પણ કેટલાક મુક઼ર્રિરો સંભળાવતા રહે છે જેની રોક થામ નથી થઈ શકતી. અને જો કોઈ મુખ્લિસ જિમ્મેદાર આલિમ હિંમત કરીને ઈસ્લાહની નિય્યતે કાંઈક રોક ટોક કરે છે તો તેના અપમાન કરવા પર તથા તેને ઈજા પહોંચાડવા સુધી પહોંચી જાય છે. અમુક ધંધાદારી નઅતખ્વાં કેવા અંદાઝમાં નઅતખ્વાની કરીને તેની પાકીઝગીને પાયામાલ કરી રહ્યા છે તે કહેવા જેવી વાત નથી રહી.

''ઈ.સ. ૧૯૭૮ના ડિસેમ્બરના આખરની કોઈ અતિ ઠંડી રાત હતી. તેલનીપાડાની સાંકડી ગલી બેરીયલ ગ્રાઉન્ડ લેનમાં તબલીગે સીરત (કલકત્તા)ના હેઠળ એક જલસો હતો.''

આ જ તે સ્થિતિઓ તથા સબબો છે જેના કારણે જલસામાં શરીક થનારાઓમાં એજ્યુકેટેડ વર્ગ તથા વેપાર ધંધાવાળા લોકો, ગવર્નમેન્ટ કાર્યાલયોના ઉચ્ચ તથા સામાનય કર્મચારીઓ, સ્કૂલ કોલેજ તથા યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ તથા ટીચરો તથા એ પ્રકારના અન્ય લોકોની સંખ્યા શૂન્ય અથવા નામ પૂરતી થતી ગઈ.

## બે ત્રણ વાગે રાતમાં ખત્મ થનારા જલસાઓનાં નુકસાનો

(૧) ફજરની નમાઝની અદાયગી ખતરામાં પડી જાય છે. (૨) સ્કૂલ ટીચરો તથા વિદ્યાર્થીઓ અને વિવિધ ક્ષેત્રોના તથા ઓફીસો વગેરેથી સંબંધિત લોકો જલસામાં શરીક નથી થતા. (૩) રાતભર જાગવાના પરિણામે બીજા દિવસે ક્યાં તો સૂએ અને પોતાનું કામ ન કરે અથવા દિવસભર ઊંઘની સ્થિતિમાં કોઈ કામ કરે તો તે ગૈર જિમ્મેદારીની સાથે થશે જેથી કામમાં ઉદ્ભવનાર ખરાબીઓ તથા ઉણપો તેમજ ગલતીઓનો સબબ બનશે.

આ પ્રકારની અધિક ખરાબીઓ તથા નુકસાનો છે.

વાંચકો પોતાના દિલ પર હાથ રાખીને વિચારે કે શું આ પ્રકારના જલસા તથા તક઼રીરો સુધારણા પાત્ર છે કે નથી ?

બિહાર તથા ઝારખંડના અમુક લોકોએ બતાવ્યું કે ત્યાંના જલસાના આયોજકો કોઈ મશહૂર નઅતખ્વાંની પહેલેથી તારીખ નક્કી કરે છે ત્યારબાદ મુક઼ર્રિરોની તારીખ નક્કી કરે છે. આ પરિસ્થિતિનું પરિણામ જાહેર છે.

## ધંધાદારી ! એનાઉન્સર, નઅતખ્વાં, મુક઼ર્રિરો !

શારેહે બુખારી હઝરત મુફ્તી શરીફુલ હક્ક઼ સાહબ અમજદી رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે :

''એકવાર ઉર્સે રઝવી બરેલી શરીફના જલસામાં એક સારા અવાજવાળા નઅતખ્વાં ખૂબ જ ઝુમી ઝુમીને નઅત શરીફ પઢી રહ્યા હતા, જે બાદમાં મઝહબી સ્ટેજો પર મશહૂર નઅતખ્વાં બની ગયા.

મેં નઅતખ્વાની દરમ્યાન તેમને ખૂબ જ દાદ આપી. સ્ટેજ પર કેટલાક મશહૂર ઉલમાની સાથોસાથ હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ (વફાત : હિ.સ. ૧૩૮૧, ડિસે. ૧૯૬૧) પણ બિરાજમાન હતા જે આ મન્ઝર જોઈ રહ્યા હતા. જલસો પૂરો

થયા બાદ જ્યારે ક઼યામગાહ પર પરત થયા તો તેમણે મને સંબોધીને ફર્માવ્યું, ઘણા જ સુખન ફહમ (શેઅરના સહીહ અર્થ સમજનાર) જણાવ છો ! ખૂબ જ ઝુમી ઝુમીને દાદ આપી રહ્યા હતા ! એક દિવસ એ આવશે કે માથા પર હાથ મૂકીને* રડશો !" *(શારેહે બુખારીની રિવાયત પૂરી)*

હું સમજુ છું કે હઝરત મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની પેશનગોઈ સાચી સાબિત થઈ અને એ દિવસ આવી ચૂક્યો છે. શું આ પરિસ્થિતિ ખુદ મુક઼ર્રિરો માટે ચિંતનનો વિષય નથી ?!

એ દિવસોમાં જલસાઓ તથા કોન્ફ્રન્સોના મોટાં મોટાં નામો રહેતાં ન હતાં, ન આજની જેમ ધંધાદારી એનાઉન્સરો રહેતા હતા, ન તો એ સિસ્ટમ કે આરામ કરીને મુક઼ર્રિરો વારાફરતી આવે અને તેમના આગમન પર જોર જોરથી નારા લાગે અને સરકાર ﷺની નઅત પેશ કરનાર સરકાર ﷺની નઅત છોડીને મુક઼ર્રિરે ઝીશાનના નારા લગાડવા માંડે...." *(પેજ : ૨૯, વિષય : મર્દે હક઼્ આગાહ, પ્રો. શાહિદ અખ્તર હબીબી, કિતાબ : એહસાને કામિલ, સંપાદક : મુહમ્મદ શાહનવાઝ ખાન એહસાની, હોળા–બંગાલ, પ્રથમ આવૃત્તિ : હિ.સ. ૧૪૩૪, જૂન–૨૦૧૩, ઈર્ફાને મઝહબો મસ્લક, માર્ચ–૨૦૧૪, પેજ: ૧૧૯ થી ૧૨૧, હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જુલાઈ–૨૦૧૯)*

** આજે નઅતખ્વાનોની ઉપર લોકો પોતાને બહુ મોટા આશિક઼ દેખાડવા હજારોની નોટો ઉડાડે છે એ સરાસર ગલત તથા રિયાકારીનો એમાં અંદેશો છે. જે હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની પેશનગોઈના મુજબ છે કે કહેવા છતાં લોકો માનતા નથી, જેથી માથે હાથ મૂકી રડવાનો જ વારો આવેલો કહી શકાય. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

પેજ 04 નું ચાલુ..

અલ્લાહ તઆલાની નાફર્માનીએ આપણને ડરપોક બનાવી દીધા છે અને ડરની ઘાટીઓમાં આપણને ધકેલી દીધા છે.

આજે પણ આપણે નજીકના ભૂતકાળના બુઝુર્ગોનું જ નિરીક્ષણ કરીએ તો તેમની બેખૌફી સ્પષ્ટ તરી આવતી જોવા મળશે. જેમ કે સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ જેમનું મઝાર મુબારક બરેલી શરીફના જે સોદાગ્રાન મહોલ્લામાં છે તેને હિંદુસ્તાનના ભાગલા વખતે મુસલમાનોએ છોડી દીધુ હતું. પરંતુ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ત્યાં જ અલ્લાહના ભરોસા પર રહ્યા અને મસ્જિદે રઝામાં બરાબર નમાઝો પઢવા જતા હતા અને બિલકુલ બેખૌફ રહ્યા. આ ફકત અને ફકત અલ્લાહ ﷻ અને તેના હબીબ ﷺના ફર્માન પર અમલના કારણે છે.

ઈસ્લામ અલ્લાહનો પસંદ કરેલો દીન છે અને આ કોઈ નવો દીન નથી, પરંતુ જ્યારથી ઈન્સાન છે ત્યારથી ઈસ્લામ છે. અફસોસ ! આજ સુધી આપણે દીનને સમજી ન શક્યા. આપણે બસ કેટલીક વસ્તુઓને અપનાવીને તેને આખો દીન સમજી લીધો છે. આપણી રાતો અને દિવસો કઈ રીતે પસાર થાય છે તેના માટે આપણે કોઈની ગવાહી લેવાની જરૂરત નથી. કુર્આન ફર્માવે છે : بَلِ الْاِنْسَانُ عَلٰى نَفْسِهٖ بَصِيْرَةٌ "બલ્કે મનુષ્ય પોતે જ પોતાના હાલ પર નજર રાખે છે."

*(સૂ. ક઼િયામા, ૭૫/૧૪)*

મારા અઝીઝો ! આ સમયે હાલાતને ખુશમિજાઝ બનાવવા માટે અને ડર અને ચિંતાથી નીકળવા માટે ગુનાહથી દૂરી તથા તૌબા અને અલ્લાહ પ્રતિ વળવાની ખૂબ જ જરૂરત છે. તેના વિના આપણો અજંપો, બેચેની તથા લાચારી દૂર થશે નહીં.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ઓગસ્ટ–૨૦૧૯)*

# સમુદ્રમાં મીઠા તથા ખારા પાણી વિશે
## કુર્આન તથા સાયન્સ

➻ રજૂકર્તા : મુહમ્મદસલીમ ઈબ્રાહીમ ખત્રી
(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયહ મુબારકપુર, યુ.પી.)

કુર્આન મજીદમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

مَرَجَ الْبَحْرَيْنِ يَلْتَقِيٰنِ ۙ﴿۱۹﴾ بَيْنَهُمَا بَرْزَخٌ لَّا يَبْغِيٰنِ ۚ﴿۲۰﴾

"તેણે બે નદીઓ કે સમુદ્ર વહેતા કર્યા જે એકબીજાની સાથે મળે છે (તો પણ) તેમની વચ્ચે એક પર્દો છે, તે પોતાની સીમા નથી ઓળંગતા."

–(સૂરએ રહમાન, આ. ૧૯, ૨૦)

બીજી જગ્યાએ ઈર્શાદે રબ્બાની છે :–

وَهُوَ الَّذِيْ مَرَجَ الْبَحْرَيْنِ هٰذَا عَذْبٌ فُرَاتٌ وَّهٰذَا مِلْحٌ اُجَاجٌ ۚ وَجَعَلَ بَيْنَهُمَا بَرْزَخًا وَّحِجْرًا مَّحْجُوْرًا ﴿۵۳﴾

"અને તે જ તો છે જેણે બે સમુદ્રોને ભેળવી રાખ્યા છે જેનામાંથી એકનું પાણી સ્વાદિષ્ટ તથા મીઠુ છે અને બીજાનુ ખારુ તથા કડવુ. પછી તેમની વચ્ચે એક પર્દો તથા મજબૂત રોક ઊભી કરી દીધી છે." *(સૂ. ફુર્કાન, આ. ૫૩)*

مَرَجَનો શાબ્દિક અર્થ બે વસ્તુઓનું એવી રીતે મિશ્રણ કરવુ અથવા તેમનું એકબીજામાં એ રીતે ભળવુ છે કે તે બંનેની વ્યક્તિગત સ્થિતિ તથા વિશિષ્ટતા બાકી રહે. દા.ત. غصن مريج "એક બીજા સાથે મળેલી ડાળી." *(મુફર્રદાતે ઈમામ રાગિબ)*

આ આયતમાં અલ્લાહ તબારક વ તઆલાએ પોતાની કુદરતની માનવ બુદ્ધિને ચકિત કરી દેનાર એક નિશાની બતાવી છે.

*(તયસીરુલ કુર્આન, ભાગ : ૩, હાશિયા : ૬૫)*

આધુનિક વિજ્ઞાને સંશોધન કર્યું છે કે બે અલગ અલગ સમુદ્ર જ્યાં એક બીજામાં ભળે છે તેમની વચ્ચે એક એવો પર્દો આડે આવે છે જે તેમને એકબીજાથી જુદા રાખે છે અને દરેક સમુદ્રનું પોતાનુ તાપમાન, ખારાપણુ તથા અશુદ્ધતા હોય છે.

***(Principles of Oceangraphy, Davis, Page : 92, 93)***

આ હાલત દરેક તે જગ્યાએ જાહેર થાય છે જ્યાં કોઈ મોટી નદી સમુદ્રમાં આવીને પડે છે. એના સિવાય સમુદ્રમાં અલગ અલગ જગ્યા પર મીઠા પાણીનાં ઝરણા મળી આવે છે જેમનું પાણી સમુદ્રના ખૂબ જ કડવા પાણીની વચ્ચે પણ પોતાની મીઠાશ કાયમ રાખે છે. તુર્કી અમીરુલ બહર સૈયદી અલી રઈસ (કાતિબે રૂમી) પોતાની કિતાબ "મિર્અતુલ મમાલિક"માં જે સોળમી સદી ઈસ્વીમાં લખાયેલી છે, ઈરાનની ખાડીની અંદર આવી જ એક જગ્યાનું નિશાન બતાવે છે. તેણે લખ્યું છે કે ત્યાં ખારા પાણીની નીચે મીઠા પાણીના ઝરણાં છે, જેમનાથી હું પોતે પોતાના જહાઝ માટે પીવાનુ પાણી પ્રાપ્ત કરતો રહ્યો છું. વર્તમાનકાળમાં જ્યારે અમેરિકી કંપનીએ સઊદી અરબમાં ખનીજ તેલ કાઢવાનું કામ કર્યું તો શરૂઆતમાં તેણે પણ ફારસના અખાતના ઝરણાઓથી પાણી પ્રાપ્ત કરતી હતી, ત્યાર બાદ ઝહરાનની પાસે કૂવા ખોદી લેવામાં આવ્યા અને તેમનાથી પાણી લેવામાં આવ્યું. બહરૈનની નજીક પણ સમુદ્રના તળીયે મીઠા પાણીના ઝરણાં છે જેમનાથી લોકો થોડાક સમય પહેલાં સુધી પીવાનુ પાણી પ્રાપ્ત કરતા રહ્યા છે.

અલ્લાહ તબારક વ તઆલાની કુદરતનો આ ચમત્કાર દુનિયામાં ઘણી જગ્યા પર જાહેર થયો છે, દા.ત. "જબલે તારિક"ની જગ્યાએ જ્યાં બુહૈરએ રૂમ અને બહરે ઉક્યાનૂસ મળે છે. તેના સિવાય કેપ પોઈન્ટ, કેપ પેનેન્સોલા, સાઊથ આફ્રિકાની એ જગ્યાઓ પર જ્યાં બેહરે ઓક્યાનૂસ અને હિંદી મહાસાગર મળે છે. આના સિવાય મિસરમાં પણ તે જગ્યાએ જ્યાં દરિયાએ નીલ બુહિરએ રૂમમાં જઈને પડે છે, આ જ ક્રિયા જાહેર થાય છે.

*–(કુર્આન અને મોડર્ન સાયન્સ, પેજ : ૨૮, ૨૯)*

બુહૈરએ રૂમનું પાણી બહરે ઉક્યાનૂસના પાણીની સરખામણીમાં ગરમ, ખારુ તથા ઓછુ અશુદ્ધ હોય છે, જ્યારે બુહૈરએ રૂમ જબલે તારિક઼ પરથી બહરે ઉક઼્યાનૂસમાં દાખલ થાય છે તો આ બહરે ઉક઼્યાનૂસના મુખ પરથી લગભગ એક હજાર મીટરની ઊંડાઈ સુધી પોતાની ગરમી, ખારાપણુ અને ઓછી અશુદ્ધતાની વિશિષ્ટતાઓ સાથે કેટલાય કિલોમીટર દૂર સુધી વહે છે અને બુહૈરએ રૂમનું પાણી પોતાની ઊંડાઈ પર અટલ રહે છે.

ઉપરાંત આ કુદરતી આડ મોટી મોટી લહેરો, શક્તિશાળી મોજાઓ તથા ભરતી, ઓટને એકબીજામાં મળવાથી કે સીમાઓથી આગળ વધવા નથી દેતી. **કુર્આન મજીદમાં આ જ વાતનુ ખૂબ જ સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું કે બે સમુદ્રોનું પાણી જ્યાં એકત્ર થાય છે તો તેમની વચ્ચે એક કુદરતી તથા માનવીય આંખને ન દેખાય એવી એક આડ આડે આવે છે જે એ બંને પાણીઓને એકબીજામાં ભળવાથી અને ભેળસેળ થવાથી રોકે છે.** એટલે કે જાહેરમાં મળેલા હોવા છતાં પણ બંને સમુદ્રોનાં પાણીઓની વિશિષ્ટતાઓ પોતપોતાની જગ્યાએ ક઼ાયમ રહે છે.

અહીંયાં એક બીજી વાત વિચારવા જેવી છે કે અલ્લાહ તબારક વ તઆલા સૂરએ રહમાનમાં જ્યારે બે સમુદ્રોના એક બીજામાં મળવાની ચર્ચા કરે છે તો તેમની વચ્ચે આડને માત્ર એક શબ્દ برزخથી જાહેર કરે છે પણ સૂરએ ફુર્કાનમાં જ્યારે મીઠા તથા ખારા પાણીની ચર્ચા કરે છે તો તેમની વચ્ચે આડ માટે શબ્દો بَرْزَخًا وَّحِجْرًا مَّحْجُوْرًا વાપરે છે. જેનાથી જાહેર થાય છે કે સ્થિતિ પ્રમાણે આડના પ્રકારમાં તફાવત છે.

આ જ વસ્તુને આધુનિક વિજ્ઞાને વર્તમાનકાળમાં જ શોધ કરી છે કે સમુદ્રના ભરતી ઓટવાળા સંગમ સ્થાનોમાં જ્યાં મીઠુ તથા ખારુ પાણી પરસ્પર ભેગુ થાય છે, પરિસ્થિતિ તે જગ્યાએ અલગ હોય છે જ્યાં બે સમુદ્રો ભેગા થાય છે. શોધખોળથી જાણવા મળ્યું છે કે નદીઓના મુખમાં તાજા પાણી તથા ખારા પાણી વચ્ચે એક ઘટ્ટ પાણીનો પડદો હોય છે જે તાજા પાણી તથા ખારા પાણીનાં તત્વોને ભળવા નથી દેતો. આ પડદો તાજા પાણી તથા ખારા પાણીની પોતાપોતાની વિશિષ્ટતાઓથી અલગ ખારાપણાનો ધારક હોય છે. આ જાણકારી વર્તમાનકાળમાં જ ગરમી, અશુદ્ધતા, ખારાપણુ તથા ઓક્સીજનની સ્થિતિને જાણવાના આધુનિક સાધનો વડે શોધ થઈ છે.

માનવ આંખ જેવી રીતે બે સમુદ્રના મિલાપના ફરક઼ને નથી જોઈ શકતી, એ જ પ્રમાણે ભરતીઓટના મુખમાં ત્રણ પ્રકારના પાણીને નથી જોઈ શકતી. એટલે સાફ તથા સ્વચ્છ, ખારુ પાણી તથા તેમનું જુદાપણુ એટલે (Zone of Separation)ને નથી જોઈ શકતી. *(સાઈન્સી ખુલાસાઓ કુર્આન હદીષની રોશનીમાં, પેજ : ૧૪૯ થી ૧૫૨)*

**જેમ કે આ મસ્અલામાં પણ કુર્આન અને આધુનિક વિજ્ઞાનમાં જબરદસ્ત એકરૂપતા જોવા મળે છે, જ્યારે કે કુદરતના ચમત્કારને કુર્આનના ઉતર્યાના વર્ષો પછી પણ કોઈ ન જાણતુ હતું !**

## સમુદ્રના તળીયે અંધારુ

આધુનિક વિજ્ઞાનના પ્રમાણે ઊંડા સમુદ્રો તથા નદીઓમાં ૨૦૦ મીટરથી વધુ ઊંડાઈમાં અંધકાર છે જ્યાં પ્રકાશ લગભગ નષ્ટ થઈ જાય છે જ્યારે કે ૧૦૦૦ મીટરની ઊંડાઈ પછી ખૂબ અંધારુ છે. ***(Ocean, Elder & Pernefta, Page : 92, 93)***

આના સિવાય આધુનિક વિજ્ઞાને વર્તમાનકાળ માં જ શોધ કરી છે કે સમુદ્રની અંદર ઉપરી મોજાંઓની જેમ અંદરૂની મોજાંઓ પણ હોય છે તે જગ્યાએ પેદા થાય છે જ્યાં અશુદ્ધતાવાળુ પાણી વધુ અશુદ્ધતાવાળા પાણી સાથે મળે છે. અંદરુની મોજાંઓ સમુદ્ધ તથા નદીઓના ઊંડા પાણીને ઢાંકીને રાખે છે, એટલે ઊંડા પાણીની ઉપર હોય છે કારણ કે ઊંડા પાણીની અશુદ્ધતા તેની ઉપરની સપાટી પર ઉપસ્થિત પાણીની અશુદ્ધતાથી વધુ હોય છે. અંદરનાં મોજાંઓ ઉપરી મોજાંઓની જેમ ઉત્પન્ન તથા સમાપ્ત થયા કરે છે. અંદરનાં મોજાંઓને માનવ આંખ નથી જોઈ શકતી. તેમને માત્ર તે જ પરિસ્થિતિમાં જાણી શકાય છે જો આપણે કોઈ નિશ્ચિત જગ્યાના અંદર ગરમીની ડિગ્રી તથા ખારાશમાં ઉત્પન્ન થનારા ફેરફારોનો અભ્યાસ કરીએ. ***(Oceangraphy, Gross, Page : 205)***

કુર્આન મજીદમાં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

اَوْ كَظُلُمٰتٍ فِيْ بَحْرٍ لُّجِّيٍّ يَّغْشٰهُ مَوْجٌ مِّنْ فَوْقِهٖ مَوْجٌ مِّنْ فَوْقِهٖ سَحَابٌ ؕ ظُلُمٰتٌۢ بَعْضُهَا فَوْقَ بَعْضٍ ؕ اِذَاۤ اَخْرَجَ يَدَهٗ لَمْ يَكَدْ يَرٰىهَا ؕ وَمَنْ لَّمْ يَجْعَلِ اللّٰهُ لَهٗ نُوْرًا فَمَا لَهٗ مِنْ نُّوْرٍ

"અથવા જેમ કે અંધારાં કોઈ કુંડાના (ઊંડાઈવાળા) દરિયામાં એના ઉપર મોજુ, મોજા ઉપર મોજુ, એના ઉપર વાદળ. અંધારાં છે એક પર એક. જ્યારે પોતાનો હાથ કાઢે તો દેખાતો ન જણાય. અને જેને અલ્લાહ નૂર ન આપે તેના માટે ક્યાંય નૂર નથી." *(સૂરએ નૂર, ૨૪/૪૦)*

પ્રોફેસર દુર્ગા પ્રસાદ રાવ દરિયાઈ જાણકારીના આંતરરાષ્ટ્રીય જાણકાર છે. કિંગ અબ્દુલઅઝીઝ યુનિવર્સિટી જિદ્દામાં પ્રોફેસર રહી ચૂક્યા છે. આ આયત વિશે તેમણે કહ્યું કે વર્તમાનકાળમાં જ વૈજ્ઞાનિકો આધુનિક સાધનો વડે આ જાણવામાં સફળ થયા છે કે સમુદ્રની ઊંડાઈમાં એકદમ અંધારુ છે. માણસ કોઈ વસ્તુની સહાય વગર ૨૦થી ૩૦ મીટર સુધી પાણીની અંદર ડૂબકી લગાડી શકે છે, પરંતુ ઊંડા સમુદ્રમાં ૨૦૦ મીટરથી વધુ ઊંડાઈમાં તે જીવંત નથી રહી શકતો. આ આયતનો ઈત્લાક઼ (લાગુ થવું) સર્વ સમુદ્રો માટે નથી થતો કારણ કે દરેક સમુદ્રમાં અંધારાનું આ રીતે વર્ણન નથી થઈ શકતું કે એક અંધારાના તળીયે બીજા અંધારાનું તળીયુ હોય. આ આયત ખાસ કરીને માત્ર ઊંડા સમુદ્રો વિશે છે. જેવી રીતે કુર્આન મજીદમાં પણ કહેવામાં આવ્યું કે, "ઘણા ઊંડા સમુદ્રમાં અંધારું."

ઊંડા સમુદ્રમાં અંધારાનું તળીયુ ઉત્પન્ન થવાના બે કારણો છે :–

**(૧)** પ્રકાશનાં કિરણો સાત રંગો સમાવે છે. જેમ કે આપણે મેઘધનુષ્યના સમયે જોઈએ છીએ. આ સપ્ત રંગી સમૂહ અલ્ટ્રા વાયોલેટ, ભૂરો, વાદળી, લીલો, પીળો, કેસરી તથા લાલ પર સામેલ છે. જ્યારે પ્રકાશનું કિરણ પાણી સાથે અથડાય છે તો

પરાવર્તનને કારણે એ વળી જાય છે અને પ્રકાશના લાલ રંગને પાણી ૧૦ થી ૧૫ મીટરની ઊંડાઈ સુધી આકર્ષિત કરી લે છે. તો જો કોઈ ડૂબકી મારવાવાળો પાણીમાં ૨૫ મીટરની ઊંડાઈ પર ઘાયલ થઈ જાય તો પોતાના લોહીને નથી જોઈ શકતો. કારણ કે એ ઊંડાઈ પર લાલ રંગ નથી પહોંચતો. એ જ રીતે કેસરી રંગનું કિરણ ૩૦ થી ૫૦ મીટર સુધીની ઊંડાઈમાં આકર્ષિત થઈ જાય છે. પીળો રંગ ૫૦ થી ૧૦૦ મીટર સુધી. લીલો રંગ ૧૦૦ થી ૨૦૦ મીટર સુધી, વાદળી રંગ લગભગ ૨૦૦ મીટર સુધી, જ્યારે કે ભૂરો તથા અલ્ટ્રાવાયાલેટ રંગ ૨૦૦ મીટરથી વધુ ઊંડાઈ પર આકર્ષિત થઈ જાય છે. જેથી જેવી રીતે રંગ સફળતાપૂર્વક એક એક કરીને ગાયબ થઈ જાય છે એ જ રીતે અંધકાર પણ તળીયે તળીયે વધતો જાય છે. એટલે અંધકાર પ્રકાશના તળીયે જગ્યા મેળવે છે. જ્યારે કે ૧૦૦૦ મીટરની ઊંડાઈ પછી સંપૂર્ણપણે અંધારુ છે.

**(૨)** સૂરજના કિરણો જ્યારે વાદળો સાથે અથડાય છે તો કાંઈક પ્રકાશ તો તેમાં શોષાય જાય છે અને બીજો પ્રકાશ વિવિધ કિરણોમાં બદલાઈ જાય છે, જેના કારણે વાદળો નીચે અંધારાનું એક પડ બની જાય છે. આ અંધારાનું પહેલુ પડ છે. જ્યારે પ્રકાશનાં કિરણો સમુદ્રની સપાટીથી અથડાય છે તો ઉપરી મોજાંઓ તેમના અમુક ભાગને પરાવર્તિત કરી દે છે અને અમુક ભાગ સમુદ્રની અંદર અસર કરી જાય છે. તો આ મોજાંઓ જ છે જે પ્રકાશને પરાવર્તિત કરે છે જેના પરિણામે સમુદ્રના બે ભાગ પડી જાય છે સમુદ્રનો ઉપરી ભાગ અને અંદરનો ઊંડો ભાગ. ઉપરી ભાગ પ્રકાશ તથા ગરમીના કારણે જ્યારે ઊંડો ભાગ અંધારાના કારણે ઓળખાય છે.

આના સિવાય એક બીજો ફરક તે બંને ભાગમાં મોજાંઓના કારણે પણ ઉત્પન્ન થાય છે. અંદરના મોજાંઓ નદીઓ તથા સમુદ્રના ઊંડા પાણીને ઢાંકીને રાખે છે. એટલા માટે કે ઊંડા પાણીની અશુદ્ધતા તેના ઉપર ઉપસ્થિત પાણીની અશુદ્ધતાથી વધુ હોય છે, અને એટલા જ માટે અંદરનાં મોજાઓ નીચે અંધારુ હોય છે, ત્યાં સુધી કે મચ્છી પણ સમુદ્રની ઊંડાઈમાં જોવા લાયક નથી રહેતી, અને પોતાના શરીરથી મળતો પ્રકાશ જ તેમના માટે એક ઉપાય હોય છે. પ્રોફેસર દુર્ગારાવનું કહેવું છે કે ૧૪૦૦ વર્ષ પહેલાં આ અશક્ય હતું કે એક સામાન્ય માણસ આ આશ્ચર્યજનક કામને આટલી સ્પષ્ટતાથી વર્ણવે છે, જેથી આ જાણકારી ખરેખર કોઈ અસંભવ રીતેથી જ નીકળી છે. *(કુર્આન અને મોડર્ન સાયન્સ, પેજ : ૩૦ થી ૩૨)*

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ફેબ્રુઆરી–૨૦૧૬)*

*અહલે સુન્નત વ જમાઅતના અકીદાઓનું સમર્થન કરતી, વહાબી, અહલે હદીષ, દેવબંદીઓની બદ્અકીદગીની રદ કરતી કુર્આન, હદીષ, અક્વાલ થકી મઝહબે હક્કને રોશન કરતી કિતાબ....*

**જાઅલ્ હક્ક**

(પેજીસ : ૯૩૬) *(સંપૂર્ણ કિતાબ)*

**હદિયો : રૂા. ૩૨૦/–**

*(ટપાલ ખર્ચ રૂા. ૩૦/–)*

**લેખક :** હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા–૩૯૨૦૨૦**, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

*અપીલ : પ્રસ્તુત કિતાબ છપાવવાનો ખર્ચ મોટો છે અને કિતાબોનો ઉપાડ ખાસ રહેતો નથી જેથી છાપકામમાં સહાય કરવાની નમ્ર અપીલ છે. મર્હૂમોના સવાબ અર્થે ૧૦૦-૨૦૦ કોપી અથવા જે બને તેનો ખર્ચ ઉપાડવા સખીદાતાઓને અપીલ છે. આ કિતાબનું મહત્વ સમજતા હોવ તો જરૂર સહાય કરશો. અલ્લાહ જઝાએ ખૈર આપે. –તંત્રી*

## મુસલમાનો પર બળજબરી થોપવામાં આવતા ત્રણ તલાક઼ના કાયદાના આઘાત પ્રત્યાઘાત

કાયલિય

કહે છે કે વર્તમાન ગવર્નમેન્ટે મુસલમાન સ્ત્રીઓની હમદર્દીની પીડામાં પીડાયને, મુસ્લિમ સ્ત્રીઓની લાગણીમાં, મુસ્લિમ સ્ત્રીઓની ભલાઈ માટે કાયદો ઘડયો કે એક સાથે "ત્રણ તલાક઼" બોલવાથી તલાક઼ લાગુ થશે નહીં અને એ રીતે તલાક઼ આપનાર મુસલમાન પતિ ત્રણ વરસ જેલમાં જશે અને તે સ્ત્રી પતિ પાસેથી ભરણ પોષણની હક્ક઼દાર રહેશે. આ કાયદો દુનિયાને ઊંધા ચશ્મા પહેરાવી રહ્યો છે કે સીધા ?! તેનો ફૈંસલો તો આપ આપના દિમાગથી ઠંડા દિલે નીચેના નિવેદનો વકીલો, ચિંતકો, બુધ્ધિજીવીઓ, સાંસદોના વાંચીને સમજી લેશો. આપણી ચૂંટણી પ્રથાની એક વાત ઘણી જ અજબની જોવા મળી કે જે વ્યક્તિ મામૂલી કામકાજની જવાબદારી જેમ કે "પટાવાળા"ની જવાબદારી નિભાવતી નોકરી મેળવવા જેટલો એજ્યુકેટેડ ભલે ન હોય પણ ઈલેકશનમાં તે પણ ચૂંટણી લડી શકે અને ચૂંટાયને આવે તો એ અભણ પણ ધારાસભા (કાયદા ઘડનાર સભા)નો સભ્ય અને લોકસભાનો સભ્ય, કોઈ પણ ખાતાનો મંત્રી કે રાષ્ટ્રનો વડા પ્રધાન કે રાષ્ટ્રપતિ પણ બની શકે છે કે જ્યાંથી દેશવાસીઓની રક્ષા તથા ભલા માટેના કાયદા બનતા હોય છે ! જેમના પર દેશનુ ભાવિ નિર્ભર હોય છે ! આ શું આશ્ચર્યની વાત નથી ! ગમે તેવો અભણ કે ક્રિમિનલનો આરોપી, બલ્કે આતંકવાદના આરોપી પણ ધારા સભ્ય, સંસદ સભ્ય બને છે ! ખૈર, જેવું દેશવાસીઓનું નસીબ ! અત્રે એજ્યુકેટેડો, વકીલો, બુધ્ધિજીવીઓનાં ત્રણ તલાક઼ના કાયદા બાબતે મંતવ્યોના અમુક મુદ્દાઓ અત્રે હાજર છે.

**ડો. રામ પુનિયા જણાવે છે કે :** ઉમ્મીદ હતી કે કિસાનોના પ્રશ્નો તેમની આત્મહત્યા રોકવા બાબતે, નવજવાનોની રોજીરોટી માટે, બાળકોના સ્વાસ્થ્યને સલામત રાખવા બાબતે વગરે બાબતે નવી સરકાર કાંઈક કરશે, પણ સૌ પ્રથમ સરકાર કાયદો લાવી તો એ કે જે મુસલમાન વ્યક્તિ પોતાની પત્નીને એક સમયે ત્રણ તલાક઼ આપશે તેને ત્રણ વરસની જેલ થઈ જશે ! ભારતીય સુપ્રિમ કોર્ટે એક સાથે ત્રણ તલાક઼ને ગૈર કાનૂની ઠરાવેલ છે અને એનાથી કોર્ટના કહ્યા પ્રમાણે તલાક઼ લાગુ થશે નહીં, તો પછી એના પર કાનૂન બનાવવાની શું જરૂરત ?!

ઘણી મજાની વાત છે કે મુસલમાન સ્ત્રી પ્રત્યે સરકાર જેવી રીતે સહાનુભૂતિ દર્શાવી રહી છે, બતાવવામાં આવી રહ્યું છે કે મુસલમાન સ્ત્રીઓના હિતમાં આ સરકાર કામ કરી રહી છે ! પણ હક઼ીક઼તમાં આ ક઼ાનૂન લાવવાનો ઉદ્દેશ મુસલમાન પુરૂષોને ડરાવવાનો એક સબબ છે કે લાંબા સમય સુધી મુસલમાન પુરૂષને જેલમાં મોકલવાનો એક તરીક઼ો છે.

આ ક્યા પ્રકારનો ન્યાય છે કે એક તરફ સરકાર કહે છે કે મુસલમાન ઔરતોના હિતના રક્ષણમાં અમે કામ કરીએ છીએ તો બીજી તરફ પાછલા પાંચ વરસો સુધીમાં અમે જોયું કે જ્યાં સુધી હિંદુ સ્ત્રીઓનો સવાલ છે તો હિંદુ સ્ત્રીઓ બારામાં સુપ્રિમ કોર્ટે ફૈંસલો આપ્યો હતો કે, "સબરીમાલાના મંદિરમાં પ્રવેશ કરવા માટે તેમને પૂરો પૂરો હક્ક઼ છે" તે છતાં રુલિંગ પાર્ટીએ સ્ત્રીઓએ મંદિરમાં ન જવું જોઈએ, એ રીતે જણાવીને સુપ્રિમ કોર્ટના હુકમ વિરૂધ્ધ મનાઈ કરવાની વાત

કહી હતી. તો એક તરફ સુપ્રિમ કોર્ટના નિર્દેશ વિરૂધ્ધ હિંદુ સ્ત્રીઓ બાબતે મંદિરની પરંપરાની વાત કરે છે અને તેમને મંદિરમાં પ્રવેશથી રોકે છે બીજી બાજુ તલાક઼ના બારામાં સુપ્રિમ કોર્ટના જણાવ્યાનુસાર તલાક લાગુ નથી થતી છતાં મુસ્લિમ પુરૂષોને જેલમાં નાખવાનો કાનૂન બની રહ્યો છે ! તો આ ક઼ાનૂન બનાવવાની કોઈ જરૂરત ન હતી.

૨૦૧૧નું એક સર્વે આવ્યું હતું જેના મુજબ **લગભગ ૨૪ લાખ હિંદુ મહિલાઓને તેમના પતિઓએ વિના તલાક઼ે ત્યજી દીધી છે.** તો સવાલ એ છે કે જે લોકોએ ત્રણ તલાક઼ કહ્યા વિના (છૂટાછેડા આપ્યા વિના હિંદુ સ્ત્રીઓને) પત્નીઓને છોડી આપેલ છે **એના પર તો કોઈ ક઼ાનૂન નહીં !** અને જ્યારે હું આ વાત કરું છું તો મારા દિમાગમાં એક ઓર જ વાત આવી રહી છે કે મશહૂર રાજનેતા જેને આપ સૌ જાણો છો, જેમણે પોતાની પત્નીને કેટલાય વરસોથી વિના તલાક઼ે નિરાધાર છોડી આપેલ છે !

(આવા કેસોમાં ક્યાં તો પત્ની આપઘાત કરી રહી છે કે પતિ પત્નીનું ખૂન કરે છે કે પત્ની પતિનુ ખૂન કરે છે અથવા આડા સંબંધો બંધાવાથી સમાજમાં ગંદકી ફેલાય રહી છે તેમના માટે શું પ્રયોજન કરવામાં આવ્યું ? તલાક઼ની સમસ્યા કરતાં એ તો અતિ ભયાનક તથા વ્યાપક સમસ્યા દેશ માટે છે ! *–તંત્રી*)

સરકાર જ્યારે મુસ્લિમ ઔરતોની રક્ષાના નામ પર તેમને સહાયરૂપ થવાના નામ પર, ટ્રીપલ તલાક઼નો કાયદો લાવી રહી છે તો પછી મોબ લિચિંગના નામ પર, ગૌ માંસના નામ પર આટલી લિચિંગ થઈ, મુસલમાન માર્યા ગયા તેમની માતાઓનું શું થશે ? તેમની બહેનોનું શું થશે ? તેમની પત્નીઓનું શું થશે ? શું તેણીઓ સમાજમાં સુરક્ષા પામી શકશે ? તો આ (સાબિત કરે છે કે) એ એક ધોકો છે કે સરકાર મુસલમાન મહિલાઓને બરાબરી આપવા ચાહે છે. જ્યાં આ પ્રકારના પ્રોપેગન્ડા પર કેટલાય મુસલમાન માર્યા જાય છે, જય શ્રી રામ બોલવાના નામ પર મારી નાખવામાં આવે છે, ગૌ માંસના નામ પર મારી નાખવામાં આવે છે તો તેમના ઘરની સ્ત્રીઓની શું હાલત થશે ?

અને આ કાનૂન લાવ્યા બાદ કોઈએ જો ગલતીથી એક સાથે ટ્રીપલ તલાક કહ્યું તો તેના પતિની ત્રણ વરસ માટે ઘરપકડ થઈ જશે અને એ ત્રણ વરસો સુધી તે સ્ત્રી વિના કોઈ સહારે રહેશે. તો નિશ્ચિત રૂપથી સરકારની નીતિ દોગલી છે. મુસલમાન પુરૂષોને આતંકિત કરવા, ડરાવવા અને આ પ્રકારના ક઼ાનૂન લાવીને એમનામાં અસુરક્ષાનો ભાવ ભરવું અને બીજી બાજુ મુસલમાન સ્ત્રીઓના માટે બરાબરીનો દાવો કરીને આવી હાલત પેદા કરવી એ સહીહ નથી. અમારી દરખાસ્ત છે કે સદનમાં રોજગારની, શિક્ષાની, કિસાનોની સમસ્યાઓની, બાળકોના સ્વાસ્થ્યની, એ વિષયો પર ચર્ચા કરવામાં આવે અને આવા ક઼ાનૂન લાવવાથી દૂર રહેવામાં આવે.

**ગુલામનબી આઝાદે કહ્યું કે :** તલાક઼ બિલનો મક઼સદ છે **Protection of muslim women rights on marriage** પણ અસલી મક઼સદ **Distruction of muslim family** છે. ઘરના ચિરાગ વડે જ ઘરને આગ લગાડવાની યોજના છે. કોઈ સમુદાય બીજા સમુદાયને આગ લગાડે તો હંગામો થાય, પણ શોર્ટ સર્કિટ થાય તો કોણ કોને દોષ આપે ?! તો એ જ અસલી મક઼સદ અહીં છે. (પત્ની જ પતિ પર FIR કરીને જેલમાં પહોંચાડી દે) ઈસ્લામમાં શાદી એક સિવિલ કોન્ટ્રાકટ છે તેને તમો ક્રિમિનલ સ્વરૂપ આપી રહ્યા છો. ત્રણ વરસની સજાની સાથોસાથ બે ચીજો અન્ય લગાડી કે ભરણ પોષણ પણ આપવાનું છે અને બીવી બચ્ચાંનો પણ ખયાલ

રાખવાનો છે અને સરકાર પતિ જેલમાં જાય તે દરમિયાન રૂપિયાની સહાય પત્નીને નહીં કરે !

તમો આ ક઼ાનૂન પાસ કરવાની દલીલમાં બીજા મુસ્લિમ દેશોમાં ત્રણ તલાક઼ના ક઼ાનૂનની વાત કરી છે, તો શું એ દેશોમાંનો ચોરીમાં હાથ કાપવાનો ક઼ાનૂન પણ લાવશો ? ગરદન કાપવાનો ક઼ાનૂન પણ અહીં લાવશો ? કોરડા મારવાનો કાનૂન પણ અહીં લાવશો ? રાજાશાહી પણ અહીં લાવીશું ? ISI પણ અહીં લાવીશું ?! આ આપણો દેશ કોઈ મુસ્લિમ દેશનો ગુલામ નથી અને આપણો દેશ કોઈ મુસ્લિમ દેશના કહેવાથી નથી ચાલતો. મુસલમાનોને ગૌરવ છે પોતાના દેશ પર, ભારત દેશ પર, હજારો વરસોથી અહીં રહે છે, અહીં જ પેદા થયા, અહીં જન્મ લીધો. અમો કોઈ મુસલમાન દેશની નકલ નથી કરતા, ન વહાબિઝમની નકલ કરીએ છીએ, ન અફઘાનિસ્તાનની, ન સીરિયાની, ન ISIની નકલ કરીએ છીએ, ન તાલિબાનની નકલ કરીએ છીએ. દુનિયાના સૌથી મોટા દેશો કરતાં અહીં વધુ આબાદી છે, અમો પોતાની સોચ ધરાવીએ છીએ, સેક્યુલર સોચ ધરાવીએ છીએ, ડેમોક્રેટીક સોચ ધરાવીએ છીએ, મળીજુલીને સર્વ સમુદાયો સાથે રહેવું, ખાવુ, પીવુ, જીવવા મરવાનું શીખેલા છીએ. અમોને કોઈ અન્ય મુસલમાન દેશ સાથે ન સરખાવો કેમ કે તેમનામાં જે ખામીઓ છે તે નથી ચાહતા કે આપણા દેશના મુસલમાનોમાં પેદા થાય. હું માનનીય કાયદા મંત્રીને પૂછું છું કે શું૧૯૪૭થી આજ સુધી જેટલા માયનોરિટી જજમેન્ટ સુપ્રિમ કોર્ટમાં આવ્યાં છે તેને આપ લાગુ કરશો ? પાંચ વરસોથી મોબ લિચિંગ થઈ રહેલ છે. સુપ્રિમ કોર્ટે કહ્યું, (સરકારને) કે ક઼ાનૂન બનાવો, પણ આપે ન બનાવ્યો !

બીજું કે જ્યારે સુપ્રિમ કોર્ટે ત્રણ તલાક઼ને નાબૂદ કરી દીધી કે ત્રણવાર બોલવાથી તલાક઼ નહીં ગણાય તો પછી ત્રણવાર બોલનારને સજા કઈ ચીજની આપવામાં આવી રહી છે ?! એ તલાક઼ તો સુપ્રિમ કોર્ટના હેઠળ તલાક છે જ નથી ! તો આ કાનૂન બનાવવાની જરૂરત શું ?! વળી જે પતિ પોતાની પત્નીની શિકાયતના કારણે ત્રણ વરસ જેલ કાપીને આવશે તો શું તે પતિ પત્ની પછી શાંતિથી રહેશે ? આ ક઼ાનૂન સમજમાં આવતો નથી. આ કાનૂન રાજનીતિથી પૂરી રીતે પ્રેરિત છે. આ દેશની લઘુમતીઓ તેમના આપસી લડાઈ ઝઘડામાં લાગેલા રહે, પતિ પત્ની વિરૂધ્ધ વકીલ કરશે, પત્ની પતિ વિરૂધ્ધ વકીલ કરશે. જે કયાંક જમીનનો કે ઘરનો એકાદ ટુકડો હશે તે વેચીને વકીલોને આપશે. જ્યાં સુધીમાં તે જેલથી છૂટશે ત્યાં સુધીમાં તેનું દેવાળુ નીકળી ગયું હશે, બીવી પણ સડક પર હશે, બાળકો પણ સડક પર હશે અને જે જેલથી નીકળશે તે કયાં તો આપઘાત કરશે અથવા ક્યાં તો ડાકૂ બનશે, ચોર બનશે કે ભીખ માગશે. આ છે હેતુ આપના ટ્રિપલ તલાક઼ પર કાનૂન બનાવવાનો. કેમ કે એમાં મુસ્લિમ ફેમેલી માટે ક઼ાનૂનમાં કોઈ જોગવાઈ સરકાર તરફથી પ્રોટેકશનની કે ભરણ પોષણની કે તેમના બાળકોના ભણતરની વ્યવસ્થાની તદ્દન નથી. જીવનભર કોર્ટના ચક્કર કાપતા રહો અને અધોગતિમાં પડેલા રહો, આ આપનું પ્રયોજન છે. વિનંતિ છે આ બિલને સિલેક્ટ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવે જે એમાં યોગ્ય ફેરફાર કરે. એક તરફ તમો કોમન સિવિલ કોડની વાત કરો છો, પર્સનલ લોની વિરૂધ્ધ છો. બીજી બાજુ **તમો કેવળ મુસ્લિમ સ્ત્રીઓ માટે આ ક઼ાનૂન બનાવો છો ! તો બીજી સ્ત્રીઓ માટે કેમ કાનૂન નથી બનાવતા? જે લાખો એવી સ્ત્રીઓ બહુમતીમાં તથા અન્ય કોમોમાં છે કે જેમને પતિઓએ વિના તલાક઼ે ત્યજી દીધી છે, તેમના માટે કોણ**

**કાનૂન બનાવશે ?!** સ્ત્રી સશક્તિકરણની જરૂર કેવળ મુસ્લિમ સ્ત્રીઓને નથી અન્ય જાતિની સ્ત્રીઓને પણ છે. તો આ નિશ્ચિતરૂપે પક્ષપાતવાળો કાનૂન છે.

**સંજય સિંહે કહ્યું :** મુસ્લિમ મહિલાઓની સહાયતા માટેની વાત એમના મુખેથી સાંભળી હસવુ આવે છે ! મુસ્લિમ બાનુઓને ન્યાય તથા સમાનતા માટે તમો કાર્ય કરો છો તો બતાવો કે આજ સુધી એક પણ મુસ્લિમ મહિલાને તમોએ ટિકિટ કેમ નથી આપી ?! જો સરકાર મુસ્લિમ મહિલાઓને અધિકાર અપાવવા માટે ચિંતિત છે તો અખ્લાકની પત્નીને ન્યાય અપાવો, આપ ન્યાય અપાવો પેહલુખાનની માને, આપ ન્યાય અપાવો તબરેઝની પત્નીને, આપ ન્યાય અપાવો ઝારખંડમાં મોબ લિંચિંગ કરીને જે લોકોને મારી નાખવામાં આવ્યા તેમની માતાઓ તથા બહેનોને ન્યાય અપાવો. **અરે ! ન્યાય અપાવવાની વાત તો દૂર છે પણ એ મોબ લિંચિંગ કરનારાઓને સરકારના મંત્રી માળાઓ પહેરાવીને તેમને સન્માનિત કરે છે તો કેવી રીતે તમો ન્યાય અપાવશો ?!** ઉન્નાવની રેપ પીડિતાના બાપને મારી નાખવામાં આવ્યો, તેની માતા તથા માસીને મારી નાખવામાં આવી, તેણીને જાનથી મારવાની કોશિશ કરવામાં આવી, તે તો હિંદુ હતી ! **વળી તે રેપના, બળાત્કારના આરોપીને મળવા માટે સરકારનો એક સાંસદ જેલમાં જાય છે, એનાથી વધારે શર્મનાક કોઈ વાત નથી હોય શકતી.** આપ કહો છો કે સુપ્રિમ કોર્ટના કહેવા પર અમે ત્રણ તલાક઼ પર કાનૂન બનાવીએ છીએ તો ૧૯૧૮માં સુપ્રિમ કોર્ટે મોબ લિંચિંગ પર કાનૂન બનાવવા કહેલ છે તો મોબ લિંચિંગ પર પણ સખત કાનૂન કેમ નથી બનાવતા ? એના પર પણ ક઼ાનૂન બનાવો તો અમે લોકો આપનું સમર્થન કરીશું. જે લોકોએ તલાક઼ આપ્યા વિના પોતાની પત્નીઓને છોડી રાખેલ છે (એવી લાખો બહેનો છે) તેમના ભલા માટે ક઼ાનૂન બનાવો ! તેમણે કહ્યું કે ત્રણ તલાક઼ બોલશો તો જેલમાં જશો અને કાંઈ બોલ્યા વિના પત્ની ત્યજી દેશો તો પ્રધાનમંત્રી બની જશો !

એ ઉપરાંત **સાંસદ બેરિસ્ટર અસદુદ્દીન ઓવૈસીએ** કહ્યું કે : "મુસ્લિમ મહિલાઓની લાગણીના નામે આ ક઼ાનૂન લાવવામાં આવી રહ્યો છે તો મહિલાઓની એટલી જ લાગણી તમોને છે તો Meetoo મુવમેન્ટ જ્યારે ચાલી, આપે આપના MP વિરૂધ્ધ એકશન ન લીધા, એ આપની મહિલાઓથી મહોબ્બત છે, મુબારક તમને ! ૨૩ લાખ હિંદુ મહિલાઓ વિના તલાકે઼ પતિઓએ છોડેલી છે તેમના માટે કોઈ ક઼ાનૂન નથી બનાવ્યો, આ છે તમારી મહિલાઓથી મહોબ્બત ! આ બિલ હિંદુસ્તાની બંધારણની કલમ ૧૪, ૨૧, ૧૫, ૨૬, તથા ૨૯ની વિરૂધ્ધ વર્તન કરે છે. આપણા બંધારણના પાયાના હક્કોની વિરૂધ્ધ છે. મુઝફ્ફરપુરમાં કરવામાં આવેલા અનેક મુસ્લિમ મહિલાઓ પર રેપના વિરૂધ્ધ કોઈ કાર્યવાહી ન કરવામાં આવી, આ છે આપની સ્ત્રીઓથી મહોબ્બત !" તે ઉપરાંત તેમણે પણ ઉપર વર્ણવ્યા તે સર્વ મુદ્દાઓ મુસ્લિમ સ્ત્રીના હિતમાં નથી તેમ જણાવી પોતાના અનોખા અંદાઝમાં તેની સ્પષ્ટતા કરીને પૂરા સદનને હસાવ્યું પણ હતું. છેવટમાં જણાવ્યું કે આ ક઼ાનૂન સ્ત્રી હિતની વિરૂધ્ધ તથા મુસલમાનોને તેમની સંસ્કૃતિ તેમના સંસ્કાર તથા તેમના મઝહબથી દૂર કરવા માટે લાવવામાં આવ્યો છે.

અંતમાં જાણી લેશો કે **ત્રણ તલાક઼ એટલે ત્રણ તલાક઼ !** એના કહેવાથી સ્ત્રી તે જ ઘડીએ પતિના નિકાહની નીકળી જશે, તેણી સાથે રહેવું, સોહબત કરવી વગેરે હરામ થઈ જશે **એ ઈસ્લામનો અટલ ક઼ાનૂન છે,** એમાં કોઈને ચંચૂપાત કરવાનો અધિકાર નથી. પણ એક સાથે ત્રણ તલાક઼ ન આપવી જોઈએ કે એ રીતે તલાક઼ આપવી જાઈઝ નથી, પણ કોઈ

આપે તો થઈ જશે, એ ખુદાઈ કા઼નૂન છે, જેમ કે કોઈ નિર્દોષને તલ્વારથી મારવો ગુનોહ છે પણ કોઈ તલ્વાર ચલાવશે તો ખૂન તો થઈ જ જશે ! એમાં કોઈ બેમત થઈ શકતો નથી. તલાક઼ વિશે વધુ માહિતી માટે વાંચશો અમારી પ્રકાશિત કિતાબો ''નિકાહ તથા તલાક઼ સંબંધી શરઈ માર્ગદર્શન, તોહફએ નિકાહ, તલાક઼ વિશે સમજૂતી, ત્રણ તલાક઼નો શરઈ હુકમ... વગેરે'' જેમાં પતિ પત્ની વચ્ચે નિભાવની કોઈ જ સ્થિતિ ન રહે તો મુસલમાન તલાક઼ કઈ રીતે આપી શકે છે, વગેરે વિસ્તારપૂર્વક વર્ણન છે.

તાજા સમાચાર મુજબ ફકત દિલ્હીમાં ૧૩ દિવસમાં ૮૦ દુષ્કર્મ, રેપના બનાવો બન્યા. એવા દેશભરમાં રોજ બનાવો બને છે, શિક્ષકો વિદ્યાર્થીનીઓ સાથે દુષ્કર્મો કરી રહ્યા છે ! પણ એના માટે તંત્ર તરફથી જોઈએ તેવી ગંભીરતા જોવા મળતી નથી. વળી કદી ન સાંભળેલું તેવા બનાવો કે સત્તાના નશામાં ધારા સભ્યો તથા નેતાઓ સરકારી અધિકારીઓને જાહેરમાં ઢોર માર મારી રહ્યા છે, તેવા સમાચારો રોજ ઉઠી રહ્યા છે ! શું આ લોકશાહી રાજ છે ?! આ ગંભીર બાબતોથી આંખ આડા કાન કરીને પોતાના રાજકીય લાભ ખાતર તલાક઼ના મસ્અલાને ચર્ચાને ચગદોળે ચઢાવાયો છે.

ભલે રાજ્યસભામાં તલાક઼ બિલ પાસ થઈ ગયું. બંનેવ સદનોમાં બિલ પાસ થયા બાદ હવે આખરી મંજૂરી માટે રાષ્ટ્રપતિએ પણ મંજૂરીની મહોર મારી દીધી છે. પણ એના અમલ પહેલાં દેશભરમાં મુસ્લિમોમાં એનો વિરોધ પણ જોર શોરથી થવા માંડયો છે અને વકીલ જફરયાબ જીલાની વગેરેએ જણાવ્યું કે, ''સંસદમાં બિલ પાસ થવાથી કાંઈ ફરક નથી પડતો આપણે સુપ્રિમ કોર્ટમાં જઈશું.'' *(સંપૂર્ણ)*

## ઈન્તેકા઼લ પુરમલાલ !

- **લંડન** : ખાતે દયાદરાવાસી જનાબ ઈસ્માઈલ માસ્તર જીકરીવાળાના ફરઝંદ મેહમૂદનો તા. ૨૫–૬–૨૦૧૯ મુ.ચાંદ ૧૧ ઝી ક઼અદા હિ.સ. ૧૪૪૦ના રોજ ઈંતેકાલ થયો છે. બીજા દિવસે રોમફોર્ડ રોડ ક઼બ્રસ્તાનમાં દફનવિધિ રાખવામાં આવી.
- **ભરૂચ** : તા. ૩–૭–૨૦૧૯, ૧ ઝીલ હજ્જ હિ.સ. ૧૪૪૦, શનિવારના રોજ ભરૂચ રોશન પાર્ક ખાતે જનાબ હનીફ માસ્તર અરગામાવાળાનો ઈન્તેકા઼લ થઈ ગયો છે. મર્હૂમ ખૂબ જ સેવાભાવી, મિલનસાર તથા બાઅખ્લાક઼, બાશરઅ વ્યક્તિ તેમજ દીની કામોમાં અગ્રગણ્ય હિસ્સો લેનારા હતા. રોશન પાર્કની સુન્ની મસ્જિદ, મદ્રસો તથા ક઼બ્રસ્તાનને બનાવવામાં અન્ય ટ્રસ્ટીઓ સાથે રહી ખૂબ જ સક્રિય કાર્ય આપે અંજામ આપ્યું હતું. આવા નેક દીનદારની દુનિયામાંથી વિદાયથી ઘરવાળાં ઉપરાંત સુન્ની સમાજને પણ એક પ્રકારની ખોટ મેહસૂસ થઈ રહી છે.
- **નવસારી** :તા. ૫–૮–૨૦૧૯ સોમવાર, ૩–ઝીલ હજ્જ હિ.સ. ૧૪૪૦ના રોજ દારુલ ઉલૂમ અન્વારે રઝાના કર્તાહર્તા નાઝિમે આ'લા જનાબ મૌલાના ગુલામમુસ્તફા સાહબના નેક હોનહાર નવજવાન આલિમ ફીઝલ ફરઝંદ મૌલાના મુર્તઝા રઝા અઝહરી (ખલીફા હુઝૂર અશરફુલ ફુક઼હા હઝરત મુજીબ અશરફ સાહબ)નો દારુલ ઉલૂમમાં એક માળ સુધી પાણી ભરાતાં કામકાજ દરમ્યાન અકસ્માતે પાણીમાં પડી જવાથી અતિ દુ:ખદ ઈન્તેકા઼લ થઈ ગયો છે. આ ગતિ ગમનાક સમયે અમો હઝરત મૌલાના ગુલામમુસ્તફાના તથા કુટુંબીજનોના ગમમાં બરાબરના શરીક છીએ. આ ગમનાક સમાચાર ફેલાતાં સમગ્ર ગુજરાતના સુન્ની જગતમાં ગમની એક લહેર દોડી ગઈ છે. બસ ! મરઝીએ મૌલા પર આપણે રાજી રહેવાનું છે !

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકા઼માં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકા઼મ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# આ નિર્દોષોની જિંદગીની તબાહીનો જિમ્મેદાર કોણ ?!

કાર્યાલય

વરસોથી જોવા મળ્યું કે જરાક ક્યાંક બોમ્બ ધમાકો થયો કે મીડિયાવાળા તરત જ કોઈ મુસ્લિમનામી સંગઠન સાચુ કે કાલ્પનિક નામ જાહેર કરીને તે ધમાકો તેમણે કર્યાનું જાહેર કરી દેતુ અને પછી ગમે તે નિર્દોષોને પકડીને તંત્ર તેમને જેલ ભેગુ કરી દેતું અને તેમને આતંકવાદી જાહેર કરીને તેમની પૂરી સરસ સ્ટોરી આતંકવાદી પ્રવૃત્તિના ઈતિહાસની પબ્લિક સામે રજૂ થઈ જતી. મીડિયાની ફરજ હોય છે કે હક્ક વાતો જાહેર કરી પબ્લિક માટે તંત્ર સામે લડે, પણ હાલના પૈસાના લાલચુ તથા માલ કમાવાના તથા પક્ષપાતી વલણના પૂજારી મીડિયાવાળા મોટાભાગે અસલ આતંકવાદીને બદલે જબરદસ્તી બનાવી દેવાયેલા આતંકવાદીઓ વિશે કાલ્પનિક સ્ટોરીઓ બનાવી દેશને ગેરમાર્ગે દોરતા આવ્યા છે.

એવું જ થયું માલેગાંવ બોમ્બ બ્લાસ્ટના મુસ્લિમ આરોપીઓ સાથે અને છેવટે તેમને આઠ વરસે કોઈ સચોટ પૂરાવા ન મળતાં નિર્દોષ છોડી મૂક્યા. એ જ પ્રમાણે હાલમાં વર્ષો પહેલાં દિલ્હીના લાજપતનગરમાં થેલા બોમ્બ ધડાકાના આરોપમાં એરેસ્ટ થયેલા ત્રણ આરોપીઓને **૨૩ વરસ પછી જેલમાંથી મુક્ત કરાયા !** એમના પર કોઈ ગુનો સાબિત ન થઈ શક્યો ! આ ત્રણ આરોપીઓમાંથી મુહમ્મદ અલી ભટ્ટ (કાશ્મિર) જે જેલમાંથી છૂટીને ત્રેવીસ વર્ષે ઘરે પહોંચ્યો તો તેનું એક પણ સ્વજન તેને આવકારવા મૌજૂદ ન હતું. ત્રેવીસ વર્ષ સુધી રાજસ્થાન તથા દિલ્હીની જેલોમાં બંધ રહેલા મુહમ્મદઅલીના સ્વજનોમાં તેના ફકત માતા પિતા હતા જે સમયાંતરે મૃત્યુ પામી ગયાં હતાં. વર્ષ ૧૯૯૬માં દિલ્હીના લાજપતનગરમાં થયેલા બોમ્બ ધડાકાના આરોપ હેઠળ પોલીસે મુહમ્મદઅલી ભટ્ટ, લતીફ અહમદ વાજા તથા મિર્ઝા હુસૈનની ધરપકડ કરી હતી. પાછળથી રાજસ્થાન પોલીસે આ ત્રણેવ આરોપીઓ પર દૌસામાં થયેલા એક બ્લાસ્ટનો પણ આરોપ મૂક્યો હતો. જો કે દિલ્હી હાઈકોર્ટે ૨૦૧૨માં આ ત્રણેવ આરોપીઓને આરોપમુક્ત કર્યા હતા, પરંતુ મામલો સુપ્રિમ કોર્ટ સુધી પહોંચ્યો જ્યાં સુપ્રિમા કોર્ટના આ કાર્યવાહી ચાલતાં વર્ષો નીકળી ગયાં.

હવે જ્યારે સુપ્રિમ કોર્ટે પણ આ ત્રણેવને આરોપમુક્ત કર્યા છે અને ત્રેવીસ વરસો પછી તેમને મુક્તિ મળી છે પરંતુ તેમનું અડધુ જીવન તો વિના કારણે જેલમાં જ વહી ગયું. મુહમ્મદઅલી જ્યારે ઘરે પહોંચ્યો તો ઘરમાં કોઈ જ ન હતું. ૨૦૦૨માં માતાનુ પછી ૨૦૦૫માં પિતાનું અવસાન આ પુત્રના ગમમાં જ થઈ ગયું. મુહમ્મદઅલી માબાપની કબ્ર પર જઈને ધ્રુસ્કે ધ્રુસ્કે ખૂબ રડયો.

આ અને આવા અન્ય પણ બનાવો છે જેમાં નિર્દોષ મુસ્લિમ યુવાનો પર આતંકવાદીનું લેબલ લગાડી જેલમાં રાખી તેમની જિંદગી બર્બાદ કરી દેવામાં આવી, તેમજ તેમના કુટુંબીજનોની જિંદગી રોળી નાખવામાં આવી. તો આનો જિમ્મેદાર કોણ ?!

જે પણ સત્તાવાળાઓના ઈશારે કે પૂર્વગ્રહી અધિકારીઓએ આ કૃત્યો કર્યા છે તેમનો પણ અંજામ સારો નહીં જ આવે ! અલ્લાહને ત્યાં દેર છે અંધેર નથી ! એ ન ભૂલવું જોઈએ.

આવા નિર્દોષ લોકો માટે આપણે કાંઈ કરી શકતા નથી પણ દુઆ તો કરી શકીએ છીએ કે રબ તઆલા તેમને તથા તેમનાં માબાપો, પત્નીઓ બાળકોને સબ્રે જમીલ આપે, તેમને આનો નેઅમલ બદલ અતા કરે. આમીન બિજાહિન્નબીકરીમ ﷺ.

# દેવબંદી અક઼ીદે કી ભીતર મેં

## કુફ્રો શિર્ક કી મશીનગન...!

અઝ : અલ્લામા મુફ્તી અબૂ તાહિર મુહમ્મદ તૈયબ દાનાપૂરી (પીલીભીતી, યુ.પી.)
પેશકર્દા : હાજી અલીમુહમ્મદ અહમદ બાબી, પોરબંદર, મો. ૯૯૨૫૩૪૧૭૮૯

જિસ કો ખુદા ઔર રસૂલ કી શરીઅત 'કાફિર' કહતી હૈ, હમ અહલે સુન્નત વ જમાઅત ઉસી કો કાફિર કહતે હૈં, મગર વહાબીઓં, દેવબંદીઓં કે યહાં 'કુફ્ર' કી વો નાપાક મશીન હૈ, જિસ સે ઉન્હોંને દુન્યા કે તમામ મુસલમાનોં કો કાફિર વ મુશ્રિક બના દિયા.

૦૧. જો શખ્સ 'યા રસૂલલ્લાહ' કહે વો 'મુશ્રિક'.

૦૨. જો 'યા અલી' કહે વો 'મુશ્રિક'.

૦૩. જો 'યા ગ઼ૌષ' કહે વો 'મુશ્રિક'.

૦૪. જો કિસી વલી કી નઝરો નિયાઝ કરે વો 'મુશ્રિક'.

૦૫. જો અપને બેટે કા નામ 'અબ્દુન્નબી' રખે વો 'મુશ્રિક'.

૦૬. જો નબીબખ્શ, રસૂલબખ્શ, મુહમ્મદબખ્શ, અહમદબખ્શ, અલીબખ્શ, હુસૈનબખ્શ, ગુલામમુહમ્મદ, ગુલામઅહમદ, ગુલામમુસ્તફા, ગુલામનબી, ગુલામરસૂલ, ગુલામઅલી, ગુલામહુસૈન, ગુલામહસન, ગુલામમોહ્યુદ્દીન, ગુલામમુઈનુદ્દીન, પીરબખ્શ, ફરીદબખ્શ, કુતૂબબખ્શ, મદારબખ્શ, સાલારબખ્શ નામ રખે વો 'મુશ્રિક' હૈ.

૦૭. કિસી નબી, વલી કી ક઼બ્ર કી ઝિયારત કે લીયે દૂર સે સફર કર કે જાયે વો ભી 'મુશ્રિક'.

૦૮. જો કિસી નબી, વલી કે ઘર કો દૂર સે સફર કર કે જાયે વો 'મુશ્રિક'.

૦૯. જો કિસી નબી, વલી કો કુછ સવાબ પહુંચાને કી મન્નત માને વો 'મુશ્રિક'.

૧૦. જો કિસી નબી, વલી કી ક઼બ્ર પર ગિલાફ ડાલે વો 'મુશ્રિક'.

૧૧. જો કિસી નબી, વલી કે મઝાર પર ચાદર ચળ્હાએ વો 'મુશ્રિક'.

૧૨. જો કિસી નબી, વલી કી ક઼બ્ર કે પાસ ખળે હો કર દુઆ કરે વો 'મુશ્રિક'.

૧૩. જો કિસી નબી, વલી કે મઝાર કી ખિદમત કરે વો 'મુશ્રિક'.

૧૪. જો કિસી નબી, વલી કે મઝાર પર ઝાડુ લગાએ, રોશની કરે, ફર્શ બિછાએ, વહાં કિસી પ્યાસે કો પાની પીલાએ, વો 'મુશ્રિક' હૈ.

૧૫. જો કિસી નબી, વલી કે કૂંએ કે પાની કો તબર્રુક સમઝ કર પીએ, જો ઈસ પાની કો અપને બદન પર બરકત હાસિલ કરને કે લીયે ડાલે, જો ઈસ પાની કો દૂસરોં કે વાસ્તે લે જાએ, 'મુશ્રિક' હૈ.

૧૬. જો કિસી નબી, વલી કી દરગાહ સે રૂખ્સત હોતે વક઼્ત ઉલ્ટે પાઉં ચલે વો 'મુશ્રિક'.

૧૭. જો કિસી નબી, વલી કી ક઼બ્ર પર મોરછલ લગાએ, શામિયાના લગાએ વો 'મુશ્રિક'.

૧૮. જો શખ્સ કિસી નબી, વલી કો અપના 'શફીઅ' જાને, વો 'મુશ્રિક' હૈ.

*(હવાલા : કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' મર્કન્ટાઈલ પ્રિન્ટીંગ–દિલ્હી, સફા નં. ૫ સે ૧૨)*

# તમારું જાહેર તથા બાતિન એક બનાવો !

તા. ૩ ઓગષ્ટ શનિવાર સવારે ૧૧ વાગ્યાથી ઉલમા મુબલ્લિગીનની તર્બિયત માટેનો પ્રોગ્રામ ફયઝાને રઝા ઈબાદતગાહ વ નૂરી તર્બિયતી સેન્ટર (પાંચબત્તી) ભરૂચ રાખેલ જેમાં હઝરત મૌલાના શાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ) તથા હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) તશરીફ લાવેલા. ભરૂચ, વડોદરા, જંબુસર, સૂરત, બોડેલી, વાગરા વગેરે જિલ્લા–તાલુકામાંથી મુબલ્લિગો તથા ઉલમા તશરીફ લાવેલા તેમને સંબોધતાં અમીર સુન્ની દા'વતે ઈસ્લામીએ જણાવ્યું કે : અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે "અને નસીહત કરો કારણ કે નસીહત ઈમાનવાળા લોકોને ફાયદો આપે છે." આ આયતે પાક પર અમલ કરતી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન તર્બિયતી પ્રોગ્રામ ફૈઝાને રઝા ઈબાદત ગાહ ભરૂચમાં યોજાયો. જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી અલ્હાજ શાકિર નૂરી રઝવી સાહબ અને સૈયદ અમીનુલ કાદરી સાહબે ખૂસુસી મેહમાન તરીકે શિર્કત કરી, અને ઓલમાએ કિરામ તથા મુબલ્લિગીન હઝરાતને નસીહત કરતાં જમાનાની હાલતો વિશે ચર્ચા કરી. આપે કરેલ નસીહતોમાંથી નોંધપાત્ર વાતો નીચે દર્શાવવામાં આવે છે :–

અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ કહ્યું કે કોઈ પણ કામ કરતાં પહેલાં સારી નિય્યત હોય તો એનું પરિણામ સારુ આવે છે. ખાસ કરીને દીનનું કામ કરતા પહેલાં નિય્યત સારી હોય તો તેની અસર પણ સારી થાય છે. અને આપણુ કોઈ પણ દીની કામ અલ્લાહ તઆલા માટે જ હોવુ જોઈએ, કેવળ એટલુ જ નહીં બલ્કે આપણુ જીવન મરણ અલ્લાહ તઆલા માટે જ હોવું જોઈએ. કારણ કે કુર્આન શરીફ આપણને જીવન પસાર કરવાનો તરીકો બતાવતાં કહે છે કે "બેશક ! મારી નમાઝ, મારી કુર્બાની, મારુ જીવન અને મારુ મરણ અલ્લાહ તઆલા માટે છે."

ઉદાહરણ તરીકે એક બુઝુર્ગનો વાક્યો પણ બયાન કર્યો કે એક બુઝુર્ગ તકબીરે ઉલા સાથે ત્રીસ વર્ષ સુધી નમાઝ પઢતા રહ્યા. એક વખત એવું થયું કે ફજરની પહેલી તકબીર છૂટી ગઈ. નમાઝ ખતમ કર્યા પછી એમને ખયાલ આવ્યો કે બધા લોકો તકબીર છૂટવાના લીધે મારી તરફ જોઈ રહ્યા છે ! આ ખયાલ આવતાં જ એમણે વિચાર્યુ કે આ તો મારી નિય્યતમાં ખોટ આવી ગઈ ! મેં લોકોને દેખાડવા માટે બધી નમાઝો પઢી હતી ! પછી એમણે ત્રીસ વર્ષની નમાઝ ફરીથી દોહરાવી અદા કરી. વધુમાં આપે કહ્યું કે જે માલ દૌલત માટે દીનનું કામ કરી રહ્યો છે તે વ્યક્તિ ફિરઓનની દોલત તો હાંસલ કરી શકે છે પણ અલ્લાહ તઆલા અને પ્યારા હબીબ ﷺની રઝા અને ખુશી હાંસલ નથી કરી શકતો.

આપે ફર્માવ્યું કે આપણે આપણા જીવનમાં જોવું જોઈએ કે શું આપણે કુર્આન શરીફની રોજ તિલાવત કરી રહ્યા છીએ ?! આપણા અંદર નવાફિલ નમાઝ અદા કરવાનો જઝબો પૈદા થયો છે ? દરરોજ સારુ પરિવર્તન આપણા જીવાનમાં આવવું જોઈએ. અને વળી દીનના મુબલ્લિગનું જીવન તો એવું હોવું જોઈએ કે તેને જોઈને લોકોના જીવનમાં પરિવર્તન આવી જાય અને બંદગીનો જઝબો પૈદા થઈ જાય. ઉલમાએ કિરામ અને મુબલ્લિગીનને અમલના મૈદાનમાં હજુ વધારે આગળ આવવા માટે ઉભારતાં કહ્યું કે એવું ન બને કે આપણે ફક્ત બીજા લોકોને જ નેક કામ કરવાનું કહીએ અને પોતે પાછળ રહીએ ! કારણ કે આના ઉપર સખત વઈદ આવેલ છે. ઉદાહરણ રૂપે હઝરત અમીરુલ મો'મિનીન ઉષ્માને ગની رضی اللہ عنہનું ફર્માન પણ સંભળાવ્યું કે જ્યારે આપ અમીરુલ મો'મિનીન બન્યા ત્યારે પોતાની જાતને કહ્યું કે, "આજે તમને કહેવાવાળા ઈમામથી વધીને કરવાવાળા ઈમામ બનવાની જરૂરત છે." કારણ કે કહેવાવાળા કરતાં અમલ કરવાવાળાની અસર લોકો ઉપર વધુ થાય છે. આ'લા હઝરત رضی اللہ عنہનો વાક્યો બયાન કરતાં કહ્યું કે આપ એક વખતે જંગલથી પસાર થઈ રહ્યા હતા. અઝાનનો સમય થઈ ગયો. પોતે જ અઝાન આપી દીધી. કોઈએ કહ્યું કે હઝરત ! અમે પણ હાજર જ હતા, અમે અઝાન આપી દેતા. એમને જવાબ આપતાં આપે ફર્માવ્યું કે મારી ઈચ્છા છે કે આ જંગલનો એક એક કણ મારા માટે ગવાહ થઈ જાય કે મેં અહીંયાં બયાબાનમાં અલ્લાહ તઆલાનો ઝિક્ર કર્યો હતો.

આપે કહ્યું કે શું આપણે જેવા બહારથી સારા છીએ એવી જ રીતે અંદરથી પણ સારા છીએ ? શું આપણને ગુનાહોથી એટલી જ નફરત છે જેટલી આપણે જાહેર કરીએ છીએ ? આપણુ જાહેર અને બાતિન એક સમાન હોવું જોઈએ, અને દુનિયા અને આખિરતમાં રૂસ્વા થતા પહેલાં ગુનાહોને છોડી દેવા જોઈએ. અગર આપણે આવું કરીશું તો આપણે આપણી કૌમને કશુંક આપી શકીશું અને ચૈન સુકૂનથી જીવન પસાર કરી શકીશું.

હઝરત પહેલાં હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (માલેગાંવ)એ પણ તબ્લીગના કામમાં નિખાર લાવવા તથા કામમાં ઉત્થાન લાવવાના વિશે ચર્ચા કરી, નડતા વિઘ્નો તથા સહીહ તરીકા પર ચર્ચા કરી હતી. ❑❑❑

**રજૂકર્તા : મૌલાના યૂનુસ મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

# સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

SUNNI DAWATE ISLAMI
WORLDWIDE ISLAMIC MOVEMENT

- **જંબુસર :** મૌલાના ઝહીર મિસ્બાહીની નિગરાનીમાં ચાલતા 'ફયઝાને નૂરી ઈબાદતગાહ વ તર્બિયતી સેન્ટર–સુન્ની દા'વતે ઈસ્લામી મર્કઝ–જંબુસર''થી જંત્રાણ, નોબાર, ભોજ, રણુ, જલાલપોર, દરાપુરા, કહાનવા, ડાભા, માસર, ભદારા, ભદારી, કણભા, સોખડા, વડુ વગેરે ગામોએ મૌલાના બખ્તિયાર, મૌલાના ગુલામ મોહયુદ્દીન, મૌલાના સુહેલ તેમજ મૌલાના જાબિર, મૌલાના મુબારક સાબરી, હાફિઝ મુશ્તાક વગેરે મુબલ્લિગો જંબુસર, પાદરા તાલુકાના ગામોમાં દીની તર્બિયતો ઈજતેમા કરતા રહે છે.

- **ભરૂચ :** મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલીની નિગરાનીમાં ભરૂચ શહેર તથા આસપાસના ગામોમાં દીની તર્બિયતી ઈજતેમા યોજાય છે જેનો સંક્ષિપ્ત રિપોર્ટ કોઠામાં જોઈ શકશો.

- **પાલેજ :** ના મુબલ્લિગો ઈમરાન નૂરી, સરફરાઝ થકી સાધલી, પાનતલાવડી, દેવલિયા, વલણ, શીનોર, આમળા, રેગણ, ચનવાડા, વણાકપોર, રાજપારડી, કસુંદર, પારખેત, મેવાસના વિવિધ ગામો સહિત કેટલાય ગામોમાં બેઝીક દીની મસાઈલની, કુર્બાનીના મસાઈલની, સુન્નતોની તથા નેક અખ્લાક તથા અમલોની તર્બિયતના ઈજતેમા થતા રહે છે.

- **દયાદરા :** ખાતે હાફિઝ અફઝલ સરનારવીએ દરરોજ અસર બાદ ''મોમિન કે અવસાફ'' કિતાબનો દર્સ જારી રાખ્યો તેમજ દર જુમ્આમાં તથા રવિવારે હફતાવરી ઈજતેમામાં મૌલાના ઝહીર મિસ્બાહીએ ''યા ઐયુહલ્લઝીન આમનૂ'' પર તથા સુન્નતો પર સફરના મસાઈલ પર ખૂબ જ નસીહત આમેઝ બયાનો કર્યા, તેમજ માહે ઝીલ હજ્જ, પ્રથમ દસ દિવસની ફઝીલત તથા કુર્બાનીના મસાઈલ વગેરેની માહિતી પૂરી પાડી ઈલ્મેદીનથી નવયુવાનો વડીલોને ફૈઝયાબ કર્યા.

- **આદર્શનગર (તરસાલી વડોદરા) :** ખાતે મુબલ્લિગે ''સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના શોએબ તથા હાફિઝ લુકમાન થકી દર જુમેરાતે વીકલી ઈજતેમા મસ્જિદે મુહમ્મદીમાં સતત ચાલે છે જેમાં વિવિધ વિષયે દીની તર્બિયત કરવામાં આવે છે તેમજ જુમ્આ બાદ ૪.૦૦ વાગ્યાથી પાંચ વાગ્યા સુધી બહેનો માટે પણ દીની તા'લીમ માટે સુન્ની ઈજતેમા થાય છે. અહીં ઈજતેમાઓમાં

**સુન્ની દાવતે ઈસ્લામી - ભરૂચના સુન્ની ઈજતેમા (ઓગષ્ટ-૨૦૧૯)**

| તારીખ | વાર | મુકર્રિર | જગા | સમય |
|---|---|---|---|---|
| ૦૧-૮-૧૯ | જુમેરાત | નૂરી કાફલા | પારખેત રૂટ | અસર, મગરિબ અને ઈશા બાદ |
| ૦૨-૮-૧૯ | જુમ્આ | મૌલાના નુસરતઅલી નજમી ચીશ્તી | સીદીમીયાં (બાવડી, ભરૂચ) | ઈશા બાદ |
| ૦૩-૮-૧૯ | શની | મૌલાના અશરફ નજમી હાશમી | અહમદરઝા મસ્જિદ (ખુશ્બુ પાર્ક, ભરૂચ) | મગરીબ બાદ |
| ૦૩-૮-૧૯ | શની | મૌલાના અલ્તાફ મિસ્બાહી કાદરી | અહમદ નગર મસ્જિદ (ભરૂચ) | ઈશા બાદ |
| ૦૪-૮-૧૯ | રવિ | મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી | બાવા રૈહાન મસ્જિદ (રૈહાનનગર, ભરૂચ) | મગરીબ બાદ |
| ૦૪-૮-૧૯ | રવિ | જનાબ શફી ભાઈ (M.SDI) | મસ્જિદે તૈયબાહ (ગોકૂલ નગર, ભરૂચ) | ઈશા બાદ |
| ૦૮-૮-૧૯ | જુમેરાત | નૂરી કાફલા | દહેજ રૂટ | અસર, મગરિબ અને ઈશા બાદ |
| ૦૯-૮-૧૯ | જુમ્આ | મૌલાના નુસરતઅલી નજમી ચીશ્તી | સીદીમીયાં (બાવડી, ભરૂચ) | ઈશા બાદ |
| ૧૦-૮-૧૯ | શની | જનાબ મોઈન ભાઈ (M.SDI) | અહમદરઝા મસ્જિદ (ખુશ્બુ પાર્ક, ભરૂચ) | મગરીબ બાદ |
| ૧૦-૮-૧૯ | શની | મૌલાના નુસરતઅલી નજમી ચીશ્તી | ખારવાડા મસ્જિદ (બહારકી ઉંદાઈ, ભરૂચ) | ઈશા બાદ |
| ૧૧-૮-૧૯ | રવિ | હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી | બાવા રૈહાન મસ્જિદ (રૈહાનનગર, ભરૂચ) | મગરીબ બાદ |
| ૧૬-૮-૧૯ | જુમ્આ | જનાબ મોઈન ભાઈ (M.SDI) | સીદીમીયાં (બાવડી, ભરૂચ) | ઈશા બાદ |
| ૧૭-૮-૧૯ | શની | જનાબ હાફીઝ સઈદ સાહબ | અહમદરઝા મસ્જિદ (ખુશ્બુ પાર્ક, ભરૂચ) | ઈશા બાદ |
| ૧૭-૮-૧૯ | શની | જનાબ શફી ભાઈ (M.SDI) | મદીના મસ્જિદ (ભોલાવ) | ઈશા બાદ |
| ૧૮-૮-૧૯ | રવિ | મૌલાના અલ્તાફ મિસ્બાહી કાદરી | બાવા રૈહાન મસ્જિદ (રૈહાનનગર, ભરૂચ) | મગરીબ બાદ |
| ૧૮-૮-૧૯ | રવિ | મૌલાના નુસરતઅલી નજમી ચીશ્તી | મસ્જિદે તૈયબાહ (ગોકૂલ નગર, ભરૂચ) | ઈશા બાદ |
| ૨૨-૮-૧૯ | જુમેરાત | નૂરી કાફલા | ઉંમલ્લા રૂટ | અસર, મગરિબ અને ઈશા બાદ |
| ૨૩-૮-૧૯ | જુમ્આ | જનાબ શફી ભાઈ (M.SDI) | સીદીમીયાં (બાવડી, ભરૂચ) | મગરીબ બાદ |
| ૨૩-૮-૧૯ | જુમ્આ | મૌલાના નુસરતઅલી નજમી ચીશ્તી | ફૈઝાને રઝા ઈબાદતગાહ (ભરૂચ) | અસર બાદ |
| ૨૪-૮-૧૯ | શની | મૌલાના આકીબ નજમી મિસ્બાહી | અહમદરઝા મસ્જિદ (ખુશ્બુ પાર્ક, ભરૂચ) | ઈશા બાદ |
| ૨૪-૮-૧૯ | શની | મૌલાના સુહીલ નજમી અશરફી | અલ-મુઈન મસ્જિદ (ગોધળીયાવાડ, ભરૂચ) | ઈશા બાદ |
| ૨૫-૮-૧૯ | રવિ | મુફતી સાબીર મીસ્બાહી નજમી | બાવા રૈહાન મસ્જિદ (રૈહાનનગર, ભરૂચ) | મગરીબ બાદ |
| ૨૫-૮-૧૯ | રવિ | મૌલાના સાજીદ સાહબ મિસ્બાહી | ધોબી તલાવ મસ્જિદ (ભરૂચ) | ઈશા બાદ |
| ૩૦-૮-૧૯ | જુમ્આ | જનાબ મોઈન ભાઈ (M.SDI) | સીદીમીયાં (બાવડી, ભરૂચ) | ઈશા બાદ |
| ૩૧-૮-૧૯ | શની | મૌલાના અલ્તાફ મિસ્બાહી કાદરી | અહમદરઝા મસ્જિદ (ખુશ્બુ પાર્ક, ભરૂચ) | ઈશા બાદ |
| ૩૧-૮-૧૯ | શની | મૌલાના નુસરતઅલી નજમી ચીશ્તી | ગૌષિયા મસ્જિદ (અઝીમ નગર, ભરૂચ) | ઈશા બાદ |

**સુન્ની દાવતે ઈસ્લામી ભરૂચ શાખા**

ખલીફા તાજુશ્શરીઅહ હઝરત સૈયદ ફખ્રુદ્દીન રઝવી સાહબ પણ સરપરસ્તી ફર્માવે છે.

❑ **બોડેલી :** જુમ્આના દિવસે કાફલો જબુગામ, પાવીજેતપુર, ઊંચાપાન, માકણી વગેરે ગામોમાં અસરથી જાય છે. અસર બાદ, મગરિબ બાદ ઈલાકાઈ દૌરો, ઈશા બાદ ઈજતેમા. દર રવિવારે હફતાવારી ઈજતેમા થાય છે. મુબલ્લિગો ઉષ્માન રઝા, અખ્તર મદની, દર્સ આપે છે નઅત–ઉસ્માનગની, સુહૈલ રઝા, ફઝલભાઈ બત્તી, ફઝલભાઈ, ટોપ મોસ્ટવાળા વગેરે કાર્યરત રહે છે. દર મહિનાના ત્રીજા શનિવારે મૌલાના ઝહીર મિસ્બાહીનું બયાન બોડેલી ઈજતેમામાં થાય છે. ૨૦–૭–૨૦૧૯ના રોજ ઉર્સે તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ નિમિત્તે મૌલાનાએ ઈજતેમામાં શાનદાર બયાન કર્યું હતું.

❑ **વાગરા :** રમઝાન બાદ અત્યાર સુધી દરરોજ નૂરાની મસ્જિદમાં ઈશા તથા ફજર બાદ દર્સે મસાઈલ અને દર શનિવારે ઈશા બાદ ૩૫ મિનિટ દર્સે કુર્આન અને દરરોજ રાત્રે ઈશાની નમાઝ બાદ "મદ્રસા બાલિગાન" ૩૦–૩૫ મિનિટ અને મહિનામાં બે જુમ્આ નૂરાની મસ્જિદમાં અને બે જુમ્આ કલમ સુન્ની મસ્જિદમાં અને ૧૯–૭–૨૦૧૯ના પહાજ ઈબાદતગાહમાં ૨૫ મિનિટ તર્બિયતી બયાન, ૨૨–૭–૨૦૧૯ના જંબુસર ખારાકૂવા મસ્જિદમાં હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી સાથેના ઈજતેમામાં કુર્બાની વિશે મસાઈલ તથા મગરિબ બાદ પણ બયાન થયું.

❑ **ધોરાજી :** હઝરત લધાશાહ બાવા رحمۃ اللہ علیہ દરગાહ ખાતે દર જુમેરાતે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મુફતી મુનવ્વર રઝા થકી મગરિબ બાદ કુર્આને પાકની તફસીર બાદમાં ઝિક્રની મેહફિલ થાય છે. જુમેરાત, જુમ્આ, શનિવાર અસર બાદ નઅત પઢાવાનો તરીકો વગેરે વિશે તર્બિયત કલાસ, ૧૭–૭–૨૦૧૯ બુધવારે વીસી પ્લોટ ખાતે ઔલાદની તર્બિયત પણ બયાન, ૧૨–૬–૨૦૧૯ પવનની આંધીથી બચવા આયતે કરીમાનો વિર્દ રાખેલો, ૨૩–૬–૨૦૧૯ હજ્જ તર્બિયત કેમ્પમાં હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી સાહબે સવારના ૧૦ થી મગરિબ સુધી હાજીઓને ટ્રેનિંગ આપી, અન્ય દીની તર્બિયતી ઈજતેમા થતા રહે છે.

તે ઉપરાંત **વડોદરા, બાસ્કા, કોસંબા, અંકલેશ્વર, સૂરત, ભાવનગર, પાલીતાણા....**વગેરે સુન્ની દા'વતે ઈસ્લામીની શાખાઓ થકી જે તે વિસ્તારમાં ઝોન વાઈઝ ઈજતેમાઓ તથા મર્કઝ પર હફતાવારી ઈજતેમા વગેરે દીની ઈલ્મ અમલની સુધારણાના માટે થતા રહે છે. (સંપૂર્ણ)

### મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી તેમજ પ્રિન્સિપાલ હાશમિયા સ્કૂલ-મુંબઈ

## જનાબ અલ્હાજ કારી રિઝવાનખાન સાહબનો આમોદ-ભરૂચનો દૌરો

આલમી તેહરીક **સુન્ની દા'વતે ઈસ્લામી**ના મશહૂર નઅતખ્વાં મુબલ્લિગ તથા હાશમિયા સ્કૂલ મુંબઈના પ્રિન્સિપાલ જનાબ અલ્હાજ **કારી રિઝવાનખાન સાહબ** તા. ૨૧/૦૭/૨૦૧૭ રવિવારે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** સંચાલિત **"હેરા ઇંગ્લિશ સ્કૂલ"** ખાતે ટીચર્સની રિફ્રેશર ટ્રેનિંગ (તર્બિયત) માટે આવ્યા હતા. ૧૦ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી ખૂબ જ રસપ્રદ રીતે ટીચર્સ્ને પોતે તથા બાળકોને ટેલેન્ટ બનાવવાના તરીકા બતાવ્યા હતા. સાથોસાથ પોતાની તથા બાળકોની દીની તર્બિયત વિશે સમજ આપી હતી. સ્ટાફે ખૂબ જ રસ દર્શાવી ઘણુ જાણવા, શીખવા મળ્યાનું જણાવી સંતોષ વ્યક્ત કરી સૌએ રિઝવાન સાહબનો આભાર માન્યો હતો. ઝહોર બાદ **મસ્જિદે રઝા–આમોદ**માં તેમજ સાંજના ચારથી અસર સુધી **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ મસ્જિદે રયહાન**માં પણ તલબાને નઅત શરીફની સાથોસાથ તાલિબે ઈલ્મનો મકામ તથા મર્તબો દર્શાવી પ્રોત્સાહિત કરી ઈલ્મ શીખવા ધગશ અપાવી હતી. સર્વ ઉસ્તાદો, ટ્રસ્ટીઓની સાથે મુલાકાત કરી હતી. આપનો આ એક દિવસીય દોરો ખૂબ જ કામયાબ રહ્યો હતો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

شادي مुبारक

❑ **ભરૂચ** : રોશન પાર્ક ખાતે રહેતા જનાબ ઈસ્હાક મુહમ્મદ અમીજી કોલવણાવાળાની નેક દુખ્તર તેહમીનાની શાદી, મદની પાર્ક નિવાસી યૂસુફ ઈબ્રાહીમ પટેલના નેક ફરઝંદ મિન્હાજ સાથે તા. ૨૩–૬–૨૦૧૯, મુ. ચાંદ ૧૯ શવ્વાલ હિ.સ. ૧૪૪૦ રવિવારે અકુજી કોમ્યુનિટી હોલ દયાદરા ખાતે રાખવામાં આવી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

❑ **વોરાસમની** : હાફિઝ અલ્તાફ હાજી અહમદ દુકાનવાળાના નેક ફરઝંદ મુઝફ્ફરહુસૈનની નિકાહખ્વાની તા. ૭–૭–૨૦૧૯, મુ. ચાંદ ૩ ઝી કૂઅદા હિ.સ. ૧૪૪૦ના રોજ વલણ નિવાસી જનાબ ઉસ્માન આદમ કોમલની નેક દુખ્તર અસ્ફિયાબાનુની સાથે વલણ મુકામે રાખવામાં આવી. બીજા દિવસે દયાદરા ખાતે અકુજી કોમ્યુનિટી હોલમાં વલીમાની દા'વત રાખવામાં આવી. દુલ્હા–દુલ્હન બંને પક્ષના કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ દીન દુનિયાની બરકતો ખુશીઓથી સૌને નવાઝે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

❑ **સૂરત** : સુન્ની દા'વતે ઈસ્લામીના ખાસ મુઆવિન જનાબ મકસૂદભાઈ રાજવાની (સૂરત)ની નેક દુખ્તર ઝયનબના નિકાહ તા. ૧૪–૭–૨૦૧૯ના રોજ જનાબ રઉફભાઈ ગોડિલના નેક ફરઝંદ આમિર સાથે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ અસર બાદ મસ્જિદે અલ અમીનમાં પઢાવ્યા હતા. શરૂમાં કારી રિઝવાન સાહબે નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. દુલ્હા–દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના હબીબ ﷺના સદકે બંને જહાનની નેઅમતો ખુશીઓથી સૌને માલામાલ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

❑ **ભરૂચ** : મુકામે તા. ૩–૮–૨૦૧૯ શનિવારના રોજ જનાબ હાફિઝ અબ્દુર્રહીમ જીબાવા રાઠોડ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી, નાઝિમે આ'લા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ના નેક ફરઝંદ હાફિઝ કારી ઝયનુલ આબિદીનની નિકાહખ્વાની જનાબ ગુલામ મોહયુદ્દીન (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભાવનગર)ની નેક દુખ્તર બુશરા ફાતિમા સાથે તદ્દન સાદગી સાથે ફયઝાને રઝા ઈબાદતગાહ વ નૂરી તર્બિયતી સેન્ટર, પાંચબત્તી ભરૂચ ખાતે મુબલ્લિગીનની મીટિંગ બાદ સૌની હાજરીમાં હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પઢાવી હતી અને છેવટમાં હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ દુઆ ફર્માવી હતી. સલાતો સલામ બાદ હાજરીન સૌ મુબલ્લિગો તથા ઉલમાએ બંનેવ થયેલા વેવાઈઓને મુબારકબાદ તથા દુઆઓ પાઠવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*દુલ્હા દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



## ★ ૧૫ રૂ. ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★

❑ **લેખક : મૌલાના તત્હીર અહમદ રઝવી** ❑ **અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

**કિતાબ : મુહર્રમમાં શું જાઇઝ શું નાજાઈઝ ?** મુહર્રમમાં થતી વર્તમાન તાઝીયાદારીની ખરાબીઓના નિર્દેશ સાથે અહલે સુન્નતના ચોટીના ઉલમાના ફત્વા તથા માર્ગદર્શન હેઠળ મુહર્રમમાં કઈ રસ્મો જાઈઝ છે, કઈ નાજાઈઝ તેને દર્શાવતી કિતાબ મંગાવો, લોકોમાં વહેંચો, વાંચો વંચાવો અને સાચા હુસૈની બનો. *–તંત્રી*

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા**, મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

સુન્ની દા'વતે ઈસ્લામી થકી

# કામયાબ હજ તર્બિયતી કેમ્પો યોજાયા

દર વરસની જેમ ચાલુ સાલે પણ "સુન્ની દા'વતે ઈસ્લામી" (ભરૂચ શાખા) તરફથી હાજીઓની તર્બિયત માટે હજ ટ્રેનિંગ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું, ૨૩ જૂન રવિવારે ધોરાજી, ૨૭–જૂન જુમેરાતે મદ્રસા આઈશા સિદ્દીકા–જંબુસર, ૩૦–જૂન, રવિવાર, ઘાંચીવાડ મસ્જિદ–ભાવનગર, ૨–જુલાઈ, ફૈઝે મુહમ્મદી ચેરીટેબલ ટ્રસ્ટ (દાદાબાપુ)–સાવરકુંડલા, ૪–જુલાઈ જુમેરાત મસ્જિદે ઈમામ અહમદ રઝા–બોડેલી, ૬–જુલાઈ શનિવાર, પીર છત્તર મસ્જિદ–ભરૂચ, ૭–જુલાઈ રવીવાર, ચિશ્તિયા મસ્જિદ તાંલદજા, વડોદરા, ૧૩–જુલાઈ વહોરા કોલોની–વડોદરા (હાફિઝ શબ્બીર સારણવાળા સાથે). સવારના ૧૦ વાગ્યાથી સાંજના પાંચ સુધી હાજીઓને/હજીયાણી બહેનોને હજના વિશે ફઝાઈલ, મસાઈલ તથા હજનો પ્રેક્ટિકલી તરીકો ખૂબ જ આસાન ભાષામાં વરસોના અનુભવી મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી "હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી" થકી શીખવવામાં આવ્યો. હાજી સાહેબાને ખૂબ જ રસપૂર્વક હાજરી આપી ઈલ્મ હાંસલ કરવા પર તથા તર્બિયતની પધ્ધતિથી સંતુષ્ઠ થઈને ખુશી વ્યક્ત કરી હતી. સૂરત ખાતે તા. ૧૪–૭–૨૦૧૯ના રોજ સવારથી અસર સુધી કારી રિઝવાનખાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ) તથા સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ હજજની તર્બિયત હાજીઓમાં કરી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ–૨૦૨૦



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૯નું બુકીંગ ચાલુ છે

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક

પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.